દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 144 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 June 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૯ જૂન ૨૦૨૫, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## મોદીની ટ્રમ્પને સ્પષ્ટ વાત

# ‘ભારત ક્યારેય મધ્યસ્થી નહિ સ્વીકારે’

### ▶ ‘પાકની વિનંતિને લીધે જ હુમલા રોક્યા હતા’ ▶ અમેરિકાનું આમંત્રણ વડા પ્રધાને ઠુકરાવ્યું

કાનનાસકિસ (કેનેડા): ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મંગળવારે ફોન પર વાત કરી હતી અને તેમાં સ્પષ્ટતા કરી હતી કે ભારતે કોઇની મધ્યસ્થીને લીધે કે અમેરિકા સાથેના વેપાર-સોદાને લગતી ઑફરને કારણે પાકિસ્તાન પરના હુમલા નહોતા રોક્યા, પરંતુ ભારતે ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ પાકિસ્તાન પર કરવામાં આવતા હુમલા ઇસ્લામાબાદની વિનંતિને લીધે જ અટકાવ્યા હતા.

મોદીએ ટ્રમ્પની સાથે મંગળવારે ફોન ઉપર ૩૫ મિનિટ વાત કરી હતી અને ‘ઑપરેશન સિંદૂર’ અંગે માહિતી આપી હતી.

વડા પ્રધાને સ્પષ્ટ શબ્દોમાં ટ્રમ્પને જણાવી દીધું હતું કે અમે આવા કિસ્સામાં ભૂતકાળમાં પણ કોઇની મધ્યસ્થી સ્વીકારી નહોતી અને ભવિષ્યમાં પણ નહિ સ્વીકારીએ.

ભારતે પાકિસ્તાન સામે ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ લશ્કરી કાર્યવાહી ગયા મહિને હાથ ધરી હતી, તે પછી મોદી અને ટ્રમ્પે મંગળવારે સૌપ્રથમ વખત વ્યાપક મંત્રણા કરી હતી.


ડોનલ્ડ ટ્રમ્પે મોદીને કેનેડામાંની ‘જી-૭’ના સભ્ય દેશોની શિખરમંત્રણા બાદ પાછા ફરતી વખતે અમેરિકા આવવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ મોદીએ અમેરિકાનું આ આમંત્રણ પોતાના અગાઉથી નક્કી થયેલા બીજા કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને નકાર્યું હતું.

મોદીએ ટ્રમ્પને ચાલુ વર્ષે યોજાનારી ‘ક્વૉડ’ના સભ્ય દેશોની શિખર પરિષદમાં ભાગ લેવા માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. ઇઝરાયલ અને ઇરાન

(જુઓ પાનું ૨) ▶▶









# ગુજરાતના ૧૧ ડેમ હાઈ ઍલર્ટ પર

### ૧૫ નદીઓ ઓવરફ્લો, સરદાર ડેમ ૫૧.૫૬ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ ધડબડાટી બોલાવી રહ્યો છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે ૧૬મી જૂનથી ૧૮ જૂનના સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં કુલ ૧૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. ભારે વરસાદથી સરદાર સરોવર ડેમમાં હાલ ૧૭૨૨૬૭ મિલિયન ક્યુબિક ફીટ પાણીનો સંગ્રહ થયો. જે કુલ ક્ષમતાના ૫૧.૫૬ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ સાથે જ અન્ય ડેમની વાત કરીએ તો ગુજરાતનાં કુલ ૨૦૯ ડેમમાંથી ૧૧ ડેમ હાઈ એલર્ટ પર છે, જ્યારે ૧૩ ડેમ એલર્ટ પર અને ૧૦ ડેમ વૉર્નિંગ પર છે અને ૦૯ ડેમ ૧૦૦ ટકા ભરેલા છે.

મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં ૧૬મી

(જુઓ પાનું ૨) ▶▶

# ૮૩ તાલુકામાં મેઘમહેર

### સૌથી વધુ ડાંગના સુબીરમાં ૩.૧૯ ઈંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાનું ધમાકેદાર આગમન થયું છે. રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ ચાલુ છે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે બુધવારે સવારે ૬ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં ગુજરાતના ૮૩ તાલુકામાં

(જુઓ પાનું ૨) ▶▶






# પુણે નજીક ટેમ્પો-કાર અથડાતાં આઠ જણનાં મોત

મુંબઈ: પુણે નજીક જેજુરી-મોરગાંવ રોડ પર બુધવારે ટેમ્પો સાથે કાર ભટકાતાં આઠ જણનાં મોત થયાં હતાં, જ્યારે બે બાળક અને મહિલા સહિત પાંચ જણ ઘવાયાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ જેજુરી-મોરગાંવ રોડ પર કિર્લોસ્કર કંપની નજીક શ્રીરામ ઢાબા પાસે બુધવારે સાંજના ૭.૨૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. ઢાબા નજીક ટેમ્પો ઊભો રાખવામાં આવ્યો હતો અને તેમાંથી સામાન ઉતારવામાં આવી રહ્યો હતો. એ સમયે પુણેથી મોરગાંવ જતી કારે ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી.

કારે ટેમ્પોને ટક્કર માર્યા બાદ તે અન્ય કાર સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં ટેમ્પોમાંથી સામાન ઉતારી રહેલા બે જણ, ઢાબા પાસે ઊભેલા ત્રણ જણ તથા કારમાં હાજર ત્રણ જણને ગંભીર ઇજા પહોંચી હતી અને તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા પાંચ જણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# ત્રાસવાદ સામે વૈશ્વિક સ્તરે સંયુક્ત પગલાં માટે મોદીની હિમાયત

### ‘એઆઇથી તૈયાર કરાયેલા ફોટા પર વૉટર-માર્કિંગ ફરજિયાત બનાવો’

કાનનાસકિસ (કેનેડા): ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં જી-૭ના સભ્ય દેશોના નેતાઓને સંબોધતા ત્રાસવાદીઓ અને તેને ટેકો આપનારા લોકો સામે વૈશ્વિક સ્તરે સંયુક્ત અસરકારક પગલાં લેવાની હિમાયત કરી હતી.

અહીં જી-૭ના નેતાઓની બેઠકને મંગળવારે સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે ત્રાસવાદને ટેકો અને અન્ય સહાય આપતા દેશોને પણ ત્રાસવાદી કૃત્ય માટે સરખા જવાબદાર ગણવા જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે શાંતિ સ્થાપવા અને સમૃદ્ધિ લાવવા માટે આપણા વિચાર અને નીતિ સ્પષ્ટ હોવા જોઇએ. ત્રાસવાદને ટેકો આપતા દેશોએ તેની કિંમત ચૂકવવી જ પડશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે એક બાજુ, આપણે ત્રાસવાદને નાથવા વિવિધ પ્રકારના પ્રતિબંધ કે નિયંત્રણ લાદીએ છીએ, પરંતુ બીજી બાજુ ત્રાસવાદને ખુલ્લેઆમ ટેકો આપતા દેશોને સહાય પણ કરાય છે.

મોદીએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકાના હસ્તક્ષેપથી મિડલ ઈસ્ટમાં પૂર્ણ યુદ્ધ ચાલુ થશે: ઈરાન

દુબઈ : ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ બુધવારે એવી ચેતવણી આપી હતી કે ઈઝરાયલના અમારા દેશ પરના હુમલામાં અમેરિકા દરમિયાનગીરી કરશે તો ‘પૂરા કદનું યુદ્ધ’ ફાટી નીકળશે. ઈસ્માઈલ બાઘેઈએ અલ જઝીરા અંગ્રેજી ચેનલમાં આપેલી મુલાકાતમાં આ ટિપ્પણી કરી હતી. તેમણે આ જંગ પછી પહેલી મુલાકાત આપી હતી. તેમણે કહ્યું હતું કે જંગમાં અમેરિકાનો હસ્તક્ષેપ એ આખા પ્રદેશમાં પૂરા કદના યુદ્ધમાં ફેરવી નાખશે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શરૂઆતમાં ઈરાન પરના ઈઝરાયલના આક્રમણથી

(જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસે મોદી પર ભરોસો રાખવો જોઈએ, મહાજૂઠા ટ્રમ્પ પર નહીં

**કાશ્મીરના** પહલગામમાં પાકિસ્તાનના પીઠ્ઠુઓએ કરેલા આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા ઓપરેશન સિંદૂર હાથ ધરીને પાકિસ્તાનની હાલત બગાડી નાખેલી. તેનાથી ડરીને પાકિસ્તાને ભારતને આજીજી કરી પછી ભારતે પાકિસ્તાનની દયા ખાઈને યુદ્ધવિરામ સ્વીકારેલો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સાવ ટાઢા પહોરનું ગપ્પું હાંકીને દાવો કરેલો કે, અમેરિકાની મધ્યસ્થીથી ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો છે.

ટ્રમ્પે મોટો મીર માર્યો હોય એમ ફિશિયારી મારી હતી કે, પોતે ભારત અને પાકિસ્તાનને બિઝનેસ બંધ કરવાની ધમકી આપી તેનાથી ડરીને બંનેએ યુધ્ધવિરામ માટે માનવું જ પડ્યું. ભારતે ટ્રમ્પની વાતને નકારી કાઢેલી ને સાફ શબ્દોમાં કહેલું કે, ભારત પાકિસ્તાન જ નહીં પણ કોઈ પણ બીજા દેશ સાથેના વિવાદમાં ત્રીજા પક્ષની મધ્યસ્થી નથી સ્વીકારતું પણ આપણે ત્યાં કૉંગ્રેસ સહિતના વિપક્ષો કાગારોળ મચાવ્યા કરે છે કે, નરેન્દ્ર મોદી સરકારે ટ્રમ્પ સામે ઘૂંટણ ટેકવી દીધા અને અમેરિકાની મધ્યસ્થી સ્વીકારીને પાકિસ્તાનને પાઠ ભણાવીને પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) છિનવી લેવાની સુવર્ણ તક ગુમાવી દીધી.

મોદીએ વિપક્ષોની આ વાતનો જવાબ આપતાં ડોનલ્ડ ટ્રમ્પને સ્પષ્ટપણે કહી દીધું છે કે. ભારત કોઈપણ સંજોગોમાં કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારતું નથી. ભૂતકાળમાં અમે કોઈની મધ્યસ્થી સ્વીકારી નથી ને અત્યારે પણ નથી સ્વીકારતા. મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત થઈ એ ફોન પર થઈ છે અને આ ફોન ટ્રમ્પે કર્યો હતો. કેનેડામાં જી-૭ સમિટમાં મોદી અને ટ્રમ્પ મળવાના હતા પણ ટ્રમ્પ વહેલા ભાગી ગયા તેથી મોદી-ટ્રમ્પ ના મળી શક્યા.

ઇઝરાયલ-ઈરાન કટોકટીને બહાને ટ્રમ્પ કેનેડાથી નીકળી ગયા તેથી મોદી-ટ્રમ્પની નિર્ધારિત રૂબરૂ મુલાકાત થઈ શકી ન હતી એટલે જી૭ સમિટ દરમિયાન ફોન પર ટ્રમ્પને સીધા શબ્દોમાં આ વાત કહી દેવામાં આવી. આ ફોન ટ્રમ્પે કર્યો હતો અને લગભગ ૩૫ મિનિટની વાતચીત દરમિયાન મોદીએ ભારતની નીતિ સ્પષ્ટ કરીને તડ ને ફડ કરીને કહી દીધું કે, કાશ્મીર અથવા પાકિસ્તાન સંબંધિત મુદ્દા પર ભારતનું વલણ સ્પષ્ટ જ છે કે, આ બધા દ્વિપક્ષીય મુદ્દા છે અને કોઈપણ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકાર્ય નથી.

મોદીએ ટ્રમ્પને એ પણ કહી દીધું છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા સમય પહેલાંના લશ્કરી તણાવમાં ને પછી સ્વીકારાયેલા યુદ્ધવિરામમાં અમેરિકા કે અન્ય કોઈ દેશની મધ્યસ્થી નથી. સરહદ પર લશ્કરી કાર્યવાહી રોકવા અંગેની વાટાઘાટો બંને દેશોની સેનાઓ વચ્ચે પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી લશ્કરી ચેનલો દ્વારા થઈ હતી અને આ વાટાઘાટો પણ પાકિસ્તાનની પહેલ પર થઈ હતી.

મોદી સરકારે સત્તાવાર રીતે ટ્રમ્પને સુણાવી દીધું તેની વિગતો વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આપી પછી કૉંગ્રેસને તેની સામે પણ વાંધો પડ્યો છે. કૉંગ્રેસનું કહેવું છે કે, મોદી ૩૭ દિવસ સુધી ચૂપ હતા ને હવે ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી તેમાં ભારત કોઈની મધ્યસ્થી નહીં સ્વીકારે એવો દાવો કરી રહ્યા છે એ હાસ્યાસ્પદ છે. કૉંગ્રેસના કહેવા પ્રમાણે, પાકિસ્તાનની આર્મી ચીફ આસીમ મુનિર અમેરિકામાં છે અને ડોનલ્ડ ટ્રમ્પે તેમને વાઈટ હાઉસમાં લંચ માટે બોલાવીને મોદી સરકારને ત્રીજો ઝાટકો આપ્યો તેની નાલેશીથી બચવા સરકાર આ વાતો કરી રહી છે. કૉંગ્રેસના કહેવા પ્રમાણે, ટ્રમ્પે વારંવાર મધ્યસ્થી કરી હોવાનું કહીને ભારતને પહેલો ઝટકો આપેલો. એ પછી અમેરિકાના લશ્કરના ટોચના અધિકારીએ પાકિસ્તાનને આતંકવાદ સામેની લડાઈમાં મહત્ત્વનું સાથી ગણાવીને વખાણ કરીને બીજો ઝાટકો આપેલો ને હવે મુનિરને લંચ પર બોલાવીને ત્રીજો ઝાટકો આપ્યો છે.

કૉંગ્રેસની વાતો હાસ્યાસ્પદ છે. કૉંગ્રેસ હજુય ટ્રમ્પના જૂઠાણાને સાચું સાબિત કરવા મથ્યા કરે છે એ જોઈને હસવું આવે છે. ટ્રમ્પ જૂઠાણાં ચલાવવામાં ચેમ્પિયન છે અને રોજ સવાર પડે ને કોઈ ને કોઈ જૂઠાણું તેમના મોંમાંથી બહાર આવે છે. તેના કારણે ટ્રમ્પ દુનિયામાં હાસ્યાસ્પદ બની ગયા છે ને કોઈ તેમની વાત પર ભરોસો કરતું નથી પણ કૉંગ્રેસ તેમની વાત પર ભરોસો કરે છે. કૉંગ્રેસના ભારતના વડા પ્રધાનની વાત પર ભરોસો નથી પણ મહાજૂઠા ટ્રમ્પની વાત પર ભરોસો છે એ જોઈને આઘાત લાગે છે. ભારતે સત્તાવાર રીતે કહ્યું કે, ટ્રમ્પની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો નથી જ્યારે અમેરિકાએ સત્તાવાર રીતે કદી એવું કહ્યું નથી કે, અમારી મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો છે. જે વાતો ચાલે છે એ બધી ટ્રમ્પ જ ચલાવે છે છતાં કૉંગ્રેસને ટ્રમ્પ સાચા લાગે છે તો આપણે શું કરી શકીએ? જૈસી જિસ કી સોચ.

કૉંગ્રેસને ટ્રમ્પ પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનિરને વાઈટ હાઉસમાં લંચ માટે નોંતરે એ બહુ મોટી વાત લાગે છે. કૉંગ્રેસ એ મુદ્દે મોદી પર કટાક્ષ કરી રહી છે ત્યારે કૉંગ્રેસે થોડો ઈતિહાસ પણ યાદ કરી લેવાની જરૂર છે. કૉંગ્રેસના શાસન વખતે પાકિસ્તાનના સત્તાધીશોનું અમેરિકામાં કેવું સ્વાગત થતું હતું એ કહેવાની જરૂર નથી. અમેરિકા એ વખતે પાકિસ્તાનને અછોવાનાં કરતું ને પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓને લાડ લડાવતું. આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાન બહુ મદદ કરે છે એવું કહીને ભરપેટ વખાણ કરતું ને છતાં કૉંગ્રેસ સરકારો ચૂપચાપ બધું જોતી જ હતી અને અમેરિકા સાથે સારા સંબંધો પણ રાખતી જ હતી.

અમેરિકા અને ભારતના સંબંધોમાં સીમાચિહ્નરૂપ મનાતા પરમાણુ કરાર ૨૦૦૮માં ડો. મનમોહનસિંહના શાસન વખતે જ થયા હતા. મુંબઈના ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટથી માંડીને ૨૦૦૮ના મુંબઈ પરના ભીષણ આતંકવાદી હુમલા સુધીની ઘટનાઓ કૉંગ્રેસના શાસનમાં જ બની હતી. એ વખતે પાકિસ્તાન અમેરિકાના ખોળામાં બેઠેલું હતું એટલે ભારતે ઢગલો પુરાવા આપ્યા છતાં અમેરિકાએ પાકિસ્તાનને કશું નહોતું કર્યું. એ છતાં કૉંગ્રેસ સરકારોએ ના તો અમેરિકા સાથેના સંબંધો તોડેલા કે ના પાકિસ્તાનના સંબંધો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. હવે ટ્રમ્પે એક જૂઠાણું ચલાવ્યું તેનું પૂંછડું પકડીને કૉંગ્રેસ બેસી ગઈ છે.

કૉંગ્રેસે પોતાની માનસિકતા બદલવાની જરૂર છે. માત્ર મોદીની ખામીઓ શોધીને ટીકાઓ કર્યા વિના કૉંગ્રેસે થોડાંક હકારાત્મક કામો પણ કરવાં જોઈએ. વિપક્ષ તરીકે કૉંગ્રેસ મોદી સરકારની ખામીઓ શોધે કે મોદીની પણ ટીકા કરે તેમાં કશું ખોટું નથી પણ એ ટીકા પણ દમવાળી હોવી જોઈએ. કૉંગ્રેસ એ નથી કરી રહી ને પાણીમાંથી પોરા કાઢવાનો ધંધો કરી રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૧૯-૬-૨૦૨૫, પંચક

- ભારતીય દ્દિનાંક ૨૯, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૩-૧૬ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૪૩
- ઓટઃ સવારે ક. ૧૧-૨૬, મધ્યરાત્રે ક. ૧૨-૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-અષ્ટમી. પંચક, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અહિર્બુધ્ન્ય દેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પ્રયાણ મધ્યમ, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી, નવા વસ્ત્રો, આભૂષણ, બાળકને અન્નપ્રાશન, દેવદર્શન, નામકરણ, મિત્રતા કરવી. સીમંત સંસ્કાર, મિલકત લેવડદેવડ, ધાન્ય ભરવું, ખેતીવાડી, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર જમીન, પશુ લેવડદેવડ,
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ નાણાં વિશે સજાગ રહેવું જરૂરી, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ બેપરવાહ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ ભાવનાપ્રધાન, ગુરુ-નેપ્ચૂન ચતુષ્કોણ આવેશયુક્ત
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ગુરુ-નેપ્ચૂન ચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# પૂરી કરતા ખુદા સબ મુરાદે તો ઈબાદત કી કભી જરૂરત ન હોતી

**પવિત્ર** કુરાન ઘોષણા કરે છે,

* ઓ મુસ્લિમ પુરુષો અને સ્ત્રીઓ,
* શ્રદ્ધાળુ પુરુષો અને સ્ત્રીઓ,
* સત્યવાદી પુરુષો અને સ્ત્રીઓ,
* ધૈર્યવાન અને દૃઢ પુરુષો અને સ્ત્રીઓ,
* વિનમ્ર પુરુષો અને સ્ત્રીઓ,
* દાનધર્મી પુરુષો અને સ્ત્રીઓ,
* રોજા રાખતા પુરુષો અને સ્ત્રીઓ,
* ગુપ્તાંગોનું રક્ષણ કરતા પુરુષો અને સ્ત્રીઓ,
* અલ્લાહની પ્રસંશામાં સમય વિતાવતા પુરુષો અને સ્ત્રીઓ...!

- તમારા માટે અલ્લાહે ક્ષમા અને પુરસ્કાર તૈયાર રાખ્યા છે...! (ગુજરાતી ભાવનુવાદ 'અહઝબ' ૩૩:૭૫)

- કુરાન કરીમનો આ સંદેશો સઘળા પુરુષો અને સ્ત્રીઓ માટે છે.

- દીને ઈસ્લામ માત્ર મુસ્લિમ પુરુષો અને સ્ત્રીઓ માટે જ નથી. તે સમગ્ર માનવજાત માટે છે.

- પુરુષો અને સ્ત્રીઓ સદ્‌ગુણો ગ્રહણ કરવા અને સદ્‌કર્મો કરવા સક્ષમ છે.

* અલ્લાહના આદેશોનું પાલન કરતા સર્વ કોઈ તેની કૃપા અને પુરસ્કારથી નવાજીશ, સન્માનિત થઈ શકે છે.

* શ્રદ્ધાળુઓએ જીવનમાં વણી લેવા જેવા, યોગ્ય અને અગણ્ય ખૂબીઓ પવિત્ર કુરાનમાં છે, કુરાનના પ્રકરણોમાં ઉપલબ્ધ છે.

- તેમાંથી પાંચ અધિતીય ખૂબીઓ પસંદ કરી તેનો સંક્ષિપ્ત ચિતાર આ કોલમને છ દાયકા કરતા પણ વધુ સમયથી વાચતા શ્રદ્ધાળુઓ વાચક મિત્રો માટે પ્રસ્તુત છેઃ

૧. મુસ્લિમઃ આ વ્યક્તિ ઈસ્લામની અનુયાયી છે.

- તે અલ્લાહને સંપૂર્ણ સમર્પિત છે. તેના પ્રત્યેક કાર્યમાં તે કેન્દ્રમાં છે, તેના દરેક શ્વાસોશ્વાસમાં અલ્લાહનો વાસ છે. તે અલ્લાહથી જ યાચના કરે છે. વિકટ કાળમાં તે બંદાની નહીં પરંતુ અલ્લાહની જ સહાય ઈચ્છે છે. અલ્લાહથી તે ભૌતિક વસ્તુઓ નથી માગતા, તે માગે છે.

- અલ્લાહની એકધારી સ્તુતિ કરવાનું બળ અને પ્રમાણિકતાથી આયુષ્ય વ્યતીત કરવાની હિંમત.

૨. મુમીનઃ આ વ્યક્તિ અલ્લાહ પ્રત્યે પ્રગાઢ આસ્થા ધરાવે છે.

- તેને અલ્લાહનું કોઈ પર્યાય અથવા તેની તુલનાની કોઈ શક્તિ માન્ય નથી. તેની બાહ્ય અને આંતરિક વર્તણૂક સનિષ્ટ છે.

- ઈમાનનો અર્થ છે દૃઢતાથી કોઈ પણ શંકા વગર અતઃકરણથી સ્વીકાર. ઈમાન, અલ્લાહમાં આસ્થા અને વિશ્વાસનું નામ છે, તે તન, મન અને ધન અલ્લાહના નામ પર ન્યોચ્છવાર કરે છે. તે સહિષ્ણુ છે. અન્યોની ટીકા - ટિપ્પણીથી દૂર રહે છે. તેની વાણીમાં મીઠાશ અને મૃદતા છે, તે નિરાભિમાની, આડંબર રહિત અને સીધી - સાદી વ્યક્તિ છે.

૩. કવેનીતઃ આ વ્યક્તિ આજ્ઞાંકિત અને ભાવુક છે.

- તે અલ્લાહ પ્રતિ સદા જાગૃત છે. કુનુતનો અર્થ છે ઘણી જ નમ્રતાથી ભક્તિ અને આજ્ઞાપાલન. અલ્લાહના આદેશાધિન જીવન તેનું એક માત્ર ધ્યેય છે. ભક્તિ દરમિયાન તેનું મન ભટકતું નથી અને ભૌતિક હિસાબ - કિતાબ નથી કરતી. અલ્લાહ વિષે એકાગ્રતા અજબ હોય છે. બાહ્ય આકર્ષણોથી મુક્તિ પ્રાપ્ત કરી આંતરિક શાંતિ ગ્રહણ કરી સર્જક સાથે સંવાદ સાધે છે તેને ભક્તિના વળતરની કશી જ અપેક્ષા નથી.

૪. સાદીકઃ આ વ્યક્તિ સત્ય અને સત્વની પંથક છે.

- સત્ય અને સત્વ બંન સદકમાં સમાયેલા છે.

- ઘણી વખત સદક અને અમાનાહ સાથે બોલાય છે. ઈસ્લામની આ પ્રાથમિકતા છે. આ બંને ગુણો હોય ત્યાં પવિત્રતા હોય. અલ્લાહને ગમતું આ વાતવરણ છે. પયગંબર સાહેબ કહે છે કે, જ્યારે કોઈ વ્યક્તિ ધર્મથી વિમુખ થાય છે ત્યારે પ્રથમ ભોગ પ્રમાણિકતાનો લેવાય છે અને અંતે તે વ્યક્તિથી અળગો થાય છે.

૫. સબીરઃ આ વ્યક્તિ ધૈર્યવાન અને અડગ હોય છે.

- સબ્રનો અર્થ છે ધૈર્ય અને ખંતીલાપણું.

- ધ્યેય સિદ્ધ થતા પર્યંતે તે સતત પ્રયત્નશીલ રહે છે. સુખમાં છલકાય ન જાય અને દુઃખમાં તણાય ન જાય. તડછો છાયડો તેને મન એક જ.

- જીવનના ચડાવ - ઉતરાણ સહજતાથી સ્વીકારે,
- અલ્લાહ રાખે તેમ રહે.
- ધૈર્ય તેને સહિષ્ણુતા પ્રતિ દોરે છે.
- વિવાદ ટાળી કટુતા નિવારે છે.
- કોઈ જોડે વિવાદ થાય તો પહેલા આવતી ગલીમાં વળી જાય છે જેથી નકામી પળ મટે.
- જીવો અને જીવવા દ્યો તેનો અભિગમ હોય છે.

– આબિદ લાખાણી

### સાપ્તાહિક સંદેશઃ

- ફરમાવવામાં આવેલ છે કે,

* અય ઈન્સાન!

* તુ અલ્લાહને તારાં સત્ય કાર્યોથી દોસ્ત બનાવજે.

* અલ્લાહ સાથે મિત્રતા કેળવાતા તેણે સર્જેલ સઘળી નેઅમતો; દેણગી તારી તાબેદારીમાં રહેશે.

* રબ, રોજી - રોજગાર, પાલનહાર ઈશ્વર, અલ્લાહ સારાં કાર્યો કરનારને દોસ્ત રાખે છે.

* અલ્લાહ ઈન્સાનને જે દુઃખદર્દ આપે છે તે પરિણામે તેની ભલાઈ માટે જ હોય છે.

* જેમ એક ડૉક્ટર શરીરના વેદનાભર્યા, જખમવાળા હિસ્સાને નાબૂદ કરવા સર્જરી દ્વારા વધુ વેદના પહોંચાડે છે, પરંતુ પરિણામે વેદનાનો અંત આણવા તે સર્જરી જ નિમિત્ત બને છે તે ડૉક્ટર મરીઝનો દુશ્મન નથી. એ મુજબ,

- અલ્લાહ પણ કોઈનું અહિત કરનાર નહીં, પણ દુઃખદર્દ, વેદનાને હરનાર છે.

- એક જાણીતા ઉર્દૂ શાયરે સરસ કહ્યું છેઃ -

આંસુ ન હોતે તો
આંખે ઈતની ખૂબસૂરત ન હોતી,
દર્દ ન હોતે તો
ખુશિયાં કી કિંમત ન હોતી,
પૂરી કરતા ખુદા સબ મુરાદે
તો ઈબાદત કી કભી જરૂરત ન હોતી. ■

# ગુજરાતીમાં મયૂર ખાવડુ અને કીર્તિદા બ્રહ્મભટ્ટને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

## પ્રીતિ પૂજારાને સંસ્કૃત માટે એવૉર્ડ મળ્યો

નવી દિલ્હીઃ ગુજરાતી લેખક મયૂર ખાવડુ અને ગુજરાતી લેખિકા કીર્તિદા બ્રહ્મભટ્ટ સહિત ૨૩ લેખક-લેખિકાને સાહિત્ય અકાદમીના પુરસ્કાર માટે પસંદ કરાયા હોવાની જાહેરાત બુધવારે કરાઇ હતી. પ્રીતિ પૂજારા અને ધીરજકુમાર પાણ્ડેયને સંસ્કૃત ભાષા માટે આ પુરસ્કાર અપાશે.

વિજેતાઓને આ પુરસ્કારમાં રૂપિયા ૫૦,૦૦૦ અને તામ્રપત્ર અપાશે.

મરાઠીમાં પ્રદીપ કોકરે અને સુરેશ સાવંતને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે.

સિંધીમાં મંથન બચાણી અને હીના અગનાની 'હીર'ને આ એવૉર્ડ માટે પસંદ કરાયા છે.

સાહિત્ય અકાદમીના પ્રમુખ માધવ કૌશિકે ૨૩ લેખક-લેખિકાના નામને આ પુરસ્કાર માટે બહાલી આપી હતી.

રાજસ્થાનીમાં પૂનમચંદ ગોદરાને આ એવૉર્ડ અપાશે.

યુવા પુરસ્કારમાં મયૂર ખાવડુ (ગુજરાતી) ઉપરાંત સુપ્રકાશ ભૂયાન (આસામી), સુદેશના મોઇત્રા (બંગાળી), આર. દિલીપકુમાર (કન્નડ), નેહા ઝા મણિ (મૈથિલી), અખિલ ધર્મજન (મલયાલમ), પ્રદીપ કોકર (મરાઠી), પ્રસાદ સૂરી (તેલુગુ)ને સાહિત્ય અકાદમીના યુવા પુરસ્કાર માટે પસંદ કરાયા છે.

સાહિત્ય અકાદમીના બાળ સાહિત્ય પુરસ્કાર માટે કીર્તિદા બ્રહ્મભટ્ટ (ગુજરાતી), સુરેશ સાવંત (મરાઠી), રાજકિશોર (ઓડિયા), ભોગીલાલ પાટીદાર (રાજસ્થાની), પ્રીતિ પૂજારા (સંસ્કૃત), શિવલિંગપ્પા હાંડીહાલ (કન્નડ), નયના આદરકર (કોંકણી), મુન્ની કામત (મૈથિલી), હરલાલ મુર્મૂ (સંથલી), વિષ્ણુપૂરમ સર્વાનન (તમિળ), ગંગીશેટ્ટી શિવકુમાર (તેલુગુ)ને પસંદ કરાયા છે.

ડોગરી ભાષામાં આ વર્ષે કોઇને સાહિત્ય અકાદમીનો યુવા પુરસ્કાર નથી અપાયો. (એજન્સી) ■

# ઈઝરાયલના હુમલામાં ઈરાનમાં ૫૮૫ લોકોનાં મોત, માનવાધિકાર જૂથે કર્યો દાવો

દુબઈઃ ઈઝરાયલે બુધવારે વહેલી સવારે ઇરાનની રાજધાની પર હવાઈ હુમલો કર્યો હતો. એક માનવાધિકાર જૂથે જણાવ્યું હતું કે ઈઝરાયલના હુમલામાં સમગ્ર ઈરાનમાં ઓછામાં ઓછા ૫૮૫ લોકો માર્યા ગયા હતા અને ૧,૩૨૬ અન્ય ઘાયલ થયા હતા.

વોશિંગ્ટન સ્થિત જૂથ હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સે જણાવ્યું હતું કે તેણે ઈઝરાયલી હુમલામાં માર્યા ગયેલા લોકોમાંથી ૨૩૯ નાગરિકો અને ૧૨૬ સુરક્ષા કર્મચારીઓની ઓળખ કરી છે. આ જૂથે મહસા અમીનીના મૃત્યુ પર ૨૦૨૨ના વિરોધ પ્રદર્શન દરમિયાન વિગતવાર જાનહાનિના આંકડા પણ પૂરા પાડ્યા હતા.

ઈરાન યુદ્ધ દરમિયાન નિયમિત મોતના આંકડાઓ જાહેર કરી રહ્યું નથી અને ભૂતકાળમાં મૃતકોની સંખ્યા ઓછી બતાવી હતી. સોમવારે જાહેર કરાયેલા તેના છેલ્લા અપડેટમાં, મૃત્યુઆંક ૨૨૪ હતો અને ૧,૨૭૭ અન્ય ઘાયલ થયા હતા.

આ ક્ષેત્રમાં અનિશ્ચિતતાનો માહોલ છે અને ઈરાનના સૈન્ય અને પરમાણુ કાર્યક્રમના ઉદ્દેશ્યથી ઈઝરાયલના હવાઇ હુમલાના છઠ્ઠા દિવસે તહેરાનના લોકો મોટી સંખ્યામાં ઘરમાંથી ભાગી ગયા હતા. ઇઝરાયલે દાવો કર્યો હતો કે તેણે ઇરાનને પરમાણુ હથિયાર બનાવવાની નજીક પહોંચતા અટકાવવા માટે તેની હવાઈ કાર્યવાહી શરૂ કરવી પડી હતી. ઇરાન અને અમેરિકા તહેરાનના કાર્યક્રમ પર નવા રાજદ્વારી કરારની શક્યતા પર વાટાઘાટો કરી રહ્યા હતા, જોકે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઇઝરાયલનું આ અભિયાન તેમણે વાટાઘાટો માટે નિર્ધારિત ૬૦ દિવસની મુદત પછી શરૂ કરાયું છે.

ઇરાન લાંબા સમયથી આગ્રહ રાખે છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ હતો, જોકે તે એકમાત્ર બિન-પરમાણુ-સશસ્ત્ર રાજ્ય હતું જેણે ૬૦ ટકા સુધી યુરેનિયમનું સંવર્ધન કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ નિરીક્ષક સંસ્થા આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી હજુ પણ દેશમાં મર્યાદિત હોવા છતાં નિરીક્ષણો કરી રહી હતી. યુએસ ગુપ્તચર એજન્સીઓએ પણ કહ્યું છે કે તેઓ માનતા નથી કે ઇરાન સક્રિય રીતે બોમ્બ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તહેરાનમાં ઘણી દુકાનો તેમજ પ્રાચીન ગ્રાન્ડ બજાર બંધ જોવા મળ્યા હતા. બજાર ફક્ત કટોકટીના સમયે જ બંધ થયું છે, જેમ કે ૨૦૨૨ના સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો અને કોરોના વાયરસ મહામારી દરમિયાન આ બજાર બંધ રહ્યું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના ૧૧ ડેમ

જૂનના રોજથી ચોમાસાની પધરામણી થઈ હતી. ૧૮ જૂન સવારે ૬ વાગ્યા સુધીમાં કુલ એકંદર ૯૨.૩૯ મિમી વરસાદ પડ્યો હતો. જે સરેરાશ વરસાદની સામે ૧૦.૪૬ ટકા જેટલો થાય છે.

અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા વરસાદ નોંધાયો છે. જે બાદ કચ્છમાં ૧૭.૫૫ ટકા વરસાદ પડ્યો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા નોંધાયો છે.

ગુજરાતમાં વરસેલા ધોધમાર વરસાદને કારણે ૧૫ નદીઓ ઓવરફ્લો થઈ છે. જેમાં બોટાદની ઉતાવળી, ઘેલો, કેરી, પાડલિયો, સીતાપરી, બગડ તથા ભાવનગરની ઘેલો, કેરી, લિડીયા, ખળભળિયો નદીનો સમાવેશ થાય છે. ઓવરફ્લો તળાવની વાત કરીએ તો રાજ્યના ચાર તળાવનો સમાવેશ થાય છે. જેમાં બોટાદના રમાઘાટ, શિરવાણીયુ, ભીમોરી, અમૃત તળાવનો સમાવેશ થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૮૪ લોકોનું સ્થળાંતરણ કરવામાં આવ્યું છે. જ્યારે કુલ ૧૨૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે માછીમારોને ૧૮થી ૨૧ તારીખ સુધી દરિયો ન ખેડવા માટે સૂચના આપી છે. ■

### અમેરિકાના

પોતાને વેગળા રાખ્યા હતા.

જોકે હવે તેમણે અમેરિકાની વ્યાપક સંડોવણીનો અણસાર આપીને કહ્યું છે કે અમેરિકા યુદ્ધવિરામ કરતાં કંઈક વિશેષ ઈચ્છે છે. અમેરિકાએ મિડલ ઈસ્ટમાં વધુ પ્લેન મોકલ્યાં છે.

વિદેશમાં હજારો ઈઝરાયલીઓ રઝળી પડ્યા છે. જંગને લીધે પ્રદેશના હવાઈ ઉડ્ડયનોને ખોરવી નાખ્યા છે. (એજન્સી) ■

### ભારત ક્યારેય

વચ્ચે વધી રહેલા યુદ્ધને ધ્યાનમાં રાખીને ડોનલ્ડ ટ્રમ્પ 'જી-૭'ના સભ્ય દેશોની શિખર મંત્રણા અધવચ છોડી ગયા હતા. બાદમાં, ટ્રમ્પે મોદી સાથે વાતચીત કરવાનો આગ્રહ રાખતા બન્ને નેતાએ ફોન પર મંત્રણા કરી હતી.

ભારતના વડા પ્રધાને અમેરિકાના પ્રમુખને એમ પણ જણાવ્યું હતું કે પાકિસ્તાન જો ભારત પર ગોળી છોડશે, તો ભારત હવે તેના પર તોપગોળો છોડશે.

ભારતની લશ્કરી કાર્યવાહીને પગલે પાકિસ્તાને યુદ્ધ રોકવા સામેથી વિનંતિ કરી હતી. (એજન્સી) ■

### ૮૩ તાલુકામાં

વરસાદ ખાબક્યો હતો. જેમાં સૌથી વધુ ડાંગના સુબીરમાં ૩.૧૯ ઇંચ અને ગીર સોમનાથના વેરાવળમાં ૨.૧ ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે રાજ્યના ૧૧ તાલુકામાં એક ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો અને ૬૯ તાલુકામાં ૧ ઇંચ વરસાદ ખાબક્યો હોવાના અહેવાલ હતા. ૧૮ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦.૪૬ ટકા જેટલો નોંધાયો હતો. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા, કચ્છ વિસ્તારમાં ૧૭.૫૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫.૪૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની હવામાનની આગાહી મુજબ, બુધવારે ૧૮ જૂન વરસાદની આગાહી કરી હતી. જેમાં ગુજરાતના ૧૦ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ સિવાય, ૧૮ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૬ જિલ્લામાં યેલો એલર્ટ આપવામાં આવ્યું હતું. જ્યારે અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત, જૂનાગઢ, પોરબંદરમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, તાપી, સુરત, વલસાડ, દાદરા અને નગર હવેલી, દમણ, જામનગર, રાજકોટ, દ્વારકા, અમરેલી, ગીર સોમનાથ, અમરેલીમાં ઓરેન્જ એલર્ટ અને મહિસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગમાં યેલો એલર્ટ આપવામાં આવ્યું હતું. ■

### ત્રાસવાદ સામે

કરેલી હત્યાની ઘટનાને વખોડનારા દેશોનો આભાર માન્યો હતો અને સૌરઊર્જા સહિતની અક્ષયઊર્જાના ક્ષેત્રે, કુદરતી આફતનો સામનો કરવા માટે જરૂરી આંતરિક માળખું ઊભું કરવા અને બાયોફ્યુઅલ (જૈવિક-ઈંધણ), આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિતની ટેક્નૉલૉજી જેવા વિવિધ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર સાધવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે ડીપ-ફેક હાલમાં ચિંતાનો વિષય બની ગયો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)થી તૈયાર કરેલી માહિતી, ફોટા કે અન્ય વિગત પર વૉટર-માર્કિંગ કે એઆઇની મદદથી તૈયાર કરાયા હોવાનું લખાણ કે ચેતવણી ફરજિયાત બનાવવી જોઇએ. વડા પ્રધાને જી-૭ના સભ્ય દેશોની બેઠકમાં ભાગ લઇ રહેલા નેતાઓ સાથેના પોતાના ફોટાને સોશિયલ મીડિયા 'એક્સ' પર પોસ્ટ કર્યો હતો. (એજન્સી) ■

# પવઈ છલકાયું પણ બહુ હરખાવું કેમ નહીં?

**... કારણ આના પાણીનો ઉપયોગ માત્ર ઉદ્યોગો માટે થાય છેઃ ગયા વર્ષે આ તળાવ આઠમી જુલાઈએ છલકાયું હતું**



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોના કેચમેન્ટમાં નોંધપાત્ર વરસાદ હજી વરસ્યો નથી પણ મુંબઈના પૂર્વ ઉપનગરમાં આવેલું પવઈ તળાવ મંગળવારે વહેલી સવારના છલકાઈ ગયું હતું.

પવઈ તળાવ છલકાઈ ગયું છે છતાં હરખાવા જેવું નથી. પવઈનું પાણી પીવા માટે વાપરવામાં આવતું નથી, તેનું પાણી ફક્ત ઔદ્યોગિક વપરાશ તથા આરે કોલોનીમાં પીવા સિવાયના અન્ય ઉપયોગ માટે કરવામાં આવે છે.

પવઈ તળાવની પાણી સમાવવાની ક્ષણતા ૫૪૫ કરોડ લિટરની છે. છેલ્લા બે દિવસથી તળાવના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને પગલે તળાવ મંગળવારે વહેલી સવારના છ વાગે ભરાઈને વહેવા માંડ્યું હતું.

પવઈ એ કૃત્રિમ તળાવ હોઈ તેનું બાંધકામ ૧૮૯૦ની સાલમાં કરવામાં આવ્યું હતું. આ તળાવની પાણી સમાવવાની ક્ષણતા ૬.૬૧ કિલોમીટરની છે. તળાવ પૂરું ભરાઈ જાય ત્યારે તેમાં ૫૪૫.૫ કરોડ લિટર (૫,૪૫૫ મિલ્યન લિટર) પાણી હોય છે. પવઈ તળાવ ભરાઈ ગયા બાદ તેનું પાણી મીઠી નદીમાં ઠલવાય છે. ગયા વર્ષે આ તળાવ આઠ જુલાઈના છલકાયું હતું.

પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં મંગળવારે સવારના ૧૦.૧૯ ટકા એટલે કે ૧,૪૭,૪૮૮ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હતો. જોકે છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષે જળાશયોમાં પાણીનો જથ્થો વધારે છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૫.૩૫ ટકા એટલે કે ૭૭,૩૬૪ મિલ્યન લિટર અને ૨૦૨૩માં ૮.૨૩ ટકા એટલે કે ૧, ૧૯,૧૧૬ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હતો. જળાશયોમાં પાણીનું સ્તર ઓછું હોવા થતાં મુંબઈગરા પણ પાણીકાપ નહીં લાદતા રાજ્ય સરકારની મંજૂરી બાદ અપર વૈતરણાના રિઝર્વ સ્ટોકમાંથી સોમવાર ૧૬ જૂન, ૨૦૨૫થી પાણી આપવાનું ચાલુ કરવામાં આવ્યું છે. ■

# આજે પણ છે વરસાદી ઘાત

## મુંબઈ અને થાણેમાં છે યલો ઍલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારે મુશળધાર પડયા બાદ એક દિવસના વિરામ બાદ બુધવાર સવારથી ફરી વરસાદ ચાલુ થયો હતો. હવામાન વિભાગે મુંબઈ, થાણે સહિત રાયગડ જિલ્લામાં બાવીસ જૂન સુધી વરસાદ પડવાની ચેતવણી આપી છે.

મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું સક્રિય થઈ ગયું છે. બુધવાર સવારથી મુંબઈ સહિત થાણે, પાલઘર, કલ્યાણ-ડોંમ્બિવલીમાં વરસાદનું જોર રહ્યું હતું. મુંબઈમાં જોકે સતત વરસાદ પડવાને બદલે થોડો થોડો વિરામ લઈને પડી રહ્યો હોવાથી કોઈ પણ વિસ્તારમાં પાણી ભરાવાની ફરિયાદ આવી નહોતી. જોકે વરસાદને કારણે બુધવારે મધ્ય તથા પશ્ચિમ રેલવે તેના ટાઈમટેબલથી ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડી રહી હતી. તો સવાર-સાંજના સમયે વરસાદનું જોર થોડું વધારે હોવાથી હાઈવે સહિત અનેક જગ્યાએ રસ્તા પર ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ હતી.

હવામાન વિભાગે બાવીસ જૂન સુધી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં મુંબઈ માટે બુધવાર અને ગુરુવાર માટે યલો અલર્ટ આપ્યું હતું. તો ૨૦ અને ૨૧ જૂન માટે ગ્રીન અલર્ટ આપ્યું છે. થાણે માટે બુધવારના ઓરેન્જ અલર્ટ હતું એ મુજબ આખો દિવસ મુશળધાર વરસાદ રહ્યો હતો. તો ગુરવારના યલો અલર્ટ રહેશે. જયારે રાયગડ માટે બુધવાર બાદ ગુરુવાર માટે ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. પાલઘર માટે બુધવારના ઓરેન્જ અલર્ટ આપ્યા બાદ હવામાન વિભાગે ગુરવાર માટે યલો અલર્ટની ચેતવણી આપી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૮ જૂન સુધીમાં કોલાબામાં ૩૩૧ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૩૧૭ મિ.મી. વરસાદ પડી ચૂક્યો છે. આ વર્ષે ચોમાસાનું મુંબઈમાં વહેલું એટલે કે ૧૧ જૂનને બદલે ૨૬ મેના જ આગમન થઈ ગયું હતું. ■

# હૉંગકૉંગથી આવેલા સુરતના દંપતી સહિત ત્રણની ધરપકડઃ પચીસ કરોડનો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર હૉંગકૉંગથી આવેલા સુરતના દંપતી સહિત ત્રણ જણની ધરપકડ કરી કસ્ટમ્સના અધિકારીઓએ અંદાજે પચીસ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાવાળો ગાંજો જપ્ત કર્યો હતો.

કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) બુધવારે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ શાકિર શેખ (૪૪), તેની પત્ની તબસ્સુમ શેખ (૪૦) અને અલિફિયા યુસુફ રામપુરવાલા (૩૬) તરીકે થઈ હતી. શેખ દંપતી ગુજરાતના સુરત શહેરમાં વરિયાળી બજાર ખાતેના વતની છે, જ્યારે અલિફિયા ભાયંદરની રહેવાસી છે.

નશીલા પદાર્થની દાણચોરીની માહિતીને આધારે એઆઈયુના અધિકારીઓએ મંગળવારની રાતે હૉંગકૉંગથી ફ્લાઈટમાં મુંબઈ પહોંચેલા શેખ દંપતીને રોક્યું હતું. બન્નેના સામાનની તપાસ કરતાં તેમાંથી પચીસ પૅકેટ મળી આવ્યાં હતાં. ચકાસણીમાં એ પૅકેટમાં ગાંજો હોવાનું જણાયું હતું. દંપતી પાસેથી અંદાજે પચીસ કિલો ગાંજો જપ્ત કરાયો હતો, જેની કિંમત પચીસ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

શાકિર અને તબસ્સુમની પ્રાથમિક પૂછપરછમાં અધિકારીને જાણવા મળ્યું હતું કે આ ગાંજાનાં પૅકેટ ઍરપોર્ટના એક્ઝિટ ગેટ બહાર ઊભેલી એક મહિલાને આપવાનાં હતાં. માહિતીને આધારે અધિકારીઓએ છટકું ગોઠવ્યું હતું. દંપતી ઍરપોર્ટ બહાર નીકળ્યું ત્યારે પૅકેટ લેવા તેમની નજીક આવેલી મહિલાને અધિકારીઓએ પકડી પાડી હતી. મહિલાની ઓળખ અલિફિયા રામપુરવાલા તરીકે થઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રગ્સની ડિલિવરી માટે અલિફિયા વૉટ્સઍપ કૉલથી શેખના સંપર્કમાં બની હતી. વૉટ્સઍપ કૉલ લોગ્સ પુરાવા તરીકે તાબામાં લેવાયા હોવાનું અધિકારીનું કહેવું છે. સુરતનું દંપતી ઈઝી મનીના ચક્કરમાં ગાંજાની તસ્કરીમાં સંડોવાયું હોવાનું તપાસમાં જણાયું હતું. ■



# સર્વિસ ૨.૦ઃ ભારતની મૌન ક્રાંતિ સંપત્તિ સર્જનના ભાવિને નવો આકાર આપી રહી છે

**સચિન રેલેકર, સિનિયર ઈક્વિટી ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

ભારતનું આર્થિક પરિદશ્ય એક માળખાકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે-અને આ પરિવર્તનના કેન્દ્રમાં એક શક્તિશાળી છતાં શાંત શક્તિ છેઃ સર્વિસિસ સેક્ટર. સેવાઓ એટલે કે સર્વિસિસ આધુનિક જીવનનો આધારભૂત પાયો બની ગઈ છે, જે અપ્રતિમ સગવડ અને સુલભતા પૂરી પાડવા માટે સતત વિકસતી રહી છે. ડિજિટલ પેમેન્ટ પર યુપીઆઈની ક્રાંતિકારી અસરથી માંડીને કિફાયતી ડેટાની ઉપલબ્ધતા સુધી, આપણું દૈનિક જીવન સર્વિસ સેક્ટરની પ્રગતિ સાથે અત્યંત ઊંડાણપૂર્વક જોડાયેલું છે.

★ ફોર્મલાઈઝેશન + ટૅક્નોલૉજીઃ માળખાકીય પરિવર્તનનાં જોડિયાં એન્જિન

સેવા ક્ષેત્રનો ઉદય ફક્ત ચક્રીય નથી - તે માળખાકીય છે. ફોર્મલાઈઝેશન તથા ટૅક્નોલૉજી એ બે મોટા મૂલ્ય સર્જકો તેના ઉદયને વેગ આપી રહ્યા છે.

GSTનું અમલીકરણ સંગઠિત કારોબારીઓના હિસ્સામાં વધારો કરી રહ્યું છે. આવકના હિસ્સામાં ફેરફારની સાથે, સંગઠિત કારોબારીઓ કદના ફાયદાઓ દ્વારા બજાર હિસ્સો હાંસલ કરી રહ્યા છે. હોસ્પિટાલિટી ક્ષેત્રનું ઉદાહરણ જોઈએ તોઃ મોજમસ્તી અને આધ્યાત્મિક પર્યટન બંનેની માગને પહોંચી વળવા બ્રાન્ડેડ હોટેલ ચેઇન્સ ઝડપથી વિસ્તરણ કરી રહી છે. આરોગ્યસંભાળમાં, ઔપચારિક ડાયગ્નોસ્ટિક્સ અને હોસ્પિટલ ચેઇન્સ ટાયર-2 અને ટાયર-3 શહેરોમાં આગળ વધી રહી છે, જે પહોંચ અને વિશ્વસનીયતા બંને પૂરી પાડે છે.

આ દરમિયાન ટૅક્નોલૉજી, ઉત્પાદકતા અને પહોંચને નોંધપાત્ર ઉત્તેજન આપી રહી છે. સર્વિસિસ એ ડિજિટલ ડિસરપ્શનને સ્વાભાવિક રીતે અપનાવનાર અને તેની લાભાર્થી છે. મીડિયાને પુનઃવ્યાખ્યાયિત કરતા OTT પ્લેટફોર્મ હોય, લોન ઍક્સેસિબિલિટીને વેગ આપતી ફિનટેક કંપનીઓ હોય કે AI દ્વારા ડિલિવરીને વધુ બહેતર બનાવતી લોજિસ્ટિક્સ કંપનીઓ હોય, ટૅક્નોલૉજી હવે એનેબલર્સ નથી રહી તે એક બિઝનેસ મૉડેલ છે, જે બહાર જમવા જવાના અને ફૂડ ડિલિવરીના વધતા ટ્રેન્ડ્સ, ભારતના દ્વિતીય શ્રેણીના શહેરોમાં વિસ્તૃત ફ્લાઇટ કનેક્ટિવિટી અને હોમ ડિલિવરીની સરળ સુવિધા સુધી વિસ્તરે છે. હેલ્થકેર ક્ષેત્રે પણ સતત વધતી જાગરૂકતા હોસ્પિટલ સર્વિસિસ, ડોક્ટર સુધીની પહોંચ તથા નિદાનની ક્ષમતામાં સુધારો લાવી રહી છે, આ તમામ બાબતો વધુ બહેતર સેવાના અનુભવ અને કાર્યક્ષમ જીવનશૈલીમાં ફાળો આપે છે. નાણાકીય વર્ષ 2024માં સર્વિસ સેક્ટરે ભારતના જીડીપીમાં 55 ટકાનો નોંધપાત્ર ફાળો આપ્યો હતો, જે આ ક્ષેત્રની વૃદ્ધિને દર્શાવે છે. જો આપણે વર્તમાન પરિબળો પર નજર કરીએ તો, NSE 500 ઇન્ડેક્સના નફાના પૂલમાં સતત ફેરફાર દર્શાવે છે કે સર્વિસિસ હવે કોર્પોરેટ ઇન્ડિયાની નફાકારકતામાં મુખ્ય ફાળો આપે છે.

★ ભાવિ માર્ગ

ભારત હવે વિશ્વ માટે માત્ર બેક-ઑફિસ નથી રહ્યું. તે સેવા-આધારિત વપરાશનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે અને આ પરિવર્તન માત્ર પરંપરાગત ઉદ્યોગો કે ક્ષેત્રોને કારણે નથી આવ્યું, પરંતુ તે ભારતીય ગ્રાહકોની સમજ ધરાવતી આધુનિક યુગની ટૅક્નોલૉજી, ફોર્મલાઈઝ્ડ બિઝનેસિસને આભારી છે.

હવે સવાલ એ નથી કે શા માટે સર્વિસિસ જ? તેના બદલે હવે સવાલ એ છે કેઃ "તમારા ભવિષ્યનો કેટલો હિસ્સો તેમાં રોકાયેલો છે?"

સ્રોતઃ એક્સિસ એમએફ રિસર્ચ, એનએસઈ, બીએસઈ, બ્લૂમબર્ગ, જેફરીઝ, મોતીલાલ ઓસ્વાલ, મોર્ગન સ્ટેનલી, યસ સિક્યુરિટી, પર્યટન મંત્રાલય, એમપીપીએ - વાર્ષિક મિલિયન મુસાફરો, કંપનીના અહેવાલો

# એફડીના પૈસા ન મળ્યાઃ કો-ઓપરેટિવ સોસાયટીની ઓફિસ બહાર ખેડૂતનો ગળાફાંસો

છત્રપતિ સંભાજીનગરઃ બીડ જિલ્લામાં કો-ઓપરેટિવ સોસાયટી ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) પાછી કરવામાં નિષ્ફળ જતાં હતાશ થયેલા ૪૬ વર્ષના ખેડૂતે સોસાયટીની ઓફિસ સામે ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હોવાની ઘટના બુધવારે બની હતી. ગેવરાઇ પોલીસે આ પ્રકરણે છત્રપતિ મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીના ભૂતપૂર્વ ચેરમેન સંતોષ ભંડારી વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કર્યો હતો. સોસાયટીની બ્રાન્ચ ઓફિસ સામે વહેલી સવારે ખેડૂત લોખંડના સળિયા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ સુરેશ જાધવ (૪૬) તરીકે થઇ હતી, જે ગેવરાઇ તહેસીલના ખાલેગાંવનો રહેવાસી હતો. જાધવની પુત્રીના જણાવ્યા અનુસાર મારા અને મારા ભાઇના ભવિષ્યના શૈક્ષણિક ખર્ચ માટે પૈસા ભેગા કરવા પિતાએ કૌટુંબિક જમીન વેચી હતી.

જાધવની પત્નીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે જાધવે ૨૦૨૦માં કો-ઓપરેટિવ સોસાયટીમાં ફિક્સ્ડ ડિપોઝિટમાં ૧૧.૫૦ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જાધવ છેલ્લાં બે વર્ષથી પોતાના પૈસા પાછા મેળવવા માટે વિનંતી કરી રહ્યો હતો, કારણ કે તેને પોતાના સંતાનોના કોલેજ શિક્ષણ માટે પૈસાની જરૂર હતી.

છ મહિના અગાઉ જાધવ ઝેર ભરેલી બોટલ લઇને સોસાયટીની બ્રાન્ચ ઓફિસમાં ગયો હતો અને પૈસા પાછા ન આપે તો પોતાનું જીવન સમાપ્ત કરી દેવાની ધમકી આપી હતી, એમ પણ ફરિયાદમાં જણાવાયું હતું. (પીટીઆઇ)■

# ઍક્વાલાઈનની ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાથી છુટકારો

## ડિજિટલ માધ્યમથી ક્યુઆર કોડ સ્કેન કરીને ટિકિટ ખરીદી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો-થ્રી (ઍક્વા લાઈન)ના પ્રવાસીઓને હવે ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાથી છૂટકારો મળવાનો છે. મેટ્રો-થ્રીની ટિકિટ હવેથી ડિજિટલી નેટવર્કના માધ્મયથી એટલે કે જુદી જુદી ઍપ્સ પરથી પ્રવાસીઓ ક્યુઆર કોડ સ્કેન કરીને સરળતાથી ખરીદી શકશે.

ઍક્વા લાઈન હવે ઓએનડીસી આ ડિજિટલ નેટવર્ક સાથે જોડાઈ ગઈ હોવાથી સ્કેન કરીને ટિકિટ ખરીદી કરવું સરળ બનશે. પ્રવાસીઓ હવે ઈઝી માય ટ્રિપ, રેડબસ, યાત્રી, વન ટિકિટ જેવી ઍપ્સ પરથી ક્યુઆર કોડ ટિકિટ સરળતાથી ખરીદી શકશે.

ઓએનડીસી નેટવર્ક એટલે કે એક ડિજિટલ પ્લેટફોર્મ જેના દ્વારા અલગ અલગ ઍપ્સને જોડવામાં આવે છે. તેથી અલગ અલગ ઍપ ડાઉનલોડ કરવા અથવા ટિકિટ વિન્ડો પર ટિકિટની ખરીદી ખરીદી માટે લાઈનમાં નહીં ઊભી રહેતા મેટ્રો-થ્રીની ટિકિટ વેચાતી લઈ શકાશે.

વન ટિકિટ ઍપ એવી છે જેનાથી પર મુંબઈગરા હવે મુંબઈ મેટ્રો થ્રી, મેટ્રો-વન અને મેટ્રો-ટૂએ અને સેવનની ટિકિટ પણ મેળવી શકશે. ■

# નવી મુંબઈમાં વૃદ્ધ ખેડૂતનો આત્મહત્યાનો પ્રયાસ

મુંબઈઃ નવી મુંબઈ સ્થિત સિડકો મુખ્યાલય ખાતે ૮૩ વર્ષના ખેડૂતે ઝેર ગટગટાવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અતિક્રમણ વિરોધી વિભાગ દ્વારા હેરાનગતિ કરાઇ રહી હોવાનો આક્ષેપ ખેડૂત દ્વારા કરવામાં આવ્યો છે. ખેડૂતની ઓળખ દત્તુ ભિવા ઠાકુર તરીકે થઇ હોઇ સિડકોના અધિકારીઓએ તેને રોક્યો હતો અને બાદમાં બેલાપુરની એમજીએમ હોસ્પિટલમાં તેને દાખલ કર્યો હતો. ઠાકુરના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે ઉરણ તાલુકાના ધતુમ ગામમાં પરિવારની માલિકીની જમીન એક પ્રોજેક્ટ માટે સિડકો દ્વારા હસ્તગત કરાઇ હતી, પણ વળતર ચૂકવવામાં તેઓ નિષ્ફળ ગયા હતા. જમીન પર ઠાકુરે શરૂ કરેલી પાર્કિંગની સુવિધા તાજેતરમાં અતિક્રમણ વિરોધી વિભાગ દ્વારા હટાવી દેવામાં આવી હતી, એવો દાવો પરિવારે કર્યો હતો. સિડકોનાં પીઆરઓ પ્રિયા રતામ્બેએ કહ્યું હતું કે અનેક વિનંતીઓ છતાં ઠાકુરે જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નહોતા. (પીટીઆઇ)■

**લેપ્ટોસ્પાયરોસિસ**

# ચોમાસામાં ધારાવીની ગલીઓમાં ફરતો સાઈલન્ટ કિલર

મુંબઈઃ ધારાવીમાં વારંવાર ફેલાતા રોગોમાં ક્ષય રોગ, મેલેરિયા, ડેન્ગી અને ગેસ્ટ્રો કે પેટના રોગોનો સમાવેશ થાય છે. દર ચોમાસામાં, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે, એક સાયલન્ટ કિલર ધારાવીની શેરીઓમાં ફેલાય છે અને એ છે લેપ્ટોસ્પાયરોસિસ.

સાયલન્ટ કિલર લેપ્ટોસ્પાયરોસિસ બેક્ટેરિયાથી થતો ચેપ છે. ચેપગ્રસ્ત પ્રાણીઓ, ખાસ કરીને ઉંદરોના પેશાબથી દૂષિત પાણી દ્વારા ફેલાય છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન, યોગ્ય પગરખાં વિના, પાણી ભરાયેલા અથવા ગંદા રસ્તાઓ પર ચાલતા લોકો માટે તે સૌથી વધુ જોખમી હોય છે. ખાસ કરીને જો તેમના પગમાં એક નાનો ઘા અથવા ઈજા થઇ હોય.

ધારાવીમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરો કહે છે કે જુલાઈ અને સપ્ટેમ્બર દરમિયાન જ્યારે વરસાદ તેના પૂરજોર પર હોય છે ત્યારે દર મહિને ઓછામાં ઓછા ૨૦ થી ૩૦ લેપ્ટોના કેસ નોંધાય છે, જે તમામ વય જૂથોના લોકોને લક્ષ્ય બનાવે છે, પરંતુ બાળકો અને વૃદ્ધો માટે તે સૌથી વધુ સંવેદનશીલ હોય છે. ■

### આંકડાકીય માહિતી શું કહે છે?

મહારાષ્ટ્રના આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ ના ડેટા અનુસાર, મહારાષ્ટ્રમાં લેપ્ટોસ્પાયરોસિસથી મૃત્યુ પામનારાઓમાં આશ્ચર્યજનક રીતે ૨૨૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જેમાં મુંબઈ તેનું કેન્દ્ર હતું. ૨૦૨૪માં રાજ્યમાં લેપ્ટોથી ૨૬ લોકો મૃત્યુ પામ્યા હતા, જે ૨૦૨૩ માં આઠ હતા, અને એકલા મુંબઈમાં ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં આમાંથી ૧૮ મૃત્યુ નોંધાયા હતા, જેમાં ૯૫૩ કેસ હતા, જેમાં મોટાભાગના ધારાવી, કુર્લા અને ગોવંડીના હતા. વર્ષ ૨૦૧૮ માં, ધારાવીના ૧૭ વર્ષના છોકરાનું સાયન હોસ્પિટલમાં લેપ્ટોથી મૃત્યુ થયું હતું.■

### અસહાય ધારાવી

ધારાવી પોલીસ સ્ટેશન પાછળ હુસૈની મસ્જિદ પાસે એક ગલીમાં રહેતી અમીના બાનુ શેખ, તેની ઝૂંપડીની બહાર એક ગલી તરફ ઈશારો કરતી હતી જ્યાં બે ઉંદરો ખાડામાંથી અંદર અને બહાર આવતા હતા. "મારા બાળકો આખો દિવસ અહીં રમે છે. તેમની પાસે સ્કૂલે જવા માટે એક-એક જોડી ચંપલ હોય છે, નહીં તો તેઓ ખુલ્લા પગે ફરતા હોય છે. મારી ૧૧ વર્ષની દીકરીને ગયા વર્ષે લેપ્ટો થયો હતો અને મને ચિંતા છે કે આ વર્ષે પણ આવું જ થશે એમ તેણે કહ્યું હતું."

ઉપરોક્તથી એવું લાગે છે કે ધારાવીના રહેવાસીઓ માટે પુનર્વિકાસ એ જ એકમાત્ર વિકલ્પ બચ્યો છે. ■

**કમાલ કરે છે, એક ડોસો હજી ડોસીને વહાલ કરે છે**

# ૯૩ વર્ષના દાદાજી દાદીમા માટે મંગળસૂત્ર ખરીદવા આવ્યા ત્યારે...

જાલનાઃ કવિ સુરેશ દલાલની એક હૃદયસ્પર્શી કવિતાનું શીર્ષક છેઃ કમાલ કરે છે, એક ડોસી હજી ડોસાને વહાલ કરે છે. સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમાં ૯૩ વર્ષના દાદાજીએ સાથે આવેલા તેમના પત્ની માટે મંગળસૂત્ર ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે એક લાગણીસભર વાતાવરણ સર્જાયું જે જોઈને સુરેશભાઈની પંક્તિમાં બદલાવ કરી 'એક ડોસો હજી ડોસીને વહાલ કરે છે' એમ કહેવાની ઈચ્છા કોઈને પણ થાય. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં એક જ્વેલરી શોપમાં પરંપરાગત સફેદ 'ધોતી-કુર્તા' અને ટોપી પહેરેલા ૯૩ વર્ષના ગ્રામીણ દાદાએ જ્યારે એક જ્વેલરી શોપમાં પગ મૂક્યો ત્યારે તેમના સામાન્ય પહેરવેશને કારણે તેઓ આર્થિક મદદ માગવા આવ્યા હશે એવી સ્ટાફને ગેરસમજ થઈ હતી.

જોકે, જ્યારે ૯૩ વર્ષના વડીલે સાથે આવેલી પત્ની માટે મંગળસૂત્ર ખરીદવાની ઈચ્છા વ્યક્ત એ કરી ત્યારે એક ડોસાનું ડોસી માટે વહાલ જોઈને ગળગળા થઈ ગયેલા દુકાનના માલિકે એ મંગળસૂત્ર ફક્ત ૨૦ રૂપિયા 'ટોકન મની' તરીકે લઈ આપી દીધું. આ હૃદયસ્પર્શી ક્ષણનો એક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયો છે જેને બે કરોડથી વધુ વ્યૂઝ મળ્યા છે. વીડિયો જોઈ ઘણા લોકો વડીલના પત્ની પ્રત્યેના અફાટ પ્રેમથી પ્રભાવિત થયા છે.

જાલના જિલ્લાના અંભોરા જહાગીર ગામના એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા નિવૃત્તિ શિંદે અને તેમનાં પત્ની શાંતાબાઈ હાલ અષાઢી એકાદશીની ઉજવણી માટે પગપાળા પંઢરપુરની યાત્રાએ નીકળ્યા છે. દંપતીએ તાજેતરમાં જ છત્રપતિ સંભાજી નગરમાં આવેલી ઝવેરાતની દુકાનની મુલાકાત લીધી હતી.

જ્વેલરી શોપના માલિકે જણાવ્યું હતું કે 'દંપતી દુકાનમાં દાખલ થયા બાદ દાદાજીએ મને ૧,૧૨૦ રૂપિયા આપ્યા અને કહ્યું કે તેઓ પત્ની માટે મંગળસૂત્ર ખરીદવા માંગે છે. તેમની લાગણી - પ્રેમ જોઈ હું ભાવવિભોર થઈ ગયો. અભિભૂત થઈ ગયો. મેં આશીર્વાદરૂપે તેની પાસેથી ૨૦ રૂપિયા લઈ દંપતીને મંગળસૂત્ર આપી દીધું.'

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ દંપતી હંમેશા સાથે મુસાફરી કરે છે, તેમના પાછલી ઉંમરે એકબીજાને ટેકો આપે છે. તેમને એક પુત્ર છે પરંતુ મોટાભાગે પોતે જ પોતાનું ધ્યાન રાખે છે અને ઘણીવાર મુસાફરી દરમિયાન લોકોની સદ્ભાવનાથી તેમનું ગાડું ગબડ્યા કરે છે. (પીટીઆઈ)■

**અમદાવાદ વિમાન દુર્ઘટના**

# ઍર ઈન્ડિયામાં પચીસ ટકા હિસ્સેદાર સિંગાપોર એર કેમ ચૂપ?ઃ પ્રફુલ પટેલ

મુંબઈઃ પૂર્વ નાગરિક ઉડ્ડયન પ્રધાન અને એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે ગયા અઠવાડિયે અમદાવાદમાં એર ઈન્ડિયાના બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરના ભયાનક અકસ્માત અંગે સિંગાપોર એરલાઇન્સ કેમ મૌન છે એવો સવાલ ઉઠાવ્યો હતો. ટાટા ગ્રુપ સંચાલિત એર ઇન્ડિયામાં સિંગાપોર એરલાઇન્સની ૨૫.૧ ટકા હિસ્સેદારી છે અને એરલાઇનમાં બોર્ડ ઓફ ડિરેક્ટરમાં સ્થાન ધરાવે છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પ્રફુલ પટેલે દુર્ઘટના અંગે સિંગાપોર એરલાઇન્સની 'આશ્ચર્યજનક ચુપકીદી' અંગે નિરાશા વ્યક્ત કરી હતી.

લંડન જઇ રહેલું બોઇંગ ૭૮૭-૮ વિમાન ૧૨ જૂને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત ક્રેશ થઈ ગયું હતું.

એનસીપી નેતાએ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે 'એર ઈન્ડિયાના ક્રેશને લગતા તમામ દુઃખ અને ઘોંઘાટમાં નોંધપાત્ર શેરહોલ્ડરની ચુપકીદી અથવા કદાચ અજ્ઞાનતા બદલ આશ્ચર્ય થાય છે. સિંગાપોર એરલાઈન્સ એર ઈન્ડિયાના મોટી સંખ્યામાં વિમાનોની જાળવણી કરતી હોવાથી એની પણ જવાબદારી કહેવાય.'

ભાજપના સાથી પક્ષ એનસીપીના નેતા પ્રફુલ પટેલે વધુમાં જણાવ્યું હતું કે 'સિંગાપોર એરલાઇન્સ દુર્ઘટનાથી પોતાને અળગી રાખતી હોય એવું લાગે છે.'

સિંગાપોર એરલાઇન્સ અને એર ઈન્ડિયાના નેતૃત્વ વચ્ચેના જોડાણ પર પ્રકાશ પાડતા પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે 'મહત્વનું છે કે એર ઈન્ડિયાના સીઇઓ કેમ્પબેલ વિલ્સન સિંગાપોર એરલાઇન્સના નોમિની છે. અગાઉ તેઓ તેમની નાની પેટાકંપની સ્કૂટ એરલાઇન્સના સીઇઓ હતા. આ અકળાવનારી ચુપકીદી કેમ, એસક્યુ?' એસક્યુ સિંગાપોર એરલાઇન્સનો આઇએટીએ કૉડ છે. (પીટીઆઈ)■

# બડગુજરના ભાજપ પ્રવેશનો ફડણવીસે બચાવ કર્યો, કહ્યું કે પાર્ટીમાં કોઈ વિરોધ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે શિવસેના (યુબીટી)ના વિવાદાસ્પદ નેતા સુધાકર બડગુજરના ભાજપમાં પ્રવેશનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે સત્તાધારી પક્ષમાં તેમના પ્રવેશને લઈને કોઈ વિરોધ નથી.

ફડણવીસે એમ પણ કહ્યું કે મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ બડગુજરના ભાજપમાં પ્રવેશનો વિરોધ કર્યો નથી.

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના એક સમયે અત્યંત નજીકના ગણાતા બડગુજરને ગયા વર્ષે ભાજપ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા, કારણ કે એક વીડિયોમાં તેમને ૧૯૯૩ના મુંબઈ શ્રેણીબદ્ધ વિસ્ફોટોના આરોપી સલીમ 'કુત્તા' સાથે ડાન્સ કરતા દર્શાવવામાં આવ્યા હતા.

તેઓ મંગળવારે ભાજપમાં જોડાયા તે પહેલાં પાર્ટીના વિધાનસભ્ય સીમા હિરેએ તેમના પ્રવેશનો સખત વિરોધ કર્યો હતો.

થોડા સમય માટે જેલમાં બંધ બડગુજર તાજેતરમાં સેના (યુબીટી) પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને ફડણવીસને મળ્યા હતા. તેમને તરત જ ઠાકરે સેનામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

મંગળવારે મુંબઈ સ્થિત પાર્ટી કાર્યાલયમાં બડગુજર અને અન્ય એક ભૂતપૂર્વ સેના (યુબીટી) નેતા બબનરાવ ઘોલપને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા હતા.

બડગુજરના સમાવેશ વિશે પૂછવામાં આવતા ફડણવીસે પુણેમાં પત્રકારોને જણાવ્યું હતું કે એ સાચું છે કે બડગુજરની ભાજપ નેતા નિતેશ રાણે (દાઉદ ઇબ્રાહિમના સાથી સાથેના કથિત સંબંધો અંગે)એ ટીકા કરી હતી, પરંતુ નોંધાયેલા પોલીસ કેસમાં તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

'ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં (તેઓ તે પાર્ટી (સેના-યુબીટી)માં હતા ત્યારે આ બન્યું હતું. હવે, તેમણે ભાજપમાં જોડાવાની ઇચ્છા વ્યક્ત કરી છે. જો કોઈ ભાજપમાં જોડાવા માગે છે, તો તેમનું સ્વાગત છે. એકમાત્ર અપેક્ષા એ છે કે એકવાર તેઓ જોડાયા પછી, તેમણે ભાજપના નિયમો અને શિસ્તનું પાલન કરવું પડશે,' એમ તેમણે કહ્યું હતું.

'ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેને શરૂઆતમાં તેમના પક્ષપ્રવેશ વિશે ખબર નહોતી. હકીકતમાં, પાછળથી બાવનકુળે સાહેબે પોતે આ બાબત સ્પષ્ટ કરી હતી,' એમ તેમણે કહ્યું હતું. ■

# સાકર કારખાનાની ચૂંટણીમાં અજિત પવાર વિરુદ્ધ શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બારામતીની માલેગાંવ કો-ઓપરેટિવ શુગર મિલ માટે ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યા બાદ, તેમના કાકા શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)એ પણ ચૂંટણી મેદાનમાં ઝુકાવ્યું હતું અને એક હરીફ પેનલ બનાવી છે.

બારામતી તાલુકાના અડધો ડઝન ગામોના પક્ષના કાર્યકરો અને શુગર મિલના સભ્યોને સંબોધતા શરદ પવારે બુધવારે ચેતવણી આપી હતી કે પ્રચાર દરમિયાન લાલચ આપવામાં આવી શકે છે અને તેનો શિકાર ન બનવા અપીલ કરી હતી.

પવારે પરિવારના ગૃહ પ્રદેશ બારામતીમાં કો-ઓપરેટિવ શુગર મિલના એકવીસ સભ્યોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી બાવીસ જૂને યોજાવાની છે અને પરિણામો ચોવીસ જૂને જાહેર કરવામાં આવશે. અજિત પવાર પોતે પણ ૯૦ ઉમેદવારોમાં સામેલ છે અને ચાર દાયકાથી વધુ સમય પછી તેઓ સ્યુગર કો-ઓપરેટિવ મિલની ચૂંટણી લડી રહ્યા છે. તેઓ નીલકંઠેશ્વર પેનલના ઉમેદવાર છે, જે હાલમાં સ્યુગર મિલમાં સત્તા ધરાવે છે.ઉમેદવારો પાર્ટી ટિકિટ પર નહીં પણ અલગ અલગ પેનલના બેનર હેઠળ ચૂંટણી લડી રહ્યા છે.

નીલકંઠેશ્વર પેનલ અને સહકાર બચાવ પેનલ ઉપરાંત, શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)એ 'બલિરાજા સહકાર બચાવ' પેનલ બનાવીને મેદાનમાં ઉતરી છે, જેનાથી સ્પર્ધા ત્રિકોણી બની ગઈ છે. શરદ પવાર સીધા મેદાનમાં નથી.

બલિરાજા સહકાર બચાવ પેનલે વીસ અને નીલકંઠેશ્વર પેનલે એકવીસ ઉમેદવારો ઉભા રાખ્યા છે. ■

# જયંત પાટીલની પ્રધાન ઉદય સામંત સાથે એક અઠવાડિયામાં બીજી મુલાકાત

## દોઢ કલાક સુધી ચાલેલી વાતચીતમાં શું ચર્ચા થઈ તેની સ્પષ્ટતા નહીં, રાજકીય ઊથલપાથલ થવાનાં એંધાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ શિવસેનાના નેતા અને રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતને મળ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે જયંત પાટીલ અને ઉદય સામંત વચ્ચે લગભગ દોઢ કલાક સુધી ચર્ચા થઈ હતી. બંને નેતાઓ મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત એક્સપ્રેસ ટાવરમાં મળ્યા હતા. દરમિયાન એવું પણ જાણવા મળ્યું છે કે બે દિવસ પહેલાં પણ બંને વચ્ચે મુલાકાત થઈ હતી.

એવું માનવામાં આવી રહ્યું છે કે શિવસેનાના મુખ્ય નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ઈશારે આ મુલાકાત થઈ હતી. આ બેઠકમાં કઈ રાજકીય ચર્ચા થઈ તેની માહિતી હજુ ખાનગી રાખવામાં આવી છે. દરમિયાન, વિવિધ મુદ્દાઓ પર હાલના ગરમ રાજકીય વાતાવરણમાં આ બંને નેતાઓની મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ બેઠકમાં ખરેખર શું ચર્ચા થઈ તેની વિગતો હજુ સુધી પ્રકાશમાં આવી નથી.

### જયંત પાટીલ બાવનકુળેને પણ મળ્યા હતા

એવી પણ માહિતી મળી છે કે ગયા મહિને જયંત પાટીલ મુંબઈમાં ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેને મળ્યા હતા. છેલ્લા એક મહિનામાં આ બે મહત્ત્વપૂર્ણ નેતાઓ વચ્ચેની આ બીજી મુલાકાત હતી. તેઓ મોડી રાત્રે મુંબઈમાં મળ્યા હતા. આ કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી. એક તરફ, બંને એનસીપીના વિલીનીકરણની ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે બીજી તરફ મહાયુતિમાં સામેલ એક મહત્વપૂર્ણ પક્ષના વડા અને એનસીપીના શરદ પવાર જૂથના પ્રદેશ વડાની મુલાકાતે ચર્ચાઓને વેગ આપ્યો છે.

### જયંત પાટીલે પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરવા અપીલ કરી હતી

જયંત પાટીલે એનસીપી (એસપી)ના પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત થવાની માગણી કરી હતી. તેમણે પાર્ટીની વર્ષગાંઠના કાર્યક્રમમાં શરદ પવાર સમક્ષ જાહેરમાં આ માગણી કરી હતી. આ માગણી પર પ્રતિક્રિયા આપતા શરદ પવારે કહ્યું હતું કે, નહું મારા મુખ્ય સાથીદારો સાથે આ માગણી પર ચર્ચા કરીશ.' સૌથી મોટો મુદ્દો એ છે કે બંને એનસીપીનું વિલીનીકરણ થાય તો જયંત પાટીલને માટે પાર્ટીમાં કોઈ મહત્ત્વનું સ્થાન રહેશે નહીં, આવી સ્થિતિમાં તેઓ પોતાની આગામી દિશા માટે યોજના ઘડી રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

માણાવદરવાળા, હાલ કાંદીવલી, સ્વ. હીરાલક્ષ્મી દ્વારકાદાસ શિંગાડાના પુત્ર કિરીટભાઈ (ઉં. વ. ૬૭) તે રાખીબેનના પતિ. સ્વ. ચંદ્રિકાબેન કનકકુમાર કોઠારીના જમાઈ. હેમંતભાઈ અને જનકભાઈના ભાઈ તા. ૧૬-૬-૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯-૬-૨૫ના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. (લૌકિક વ્યવહાર બંધ છે)

**દશા સોરઠીયા વણિક**

દિવ (સૌરાષ્ટ્ર) નિવાસી હાલ કાંદીવલી, ગં.સ્વ. કાંતાબેન જેઠાલાલ લાખાણી (ઉં. વ. ૯૪) તે સ્વ. સૂર્યકાંત, કીરીટ, સ્વ. પુષ્પા, મીના, અરૂણા તથા સ્વ. સુશીલના માતુશ્રી. હેમા કીરીટ લાખાણીના સાસુ. સ્વ. નિર્મળાબેન, શારદાબેન, મંજુબેન, જશુબેન તથા વસંતભાઈના બહેન. સ્વ. રમાબેન અને સ્વ. હેમંતરાય તેતરના વેવાણ. નગીનભાઈ ગાંધી અને હસમુખલાલ મેઘજીભાઈ દોશીના સાસુ તા. ૧૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ટંકારા હાલ ડોમ્બિવલી ગં.સ્વ. ચન્દ્રિકાબેન ગણાત્રા (ઉં.વ. ૯૦) તે નટવરલાલ પ્રાગજી ગણાત્રાના ધર્મપત્ની. વિજય, પ્રકાશ, ધર્મેન્દ્ર-ભાવના મીનાબેનના માતુશ્રી. ભારતી, પૂનમ, અમીષા અને દિલીપકુમાર, કિરીટકુમારના સાસુમા. ગુંજન, હેમલ, અમી, વિરલ, વ્રજેશ, માનસના દાદી. રીન્કુ રોમીલ, પ્રજ્ઞના, આકાંક્ષાના નાનીમા. ઉન્નતિ, સ્નેહા, મીતાલીના, દાદીસાસુ સોમવાર, તા. ૧૬-૬-૨૫ના વૈકુંઠવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા ૧૯-૬-૨૫, ગુરુવારના ૪.૩૦થી ૬.૦૦. શુભમંગલ કાર્યાલય, એવરેસ્ટ શોપિંગ સેન્ટર, ભાજીમાર્કેટ, બાટા શોરૂમની ઉપર, ડોમ્બિવલી (ઈસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

અશ્વિનભાઈ ગોરધનદાસ દેસાઈ (ઉં.વ. ૬૫) તા. ૧૪-૬-૨૫, શનિવારે રાજકોટ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. કિશોરભાઈ, હસમુખરાઈ, કૌશિકભાઈના ભાઈ. અંકિતભાઈના પિતાશ્રી. અલ્પાબેન દિવ્યેશભાઈ અને આલોકભાઈના કાકા. (સાદડી અને લૌકિક પ્રથા બંધ છે.)

**રાજ્યપુરોહિત બ્રાહ્મણ**

ગામ-સોડસલા, હાલ-ઘાટકોપર, સ્વ. ભાનુમતી પુંજાણી (ઉં.વ. ૬૦) તા. ૧૬-૬-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. મણિબેન વલ્લભદાસ પુંજાણીના પુત્રવધૂ. પ્રવિણભાઈના પત્ની. દિવ્યા-સેજલ-મિતેશ-જીગરના માતા. ગં.સ્વ. મંદાબેન ધીરજલાલ, ઉષાબેન ગિરધરલાલ, ભાવનાબેન કિશોરચંદ્ર, ગં.સ્વ. પુષ્પાબેન દીપકકુમાર ભટ્ટના ભાભી. દેવાંગ જોશી-રોનક વ્યાસના સાસુમા. વસઈ નિવાસી સ્વ. અમૃતબેન ચુનીલાલ ભટ્ટના દીકરી પ્રાર્થનાસભા તા. ૧૯-૬-૨૫ ૫થી ૬. સ્થળઃ બ્રાહ્મણ સભા, ૧લે માળે, જોશી લેન, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. ડુંગરશી કરસનદાસ ગંધા ગામ તુણાના પુત્રવધૂ. હરિલાલ ડુંગરશી ગંધાના પત્ની અ.સૌ. કમળાબેન ગંધા (ઉં.વ. ૮૭) હાલ મુલુંડ તે સ્વ. કેસરબેન કાનજીભાઈ માણેક ગામ વરસામેડીના પુત્રી મંગળવાર, તા. ૧૭-૬-૨૫ના રામશરણ પામ્યા છે. તે ભરત, શૈલેષ, અશ્વિન, રાજેશના માતાશ્રી. કલ્પના, ભાવના, દીપિકા, ડિમ્પલના સાસુ. નિકુંજ, દીપક, ધવલ, મનન, અમન, કાજલ, મીતા, રિદ્ધિના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯-૬-૨૫ના ૫થી ૭. કાલિદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

(મસ્કત વાળા) શ્રીમાન મહેન્દ્ર રામૈયા (ઉં.વ. ૮૧) તે ગં.સ્વ. પુષ્પાબેન પુરષોત્તમ રામૈયાના સુપુત્ર. ગં.સ્વ. વીણા રામૈયાના પતિ. સ્વ. દિનેશ, જયંત, કિરણ, જયશ્રી, ભરત, ભારતી ભુપેન્દ્રના મોટાભાઈ. વૈશાલી, હિતેશ, સુમિતના પિતા. સૌ. ઋત્વી અને સોનુના સસરા. ચિ. ભવ્ય, મિશા અથર્વના દાદા. તા. ૧૬-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે.

**બાજખેડાવાળ બ્રાહ્મણ**

(ઉમરેઠ) હાલ પનવેલ, રેખાબેન મહેતા (ઉં.વ. ૭૮) તેઓ સ્વ. મહેશચંદ્ર પ્રબોધચંદ્ર મહેતાના પત્ની. બીજલ, કિરણ અને ચિરાગના માતા. મનીષકુમાર, લવકેશ અને રવિતાના સાસુ. મીશા, ગૌરી અને પર્વના નાની, ૧૬-૬-૨૫ સોમવારના અક્ષરધામ પધાર્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ સાવરકુંડલા હાલ બોરીવલી, સ્વ. જેકીબેન તથા સ્વ. ધનજીભાઈ હકાભાઈ ચૌહાણના પુત્ર ખુશાલભાઈ (ઉં.વ. ૮૮) ૧૪/૬/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. અશ્વિનભાઇ, ગં.સ્વ. સરોજબેન હિંમતલાલ, ભારતીબેન કિશોરકુમાર, હર્ષાબેન ગીરીશકુમાર, નયનાબેન અજયકુમાર, છાયાબેન જીતેન્દ્રકુમાર, રુચિતાબેન નિલેષકુમારના પિતા. સ્વ. ફુલચંદભાઈ, સ્વ. વ્રજકુંવરબેન વલ્લભદાસ, સ્વ. કાંતાબેન છગનલાલ, ગં. સ્વ. કમળાબેન છગનલાલ, ગં.સ્વ. મંગળાબેન વલ્લભદાસના ભાઈ. ગામ મોટા સમઢીયાળાવાળા સ્વ. હેમકુંવરબેન, સ્વ. દેવચંદભાઈ જાધવજીભાઈ મકવાણાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૯/૬/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા મોઢ માંડલિયા વણિક**

જીરા (અમદાવાદ) નિવાસી, સરલાબેન હીરાલાલ શાહ (મૂછાળા) (ઉં.વ. ૮૬) મુંબઇ મુકામે તા. ૧૭-૬-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદનબેન પોપટલાલ દોશીના દીકરી. સ્વ. હિંમતભાઈ, સ્વ. ચંદુલાલભાઈના ભાભી. ભાવના રાજેશ, સ્વ. અશોક, કલ્પના સુનિલના માતુશ્રી. મીના અશોકના સાસુ. સ્વ. રાજેન્દ્ર, સ્વ. હર્ષદ, કેતન, સ્વ. મધુબેન, સ્વ. હંસાબેન, રજનીબેન ભૂપેન્દ્ર ગાંધી તથા ભારતીબેન ભરત મહેતાના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

લીંબુડા નિવાસી હાલ મીરા રોડ, શોભનાબેન કરસનદાસ મીઠીયા (ઉં.વ. ૭૬) તા. ૧૬/૬/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હરખબેન લક્ષ્મીદાસ મીઠીયાના વહુ. પ્રભાબેન જયંતીલાલ, ઇન્દુબેન હસમુખલાલ, ભગવાનદાસ લક્ષ્મીદાસના ભાભી. સ્વ. રાધાબેન જમનાદાસ કારીયાના સુપુત્રી. સ્વ. મીનાબેન સુનિલકુમાર, રાખી ધર્મેશભાઈ, અભય અને ભાવેશના માતૃશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૯/૬/૨૫ના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજનવાડી, કાણકિયા પોલીસ સ્ટેશનની સામે, બેવર્લી પાર્ક, વી પાવર જીમની બાજુમાં, મીરા રોડ ઇસ્ટ.

**કપોળ**

શિહોરવાળા સ્વ. લીલાવતી ભુપતરાય અમૃતલાલ મુનીના સુપુત્ર દિનેશભાઈ (ઉં.વ. ૭૭) સુરત તા. ૧૧-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. હરિપ્રસાદભાઈ, સ્વ. રમેશભાઈ, જીતુભાઈ મુની, સ્વ. વસંતબેન ગુણવંતરાય મેહતા, રંજનબેન અરવિંદભાઈ મેહતાના ભાઈ. સ્વ. પ્રવિણાબેન, હંસાબેન, સરોજબેનના દિયર. તળાજાવાળા, સ્વ. જમનાદાસ ભગવાનદાસ મથુરિયા, અરવિંદભાઈ, ઇન્દ્રવદનભાઈના ભાણેજ. પ્રાર્થનાસભા લૌકિક રીવાજ બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ જેતપુર હાલ કાંદીવલી, સ્વ. નંદલાલભાઈ કાનજીભાઈ કારેલીયા (ઉં.વ. ૮૩) તા. ૧૪/૬/૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રમાબેનના પતિ. સ્વ. રતિભાઈ, સ્વ. ગોકળભાઈ, સ્વ. નટુભાઈ, સ્વ. સવિતાબેન વિઠ્ઠલભાઈ, સ્વ. જયાબેન મોહનલાલના ભાઈ. સ્વ. કિશોરભાઈ, દીપિકાબેન વિનોદકુમાર, ચેતનાબેન નરેન્દ્રકુમાર, નયનાબેન દિપકકુમારના પિતાશ્રી. ગં. સ્વ. રશ્મિબેનના સસરા. સ્વ. સુંદરજી કુરજી વાઘેલા (ગામ વંથલી)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯/૬/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી ઇસ્ટ.

**હાલાઇ લોહાણા**

ગામ મયુરનગર નિવાસી હાલ મુંબઈ, ગુણવંતરાય મગનલાલ ત્રિકમજી જોબનપુત્રા (ઉં.વ. ૭૫) ૧૬/૬/૨૫ સોમવારના અક્ષર નિવાસી થયેલ છે. તે હીરાલાલ અને હિંમતભાઈના નાનાભાઈ. અરુણાબેન જોબનપુત્રાના પતિ. પૂર્વેશભાઈ જોબનપુત્રાના પિતા. નયનાબેન જોબનપુત્રાના સસરા. સ્વ. રતિલાલ મગનલાલ સચદેવ લખતરવાળાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૯/૬/૨૫ ગુરુવારના ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, પહેલા માળે, એસ. વિ. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

## થાણેમાં ૭ માળની ઇમારતની બાલ્કનીમાંથી પ્લાસ્ટર તૂટ્યું

થાણેઃ થાણે શહેરમાં બુધવારે સવારે એક રહેણાંક ઇમારતના બીજા અને ત્રીજા માળે આવેલી બાલ્કનીમાંથી પ્લાસ્ટર ખરી પડતા રહેવાસીઓને સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો હતો કારણ કે સાત માળની ઈમારતમાં તિરાડો પણ પડી ગઈ છે એમ પાલિકા અધિકારીઓએ જણાવ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા યાસીન તડવીએ જણાવ્યું હતું કે ૪૦ વર્ષ જૂની આ ઇમારતમાં બનેલી આ ઘટનામાં કોઇને ઇજા નથી થઈ. (પીટીઆઈ)

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

વિસાવદર નિવાસી હાલ વિરાર, સ્વ. સમરથબેન અમૃતલાલ પીપરિયાના પુત્ર જયસુખલાલ પીપરિયા (ઉં.વ. ૯૦) તા. ૧૬-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેનના પતિ. ભારતીબેન વિરેશ બદાણી, પંકજ, કમલેશ અને મીના નિલેશ શાહના પિતાશ્રી. એકતા અને સોનલના સસરા. સ્વ. ચંપકભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. હસમુખરાય, ધીરજલાલ, સ્વ. બકુલચંદ્ર પીપરિયાના ભાઈ. અભેચંદ લાઠિયાના જમાઈ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૫ને શનિવાર ૩.૩૦થી ૫.૩૦. પાવનધામ, મહાવીરનગર, એમસીએફ ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી (પશ્ચિમ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચોટિલા નિવાસી, હાલ ભાયંદર, કમલેશભાઈ કાંતિલાલ ખંધારના ધર્મપત્ની રૂપાબેન (ઉં.વ. ૫૯) તા. ૧૮-૬-૨૫ના ભાયંદર મુકામે અરિહંતશરણ પામેલ છે. તે જગદીશભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. હર્ષદભાઈના નાનાભાઈના ધર્મપત્ની. સુધાબેન મહેશકુમાર શાહનાં ભાભી. પિયર પક્ષે દાણાવાણા નિવાસી સ્વ. રસિલાબેન ધીરજલાલ શાહનાં પુત્રી. સ્મીતાબેન અરવિંદભાઈ શાહ, દર્શનાબહેન નરેશકુમાર વોરા તથા સોનલબેન ચેતનકુમાર શાહનાં બહેન. લૌકિક વ્યવહાર તેમ જ પ્રાર્થનાસભા રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુર હાલે આકોલાના જયંતિલાલ નાનજી આસુભાઈ વીરા (ઉં.વ. ૭૭) તા. ૧૫-૬-૨૫ના અરિહંત શરણ થયેલ છે. હેમાબેનના પતિ. સ્વ. ભાનુબેન નાનજીના સુપુત્ર. ચીયાસરના નવલબેન ભવાનજી દેવરાજ મારૂના જમાઈ. ડો. ચારૂલ, અમિતના પિતા. ખીમજી, સ્વ. કાંતી, અરવિંદ, ભુપેન્દ્ર, ડુમરાના સુશીલા જયંત ગોસર, રાયણના સુકેશી શાંતીલાલ છેડાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયંતીલાલ વીરા, નવો જૈન મંદિરની બાજુમાં, ડી.એસ.પી. ઓફિસની પાછળ, આકોલા, મહારાષ્ટ્ર. પીન-૪૪૪૦૦૧.

ભુજપુરના બાલ બ્રહ્મચારી હીરાલાલ (હીરો) ગણપત દેઢિયા (ઉં.વ. ૫૮) તા. ૧૭-૬-૨૫ના અવસાન પામેલ છે. વેલબાઈ વેલજીના પૌત્ર. મુલબાઈ ગણપતના પુત્ર. વસંત, ઉષા, વિજયના ભાઈ. નવીનાળના ગંગાબાઈ મોનજી દેવરાજના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. વિજય દેઢિયા. સી-૨૧૧, શ્રીપાલ કોમ્પલેક્ષ, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ).

નાગલપુરના અમૃતલાલ નાનજી ગંગર (ઉં.વ. ૭૨) તા. ૧૬-૬ના અવસાન પામેલ છે. ખીમઇબાઇ નાનજીના સુપુત્ર. ચંદ્રીકાબેનના પતિ. મેહુલ, શીતલના પિતા. રામજીભાઇ, મગનભાઇ, ગંગાબેન, મણીબેન, જવેરબેન, હેમલતાબેન, મંજુલાબેનના ભાઇ. રાયણના હરખુબેન રામજી સાવલાના જમાઇ. પ્રા. શ્રી વૈષ્ણવ સમાજ હોલ, પારેખનગર, શતાબ્દી હોસ્પિટલની સામે, એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મું. ૬૭. ટા. ૪ થી ૫.૩૦. નિ. અમૃતલાલ ગંગર, બી/૨૦૪, જીવન આશા, પટેલનગર, કાંદીવલી (વે.).

તલવાણાના મણિલાલ પ્રેમજી દેઢિયા (ઉં.વ. ૭૦) તા. ૧૭-૬-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી કેશવના સુપુત્ર. ઉર્મિલાબેનના પતિ. હિના, શીતલ, કિરણના પિતા. ભવાનજી, અરવિંદ, રૂક્ષ્મણી, સાકરના ભાઈ. રતાડીયા (ગ.) દેવકાંબેન મુરજી ભારમલના જમાઈ. પુરબાઈ, રામજી, હિરબાઈ, લક્ષ્મી, નેમજીના બનેવી. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ઉર્મિલાબેન દેઢિયા, ૨/૪૨, અહમદ સેલર બિલ્ડીંગ નંબર ૭, એસ.એમ જાદવ માર્ગ, હિંદમાતા, મુંબઈ-૧૪.

**બાવનગામ ભાવસાર સ્થા જૈન**

રાણપુર, સ્વ. ચંપકલાલ પ્રભુદાસ જોધાનીના ધર્મપત્ની ગં. સ્વ. શ્રીમતી મંજુલાબેન (ઉં.વ. ૮૨) ૧૬ જૂને અરિહંતશરણ પામેલ છે. ઈલા મહેશકુમાર દોશી, મિતા રાજેશકુમાર નાવડીયા, રાજેશના માતૃશ્રી. નગીનદાસ પ્રભુદાસ જોધાનીના ભાભી. શીતલના સાસુ. ઋષિલ વૃષાલી, નિયતિ જેનીલકુમારના દાદી. પિયરપક્ષે સ્વ. રવજીભાઈ કાનજીભાઈ ગોંડલિયાના પુત્રી. પ્રાર્થના ગુરુવાર ૧૯ જૂને સાંજે ૪ થી ૬. જલારામ હોલ, એન.એસ. રોડ નં ૬ જુહુ સ્કીમ વિલે પાર્લે વેસ્ટ.

**સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મલાડ, જ્યોત્સનાબેન કામદાર (ઉં.વ. ૮૦) તા. ૧૬-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. નવીનચંદ્ર દામોદર કામદારના ધર્મપત્ની. ચેતન, પિયુષ, પરાગ, દીપાના માતુશ્રી. પૂજા, હીના, પાયલ, પ્રશાંતકુમારના સાસુ. રિચા, કવિશ, મિતિ, અક્ષતના દાદી. સ્વ. નૌતમભાઈ, બીપીનભાઈના ભાભી. સ્વ. ભીખાલાલ પંચમિયાના બેન, પ્રાર્થનાસભા તા. ૧૯-૬-૨૫ના ગુરુવારે ૩ થી ૫. પાવનધામ ઉપાશ્રય, એમ.સી.એ ગ્રાઉન્ડ પાસે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ક.દ.ઓ. જૈન**

ગામ ગોરખડી, હાલે ડોમ્બીવલી, ખુશાલ કુંવરજી પદમશી ધરમશી (ઉં.વ. ૫૬) રવિવાર તા. ૧૫/૬/૨૫ના જામનગર અરિહંતરણ પામેલ છે. તે લીલાવતીબેનના પુત્ર. કેવલના પિતા. ધ્યાનમના નાના. સૌ. મંજુલાબેન અને સૌ. જયશ્રીબેન તથા સ્વ. નવીનચંદ્રના નાનાભાઈ. માતૃશ્રી પ્રભાવંતી બાબુલાલ ધરમશીના ભત્રીજા. સ્વ. વીરબાઈ મોતીચંદ હીરજી દંડ તથા સ્વ. નવલબેન વિશનજી હિરજી દંડ (દલતુંગી)ના દોહિત્ર. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૧૯/૬/૨૫ના ૨.૩૦ થી ૪.૦૦. મોહનનગર આવાસ, બિલ્ડીંગ નંબર ૧૬, ગુલાબનગર, જામનગર.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચુડા નિવાસી હાલ અંધેરી, સુરેશભાઈ શાહ (ઉં.વ. ૮૨) તા. ૧૭-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મરઘાબેન અને સ્વ. બાબુલાલ અમૃતલાલ શાહના સુપુત્ર. હેમલતાબેનના પતિ. વિધી (સ્વિટુ) અને કુણાલના પિતાશ્રી. સ્વ. શાંતાબેન અને સ્વ. ચિમનલાલ મગનલાલ શાહના જમાઈ. સ્વ. વિનુભાઈ, જીતુભાઈ, સ્વ. લતાબેન નવીનભાઈ અજમેરા, કિશોરભાઈ તથા કનકભાઈના ભાઈ. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## કૉન્ટ્રાક્ટ રદઃ તૂર્કીની કંપનીની અરજી પર સુનાવણી મુલતવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઈએએલ) દ્વારા તેના કરારને સમાપ્ત કરવા સામે તૂર્કીની કંપની સેલેબીની અરજી પરની સુનાવણી પચીસ જૂન સુધી મુલતવી રાખી છે. બંને પક્ષની માગણીને પગલે પરસ્પર સંમતિથી મામલો મુલતવી રાખવામાં આવ્યો હતો.

ઓપરેશન સિંદૂર દરમિયાન તૂર્કીએ પાકિસ્તાનને આપેલા સમર્થન પર ભારતમાં તીવ્ર પ્રતિક્રિયા ઊમટતા ભારતના ઉડ્ડયન સુરક્ષા નિયમનકાર બી.સી.એ.એસ.એ આ મહિનાની શરૂઆતમાં રાષ્ટ્રીય સુરક્ષાના આધારે સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઇન્ડિયાની સુરક્ષા મંજૂરી રદ કરી દીધી હતી. ત્યાર બાદ એમઆઇએએલ સાથેનો તેનો કરાર રદ કરવામાં આવ્યો હતો.

ગ્રાઉન્ડ હેન્ડલિંગ અને એરપોર્ટ સેવાઓ પૂરી પાડતી આ કંપનીએ સિક્યોરિટી ક્લિયરન્સ રદ કરવા અને કોન્ટ્રાક્ટ રદ કરવા સામે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. (પીટીઆઈ)

# મેટ્રોના કામમાં ઢીલ કરનાર કૉન્ટ્રેક્ટર હવે દંડાશે

## એમએમઆરડીએની નવી મૅનપાવર પૉલિસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ૧૫૦ કિલોમીટરથી વધુ મેટ્રો કોરિડોરને ચાલુ કરવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ (એમએમઆરડીએ) તૈયારી કરી રહ્યું છે ત્યારે કામમાં થઈ રહેલા વિલંબને રોકવા માટે અને પ્રોજેક્ટને ડેડલાઈનમાં પૂરો કરવા માટે એમએમઆરડીએ ઓથોરિટીએ હવે કૉન્ટ્રેક્ટરોની સામે આંખ લાલ કરી છે.

કૉન્ટ્રેક્ટર સમયસર કામ પૂરું કરે તે માટે મૅનપાવર મોબિલાઈઝેશન પૉલિસી લાગુ કરી છે, જે અંતર્ગત કૉન્ટ્રેક્ટરને ઓછા કર્મચારીને કારણે કામમાં થઈ રહેલા વિલંબ માટે જવાબદાર ગણવામાં આવશે અને તેના કામમાં શિસ્તતા લાવવા માટે મેટ્રોનાં કામના ઈતિહાસમાં પહેલી વખત કૉન્ટ્રેક્ટરને આર્થિક દંડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કે જેઓ એમએમઆરડીએના અધ્યક્ષ પણ છે, તેમણે પણ પૉલિસીને સમર્થન આપ્યું છે.

નવી પૉલિસી હેઠળ હવે કૉન્ટ્રેક્ટરને આકરો દંડ કરવો ફરજિયાત રહેશે. પ્રોજેક્ટ સાઈટ્સ પર પચીસથી ૫૦ ટકા સુધી માનવબળની અછત માટે દૈનિક એક લાખ રૂપિયાનો દંડ થશે જ્યારે ૫૦ ટકાથી વધુ થવા પર દૈનિક બે લાખ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવશે. વધુમાં પ્રોજેક્ટની કી ડેટ એટલે કે નક્કી કરેલી તારીખમાં કામ કરવામાં નિષ્ફળ જવા માટે વધારાનો દંડ લાગશે.

મેટ્રો લાઈન ટૂ-બી, મેટ્રો ફાઈવ, મેટ્રો સિક્સ, મેટ્રો-સેવન એ અને મેટ્રો નાઈન જેવા મેટ્રો કોરિડોરના બાંધકામ અને તેના ટ્રાયલ નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયા છે, તેથી આ પૉલિસી કામની ઝડપ જાળવી રાખવા અને કામમાં વિલંબ અટકાવવા માટે ફાયદાકારક સાબિત થશે.

એમએમઆરડીએના કમિશનર સંજય મુખર્જીએ જણાવ્યું હતું કે દરેક મેટ્રો પૅકેજ માટે અમે ડેડીકેટેડ ટીમ લીડરની નિમણૂક કરી છે, જેનાથી સાઈટની પ્રગતિમાં નોંધપાત્ર ફરક પડયો છે. આ નવી પૉલિસીને કારણે વર્ષના અંત સુધીમાં જુદા જુદા મેટ્રો કોરિડોર ચાલુ કરવામાં આવવાના છે. અમે ફક્ત ઝડપથી જ નહીં પણ સ્માર્ટલી કામ કરી રહ્યા છે.

છેલ્લા પાનાનું ચાલુ

### બીએમસી ચૂંટણીમાં

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે મુંબઈ મહાનગરપાલિકાનો ચહેરો હશે અને શ્રીકાંત શિંદે નેતા અને આયોજક હશે. તેથી, હવે એવી શક્યતા છે કે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીના સંદર્ભમાં શિવસેના ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરે અને શ્રીકાંત શિંદે સામસામે આવશે. આ બંનેમાં હવે કોના માથે તાજ આવે છે તે જોવાનું રહેશે.

બીજી તરફ, શિવસેના ઠાકરે જૂથે પણ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. બુધવારે મુંબઈ મનપાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં, માતોશ્રી ખાતે ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં ભૂતપૂર્વ કોર્પોરેટરોની એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં, એવી માહિતી બહાર આવી રહી હતી કે ઉદ્ધવ ઠાકરેએ ભૂતપૂર્વ કોર્પોરેટરોને મનસે સાથે જોડાણ વિશે પૂછ્યું હતું. આ વખતે, માહિતી બહાર આવી રહી છે કે ભૂતપૂર્વ કોર્પોરેટરોએ મનસે સાથે જોડાણ માટે અનુકૂળ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

શિવસેના (યુબીટી) તરફથી મુંબઈ મનપાની ચૂંટણીનું નેતૃત્વ આદિત્ય ઠાકરેને સોંપવામાં આવ્યું છે, જ્યારે શિવસેના-શિંદે જૂથ તરફથી મુંબઈ મનપાની ચૂંટણી સંબંધે બધા જ અધિકારો શ્રીકાંત શિંદેને આપવાનો પ્રસ્તાવ મંજૂર કરી નાખવામાં આવ્યો છે.

### મુંબઈ-પુણે એક્સપ્રેસવેની

હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી અનુસાર મુંબઈ અને આસપાસના પરિસરમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ બાંગ્લાદેશીઓને અલગ અલગ જેલમાં રાખવામાં આવ્યા હતા. કાનૂની પ્રક્રિયા પછી બાંગ્લાદેશીઓને તેમના વતનમાં પાછા મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

જેલમાં બંધ ૧૬૦ બાંગ્લાદેશીના પ્રત્યર્પણની પ્રક્રિયા ચાલી રહી હતી. ૧૬૦માંથી ૪૦ બાંગ્લાદેશી મુંબઈમાંથી પકડાયા હતા, જ્યારે બાકીના મીરા-ભાયંદર, થાણે અને નવી મુંબઈથી ઝડપાયા હતા. ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઑફિસ (એફઆરઆરઓ)ના સંકલનથી ૧૬૦ બાંગ્લાદેશીને બુધવારની સવારે પુણેના લોહગાંવ ઍરપોર્ટ લઈ જવાઈ રહ્યા હતા.

એસપી આંચલ દલાલના કહેવા મુજબ પોલીસનાં ૧૯ વાહનોના કાફલામાં આ બાંગ્લાદેશીઓને પુણે લઈ જવાતા હતા. કાફલો ભાતાન ટનલમાં પહોંચ્યો ત્યારે એક વાહનના ડ્રાઈવરે એકાએક બ્રેક મારતાં છથી સાત વાહન એકબીજા સાથે ભટકાયા હતા. આ ઘટનામાં ૧૯ પોલીસ અને ૧૨ બાંગ્લાદેશીને ઘવાયા હતા. એક પોલીસ કર્મચારીને ગંભીર ઇજા થઈ હતી, જ્યારે બાકીનાને નજીવી ઇજા થઈ હતી. આ પ્રકરણે રસાયણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. દરમિયાન અકસ્માતને પગલે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ અને ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાને કિનારે ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો.

### મનસે સાથે યુતિ કરવી

કરવું જોઈએ કે નહીં? આ પ્રશ્ન પર મોટાભાગના નેતાઓએ કહ્યું હતું કે જો ગઠબંધન થાય તો તે પક્ષ માટે ફાયદાકારક રહેશે.

ભૂતપૂર્વ કોર્પોરેટરોએ કહ્યું હતું કે મુંબઈમાં ગઠબંધન માટે અનુકૂળ વાતાવરણ દેખાઈ રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી (બીએમસી ઈલેક્શન-૨૦૨૫) માટે, જે પક્ષ સાથે ગઠબંધન કરવાનું હશે તેનો નિર્ણય હું તમને બધાને વિશ્વાસમાં લીધા પછી જ લઈશ.'

#### રાજ ઠાકરેનું વલણ શું હશે?

તમને જણાવી દઈએ કે થોડા મહિના પહેલા રાજ ઠાકરેએ પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથે જવાનો સંકેત આપ્યો હતો. તેમના નિવેદનના થોડા સમય પછી, ઉદ્ધવ ઠાકરેએ 'મરાઠી માણૂસ'ના મુદ્દે સાથે આવવાનો સંકેત આપ્યો હતો.

જોકે, તાજેતરમાં રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરી હોવાથી એક નવી ચર્ચા ચાલુ થઈ ગઈ હતી. હવે એવા સવાલો ઉભા થવા લાગ્યા હતા કે શું રાજ ઠાકરે શિવસેના યુબીટી સાથે ગઠબંધન કરવાને બદલે ભાજપ સાથે જશે? જોકે, રાજ ઠાકરેએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

#### કોર્પોરેટરોને ઉદ્ધવ ઠાકરેનો સંદેશ

શિવસેના (યુબીટી)ના વડાએ કહ્યું કે તમે બધા મારી સાથે છો, વફાદાર છો... આવનારા સમયમાં ઘણી બેઠકો યોજાશે.

તેમણે ભૂતપૂર્વ કોર્પોરેટરોને શિવસેના ભવનમાં આવીને સામાન્ય લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા વિનંતી કરી હતી. હકીકતમાં, ચૂંટણી કાર્યાલય શિવસેના ભવનમાં જ ખોલવામાં આવશે. ઉદ્ધવ ઠાકરેએ આ બેઠકમાં કહ્યું કે ઓક્ટોબર અને નવેમ્બર વચ્ચે ચૂંટણી યોજાઈ શકે છે.

### વિરોધનો વંટોળ

વિચાર-વિમર્શ કરીને દેશભરમાં ત્રણ ભાષાની નીતિ લાગુ કરી છે.'

#### એનઈપી આખા દેશ માટે છેઃ દેવેન્દ્ર ફડણવીસ

તેમણે વધુમાં કહ્યું, 'એનઈપી આખા દેશ માટે છે અને તેથી મહારાષ્ટ્ર બે ભાષાની નીતિ અપનાવી શકતું નથી. તમિલનાડુ ત્રણ ભાષાની નીતિ સામે કોર્ટમાં ગયું હતું, પણ તમિલનાડુ સરકારની દલીલ અદાલતે અમાન્ય રાખી હતી. જો કોઈ વિદ્યાર્થી પોતાની પ્રાદેશિક ભાષા શીખતી વખતે વધુ એક ભાષા શીખે છે, તો તેમાં શું ખોટું છે? વધુ ભાષા તેમના જ્ઞાનમાં વધારો કરવામાં મદદ કરશે. નિષ્ણાતો સાથે વ્યાપક ચર્ચા પછી એનઈપી લાવવામાં આવી હતી.'

#### ભારતીય ભાષાઓ અંગ્રેજી કરતાં ઘણી સારી છેઃ ફડણવીસ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે, 'અમે નવા જીઆરમાં હિન્દી ભાષાને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવાની શરત દૂર કરી છે. હવે તમે કોઈપણ ભારતીય ભાષાને ત્રીજી ભાષા તરીકે પસંદ કરી શકશો. ત્રણ ભાષા નીતિ એનઈપી મુજબ છે. જો કોઈ ચોક્કસ ભારતીય ભાષા શીખવા માટે લગભગ ૨૦ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ હોય, તો એક શિક્ષક આપવામાં આવશે અથવા તે ઓનલાઈન પણ શીખવી શકાય છે. હું ફક્ત એક વાત કહેવા માગુ છું કે આપણે બધા અંગ્રેજી ભાષાની પ્રશંસા કરીએ છીએ અને ભારતીય ભાષાઓનો અનાદર કરીએ છીએ, આ યોગ્ય નથી. ભારતીય ભાષાઓ અંગ્રેજી કરતાં ઘણી સારી છે.'

#### શિક્ષણ પ્રધાને કર્યો નિર્ણયનો બચાવ

મહારાષ્ટ્રના શાળા શિક્ષણ ખાતાના પ્રધાન દાદાજી ભુસેએ બુધવારે શાળાઓમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવાના સરકારના નિર્ણયનો બચાવ કર્યો હતો અને તેમણે કહ્યું હતું કે તેનો ઉપયોગ દૈનિક સંદેશાવ્યવહારમાં વ્યાપકપણે થાય છે અને તે ઉચ્ચ શિક્ષણમાં ધોરણ બારમાના વિદ્યાર્થીઓને મદદ કરશે. તેમણે અભ્યાસક્રમ મુજબ મરાઠી ન શીખવતી શાળાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી પણ આપી હતી.

મહારાષ્ટ્ર સરકારે મંગળવારે એક આદેશ જારી કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે રાજ્યમાં ધોરણ પહેલાથી પાંચમા સુધીની મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં વિદ્યાર્થીઓને હિન્દી સામાન્ય રીતે ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે. સુધારેલા સરકારી ઠરાવ (જીઆર) માં જણાવાયું છે કે હિન્દી સામાન્ય રીતે ફરજિયાત થવાને બદલે ત્રીજી ભાષા હશે.

જો શાળામાં પ્રતિ વર્ગ ૨૦ વિદ્યાર્થીઓ હિન્દી સિવાય અન્ય કોઈપણ ભારતીય ભાષા શીખવાની ઇચ્છા વ્યક્ત કરે છે, તો તેમને હિન્દી નાપસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

કેટલાક મરાઠી સમર્થક સંગઠનોએ શરૂઆતમાં પીછેહઠ કર્યા પછી સરકાર પર પાછલા બારણેથી નીતિ ફરીથી લાગુ કરવાનો આરોપ લગાવ્યો હતો અને વિપક્ષ કોંગ્રેસે દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકાર પર મરાઠી લોકોની છાતીમાં છરો મારવાનો આરોપ લગાવ્યો હતો.

#### રાજ ઠાકરે ભડક્યા

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ બુધવારે આ મુદ્દે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે પહેલાથી પાંચમા ધોરણ સુધી હિન્દી ભાષા શીખવવાનો નિર્ણય લીધો છે. આ અંગે, મેં આવું ન કરવા માટે પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે કહ્યું હતું કે હિન્દી રાષ્ટ્રીય ભાષા નથી.

બીજી તરફ રાજ ઠાકરેની પ્રેસ કોન્ફરન્સ પછી મનસેના કાર્યકરો આક્રમક બન્યા હતા. હિન્દી પુસ્તકોના પહેલા અને છેલ્લા પાનાની હોળી કરવામાં આવી હતી અને પુસ્તકો પણ ફાડી નાખવામાં આવ્યા હતા. મનસેના મહાસચિવ મનોજ ચવાણે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં હિન્દી લાદવા દેવામાં આવશે નહીં.

#### આદેશમાં શું ફેરફાર કરવામાં આવ્યા?

ભુસેએ અગાઉ જણાવ્યું હતું કે અગાઉના સરકારી સંદેશાવ્યવહારમાં, હિન્દી માટે ફરજિયાત શબ્દનો ઉપયોગ થતો હતો. મંગળવારે જારી કરાયેલા સુધારિત આદેશમાં તેને સામાન્ય રીતે ત્રીજી ભાષા તરીકે વર્ણવવામાં આવી છે. તેમણે સરકારના નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે વિદ્યાર્થીઓને હિન્દી શીખવાથી ફાયદો થશે.


## ક્લાસિફાઈડ

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**TOTAL સમાધાન**

ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૮૦)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ




# શું હવેના સમયમાં આપણે રિયલ ફૂડ ખાઈએ છીએ ખરા?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આજની ભાગદોડ ભરેલી જિંદગીમાં, આપણી થાળી રંગબેરંગી વાનગીઓથી સજાવેલી હોય છે. પેકેટ ખોલો અને ખાઓ, બે મિનિટમાં તૈયાર થતી વાનગીઓ અને આંખોને આકર્ષિત કરતા ભોજને આપણું જીવન સરળ બનાવી દીધું છે, પણ શું આપણે ક્યારેય સહેજ થોભીને વિચાર્યું છે કે જે આપણે ખાઈ રહ્યા છીએ, તે ખરેખર 'ભોજન' છે? શું આજના સમયમાં આપણે 'રિઅલ ફૂડ' એટલે કે વાસ્તવિક ભોજન ખાઈએ છીએ ખરા? આ પ્રશ્ન જેટલો સરળ લાગે છે, તેનો જવાબ તેટલો જ જટિલ અને ચિંતાજનક છે.

સૌ પ્રથમ, એ સમજવું જરૂરી છે કે 'રિઅલ ફૂડ' એટલે શું?

રિઅલ ફૂડ એટલે એવું ભોજન જે તેના કુદરતી સ્વરૂપમાં અથવા તેની સૌથી નજીકના સ્વરૂપમાં હોય. આ એ ખોરાક છે જે પ્રકૃતિમાંથી સીધો આવે છે અને જેના પર ન્યૂનતમ પ્રક્રિયા કરવામાં આવી હોય. ફળો, શાકભાજી, આખા અનાજ (ઘઉં, ચોખા, બાજરી), કઠોળ, દાળ, દૂધ, દહીં, પનીર, માંસ, માછલી અને ઈંડા આ બધું રિઅલ ફૂડ છે. સાદી ભાષામાં કહીએ તો, જે ખોરાક પાછળ કોઈ લાંબી ઘટકોની યાદી નથી હોતી, જેમાં પ્રિઝર્વેટિવ્સ, આર્ટિફિશિયલ કલર્સ, ફ્લેવર્સ અને ન સમજી શકાય તેવા કેમિકલ નામોની ભરમાર નથી હોતી તે જ રિઅલ ફૂડ છે. આપણી દાદી-નાની જે રસોડામાં બનાવતી હતી, તે દાળ-ભાત-શાક-રોટલી એક ઉત્તમ રિઅલ ફૂડનું ઉદાહરણ છે.


-તો પછી, આપણે આવા વાસ્તવિક ભોજનથી દૂર કેમ થઈ રહ્યા છીએ?

આનું મુખ્ય કારણ આપણી આધુનિક જીવનશૈલી છે. સમયનો અભાવ, સુવિધાની શોધ અને બજારવાદે આપણને રિઅલ ફૂડથી વિમુખ કરી દીધા છે. આજે આપણી પાસે રસોઈ બનાવવા માટે સમય નથી. તેથી આપણે પેકેજ્ડ અને પ્રોસેસ્ડ ફૂડનો સહારો લઈએ છીએ. સુપરમાર્કેટના શેલ્ફ પર સજાવેલા ઇન્સ્ટન્ટ નૂડલ્સ, ફ્રોઝન પિઝા, ચિપ્સ, કૂકીઝ અને શુગરયુક્ત પીણાં આપણને સરળ વિકલ્પ લાગે છે. આ ઉપરાંત, આક્રમક માર્કેટિંગ અને જાહેરાતો આપણને એવું માનવા પર મજબૂર કરે છે કે આ ઉત્પાદનો માત્ર સ્વાદિષ્ટ જ નહીં, પણ સ્વાસ્થ્યપ્રદ પણ છે. કંપનીઓ તેમનાં ઉત્પાદનોને 'હાઇપર-પેલેટેબલ' બનાવે છે એટલે કે તેમાં ખાંડ, ચરબી અને મીઠાનું એવું મિશ્રણ હોય છે, જે આપણા મગજને વારંવાર ખાવા માટે ઉત્તેજિત કરે છે. આ કારણે, આપણને ફળો અને શાકભાજી જેવા કુદરતી ખોરાક 'ફીકા' અને 'બોરિંગ' લાગવા માંડે છે.

રિઅલ ફૂડથી દૂર રહેવાની આપણા સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે. જ્યારે આપણે અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનું સેવન કરીએ છીએ ત્યારે આપણે માત્ર ખાલી કેલરી જ નહીં, પરંતુ શરીરને નુકસાન પહોંચાડતાં રસાયણો પણ પેટમાં નાખીએ છીએ. આ પ્રકારના ખોરાકમાં પોષક તત્ત્વો, વિટામિન્સ, મિનરલ્સ અને ફાઇબરનો સંપૂર્ણ અભાવ હોય છે. પરિણામે, મેદસ્વિતા, ટાઇપ-૨ ડાયાબિટીસ, હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશર અને કેન્સર જેવા જીવનશૈલી સંબંધિત રોગોનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આપણું માનસિક સ્વાસ્થ્ય પણ પ્રભાવિત થાય છે. પોષણની ઊણપને કારણે શરીરમાં ઊર્જાનો અભાવ, થાક, ચીડિયાપણું, ડિપ્રેશન અને એકાગ્રતામાં ઘટાડો જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. આપણે એ ભૂલી ગયા છીએ કે આપણું શરીર એક જૈવિક મશીન છે, જેને ચલાવવા માટે કુદરતી અને શુદ્ધ બળતણની જરૂર છે, નહીં કે કેમિકલયુક્ત પ્રોસેસ્ડ પદાર્થોની.

સુવિધા અને સ્વાદની લાલચમાં આપણે સ્વાસ્થ્યનો સોદો કરી રહ્યા છીએ. આપણે એ વાસ્તવિકતાને અવગણી રહ્યા છીએ કે સાચો સ્વાદ અને સાચું પોષણ પ્રકૃતિના ખોળામાં જ છે, ફેક્ટરીના પેકેટમાં નહીં. આપણી થાળીમાં રિઅલ ફૂડની ગેરહાજરી એ માત્ર ખોરાકની પસંદગીનો મુદ્દો નથી, પરંતુ તે આપણી આવનારી પેઢીના સ્વાસ્થ્ય અને ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન છે. સમય આવી ગયો છે કે આપણે જાગૃત થઈએ અને આપણી ખાણી-પીણીની આદતો પર પુનર્વિચાર કરીએ. રસોડામાં પાછા ફરવું, સ્થાનિક અને મોસમી ઉત્પાદનો ખરીદવા અને ઘરે બનાવેલા સાદા ભોજનને પ્રાધાન્ય આપવું એ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ તંદુરસ્ત જીવન જીવવાની અનિવાર્ય જરૂરિયાત છે.

બાય ધ વે, આજે 'રિઅલ ફૂડ-ડે' છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# પતિને નામથી બોલાવાય... તુંકારો કરાય?

ડિયર હની,

તું તો મને તુકારો દઈને બોલાવે છે. આપણાં લગ્ન થયાં અને તું મારા ઘેર આવી અને મને તુંકારો દેઈ બોલાવતી થઈ ત્યારે ઘરના કેટલાક સભ્યોને એ જરા વિચિત્ર લાગતું હતું. આજે તો પતિ-પત્ની એકબીજાને તુંકારો દઈને બોલાવે એ સામાન્ય બની ગયું છે ને હવે તો 'બેબી' કહીને પણ પત્નીઓ પોતાના પતિને બોલાવે છે અને પતિઓ હું જેમ પત્રમાં તને સંબોધન કરું છું એમ 'હની' કહીને પણ બોલાવે છે. આ સિવાય કેટલાંક બીજાં નામો પણ છે, જમકે સોનુ- બાબુ ...ઈત્યાદિ ઈત્યાદિ... આ મુદ્દે મજાક ઉડાવતા ટુચકાઓ પણ જાણીતા છે.

જોકે, સવાલ એ પણ છે કે, પત્ની પોતાના પતિને કેમ તુંકારો કરીને બોલાવી ના શકે? એક જોક બહુ જાણીતો છે કે કાર્યક્રમમાં ઘણા બધા લોકો બેઠા હોય પણ કોઈ પત્ની 'એ ય ... એ જી...' એમ કહે તો એનો પતિ જ તુરંત જવાબ દે ... ! આવું કઈ રીતે શક્ય બને? હજુ પણ ઘણાં ઘરમાં પત્નીઓ પતિનું નામ લઇ શકતી નથી. મને આપણા નગીનબાપા વરિષ્ઠ પત્રકાર લેખક નગીનદાસ સંઘવી એ કહેલો આ કિસ્સો યાદ આવે છે. એમણે કહેલું કે, દેશ આઝાદ થયા બાદ પહેલીવાર વસતિ ગણતરી થઇ ત્યારે સરકારી કર્મચારી ગામડે ગામડે, ઘેર ઘેર જતા અને મહિલાઓને પૂછતા કે 'તમારું પતિનું નામ શું?' તો પત્ની કહેતી કે, 'એ તો કામે ગયા છે...' કર્મચારી પૂછતો કે, 'એમનું નામ તો કહો ...' પત્ની કહેતી કે 'નામ તો કઈ રીતે બોલું?' અને પછી એ શરમાઈ જતી. આ કારણે આપણે ત્યાં પહેલી વસતિ ગણતરીમાં ઘણી બધી માહિતી અધૂરી રહી હતી.

મારી બા કે તારી બાની જ વાત કરીએ તો એ બંને પતિનું નામ ક્યારેય નહોતાં લેતાં. 'એ ય' કે 'એ જી' કે પછી 'સાંભળો છો..?' એમ જ બોલાવતાં. અથવા તો પોતાના કોઈ સંતાનને કહેતા કે, તારા પિતાને કહે તો... એ જમાનામાં આને આદર અને સન્માનનાં ત્રાજવામાં મૂકવામાં આવતું. મને ઘણીવાર પ્રશ્ન થાય છે કે, આવી પ્રથા કોણે પાડી હશે? કદાચ ભારતીય સંસ્કૃતિમાં પતિને 'પરમેશ્વર' સમાન ગણવામાં આવે છે.

પતિનું નામ સીધું લેવું એ અનાદર દર્શાવે છે તેવી માન્યતા રહી હશે એટલે નામ લેવાને બદલે કોઈ આડકતરાં સંબોધન કે પછી 'બબલુનાં બાપુ' જેવાં સંબોધનોનો ઉપયોગ થાય છે. આ ખૂબ જૂની પરંપરા પેઢી દર પેઢીથી ચાલી આવે છે. દીકરીને બાળપણથી જ શીખવવામાં આવે છે કે પતિનું નામ ન લેવાય. આ એક પ્રકારનો સંસ્કાર અને ગૃહસ્થ જીવનનો નિયમ માનવામાં આવે છે. આ પ્રથા એટલી હદે રૂઢ થઇ ગઈ છે કે વડીલોની હાજરીમાં તો ઠીક, એકાંતમાં પણ પતિનું નામ લેવાનું ટાળવામાં આવે છે. આમાં કેટલીક માન્યતા પણ જવાબદાર છે. પતિનું નામ લેવાથી એમની ઉંમર ઘટે છે અથવા સંબંધ પર ખરાબ અસર પડે છે એવું માનવામાં આવે છે. આ એક અંધશ્રદ્ધા છે, જે સંબંધને 'નજર ન લાગે, કે 'કોઈ ખરાબ અસર'થી બચાવવા માટે માનવામાં આવે છે.

એ પણ સાચું કે, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં, પતિને ઘરના વડા અને નિર્ણાયક ગણવામાં આવતા હતા. પત્નીને એનાથી ગૌણ સ્થાન આપવામાં આવતું હતું. પતિનું નામ ન લેવું એ એના વર્ચસ્વ અને પત્નીની નમ્રતાનું પ્રતીક પણ હતું.

આજ કારણે ઘણીવાર પત્નીઓ, ખાસ કરીને નવી પરણેલી હોય ત્યારે પતિનું નામ લેવામાં શરમ કે સંકોચ અનુભવે છે. આ એક નવા સંબંધમાં અજાણ્યાપણાનો અને નમ્રતાનો ભાવ પણ હોઈ શકે છે, પણ આ વાત ગળે ઉતરે એવી તો નથી જ. તાજેતરના પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં પત્ની અંજલીબહેન 'વિજય' સંબોધન કરતા. મુખ્યમંત્રી બન્યા બાદ પણ એમાં કોઈ ફેર પડ્યો નહોતો અને ઘણાને આશ્ચર્ય થતું કે, આ રીતે સીએમને બોલાવાય? જોકે, આ મામલો પતિ- પત્ની વચ્ચેનો છે. એમાં કોઈને આશ્ચર્ય કે અજુગતું કેમ લાગે?

આજ રીતે, આપણા લોકપ્રિય લેખક તારક મહેતા એમની પત્નીને 'જાડી' કહીને બોલાવતા. ઇન્દુબહેન શરીરે મેદસ્વી હતાં, પણ તારકભાઈ તો પ્રેમથી એમને આ સંબોધન કરતા. આવા તો અનેક દાખલા આપી શકાય, પણ પતિએ પત્નીને અને પત્ની પતિને ક્યાં સંબોધનથી બોલાવે એ અન્ય કેમ નક્કી કરે? આવી પ્રથા હોય. ભલે ગમે તેટલી પુરાણી એ પ્રથા હોય, પણ એ તૂટવી જોઈએ. આપણે ત્યાં પતિ એની પત્નીને કોઈ પણ નામે સંબોધી શકે. તુંકારો કરી શકે તો પછી પત્નીને એવો અધિકાર શા માટે નહિ? ગાંધીજીનો દાખલો પણ આપણી સામે છે. એ કસ્તુરબાને 'બા' કહીને બોલાવતા એ કારણે ઘણી મજાક પણ થઇ છે, પણ ગાંધીજી એ રીતે પત્નીનું સન્માન કરતા. સીધી સાદી વાત એ છે કે, પતિ કે પત્ની એકબીજાને કઈ રીતે બોલાવે એ પ્રશ્ન એમના બંનેનો છે. બીજાએ એમાં દખલગીરી કરવી ના જોઈએ.

તારો બન્ની

# સંધ્યા છાયા

## આમ થઈ શકે જીવન નિર્વાહની સાથે સમાજસેવા...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

કેટલાંક લોકો સમી સાંજે રોદણાં રડતા રહે છે. કોઈકને આર્થિક ફરિયાદ હોય તો કેટલાકને તબિયતની... આ લોકોને તમે મળોને તો એમના સ્વાસ્થ્ય વિશે એટલી ફરિયાદ કરશે કે તમે કંટાળી જશો. પોતાને કેટલી અને કેવીક શારીરિક તકલીફ છે, કેટલી દવા- ઈંજેકશન લે છે, કેટલી વાર ડોકટર પાસે જવું પડે છે થી લઈને કેટકેટલી વસ્તુ પોતે ખાતા નથી, ફક્ત સિલેકટેડ ખોરાક જ લે છે... વગેરે... વગેરે..

આ બધા વચ્ચે કેટલીક વયસ્ક વ્યક્તિઓને પોતાનાં સંતાનો-ખાસ કરીને પુત્ર-પુત્રવધૂ માટે ફરિયાદ હોય છે. દીકરો વાત કરતો નથી- દીકરાની વહુ એમનું માન જાળવતી નથી... વગેરે... વગેરે...

જોકે, સિક્કાની આ એક બાજુ છે. સિક્કાની બીજી બાજુ એવી પણ વ્યક્તિઓ છે, જે સમાજને ઉપયોગી થાય છે, સાથે સાથે પોતાની માટે તેમ જ પરિવારની માટે અર્થોપાર્જન પણ કરે છે.

આમાંના એક એટલે હિનાબહેન... આવો, એમને મળીએ... હિનાબહેન મનોજ ભાઈનો મધ્યમ વર્ગીય પરિવાર. આ દંપતીને એક પુત્ર. મનોજ ભાઈ સામાન્ય નોકરી કરે. મહિનાની આખર તારીખમાં તો ખર્ચના બે છેડા મેળવતા હિનાબહેનના નાકે દમ આવે... દીકરો ભણવામાં સામાન્ય. માંડ ગ્રેજ્યુએટ થયો. આજકાલ બી.એ., બી.કોમ.ની કોઈ કિંમત નથી. દીકરાને પણ નોકરી મળવામાં મુશ્કેલી પડતી હતી. દીકરાને એક જગ્યાએ નોકરી મળી તો ખરી પણ પગાર બહુ જ ઓછો. જોકે બાપ-દીકરા બે જણની આવક થવાથી થોડી રાહત થઈ. સાધારણ ઘરની સાધારણ ભણેલી યુવતી સાથે પુત્રના લગ્ન થયા. સમય જતાં વહુને એક પુત્ર થયો. ખર્ચ ઓર વધ્યો.

હિનાબહેનને થયું આમ ખર્ચને કઈ રીતે પહોંચી વળાશે? કાંઈક તો કરવું પડે. પાડોશી ક્યાંક ખાખરા બનાવવા જતા હતા. એમની સાથે હિનાબહેન પણ જવા માંડ્યા. બે પૈસા મળતા થયા.. હજુ ઘરમાં પૈસાની ખેંચ રહેતી હતી. ખાખરા બનાવવા જતા હિનાબહેનને વિચાર આવ્યો : પોતે જ કેમ પોતાનો આવો ગૃહઉદ્યોગ વિકસાવી ન શકે? પુત્રવધૂને વાત કરી. સાસુ-વહુ બંનેએ વિચાર કરવા માંડ્યો કે કંઈક વિકાસ થાય તેવું કામ કરીએ. હિનાબહેને પોતાના ઘરમાં જ બે- ત્રણ બહેનોને કામે રાખીને ખાખરા બનાવવાનું કામ શરૂ કર્યું. પુત્રવધૂએ કમ્પ્યુટર કલાસ કર્યા હોવાને કારણે એને ટેક્નોલોજીનું જ્ઞાન હતું. પુત્રવધૂ ચાર્મી ખાખરાના ઓનલાઈન ઓર્ડર લેવા લાગી. લોકો ખાખરાના ઓર્ડરની સાથે બીજા નાસ્તા - પૂરી, સેવ, ચકરી, ચેવડો વિશે પણ પૃચ્છા કરતા. હિનાબહેને આ વાતને વાસ્તવમાં પલટવાની શરૂ કરી દીધી. બીજી બે બહેનોને કામ પર રાખી લીધી અને નાસ્તા તૈયાર કરવા માંડયા. પછી



પ્રતીકાત્મક ફોટો

તો ચાર્મીના સહયોગે હિનાબહેનના 'હીના ગૃહઉદ્યોગ'ની તો નીકળી પડી.

હિનાબહેન ખાખરા અને નાસ્તાનો ભાવ બજાર કરતાં ઘણો ઓછા રાખતા હતા જેથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો લાભ લઈ શકે અને હિનાબહેન ઉદ્દેશ હતો કે પરિવારનો ખર્ચ સારી રીતે નીકળી જાય અને સમાજને મદદરૂપ થઈ શકાય આમ એ એક કાંકરે ત્રણ પક્ષી મારતા હતા. કામ કરવા આવનાર બહેનોને પણ યોગ્ય પૈસા આપતા હતા.

સમય જતા જગ્યાની સંકડાશનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. એમણે થોડી સમાજસેવી સંસ્થાઓને આ વિશે વાત કરી.. જો કોઈ સંસ્થા તેમની જગ્યાનો ઉપયોગ ભાડા વગર અથવા તો ઓછા ભાડાથી કરવા દે તો હિનાબહેનનું કામ થઈ જાય. કહેવાય છે ને કે તમે કોઈનું ભલું કરવા ઈચ્છતા હો તો ઈશ્વર તમારી મદદે આવે છે.

હિનાબહેન સાથે પણ આમ જ થયું. એક સંસ્થાએ હિનાબહેનને મળવા બોલાવ્યા. સંસ્થાના પ્રમુખે એ જાણી લીધું કે હિનાબહેનનો ગૃહઉદ્યોગ નફો રળવા માટે નથી માટે પ્રમુખે હિનાબહેનને સંસ્થાની જગ્યા વગર ભાડે વાપરવા આપી દીધી.

હિનાબહેનને મોટી જગ્યા મળતા કામ વધારી દીધું.. હવ એમના ઉદ્યોગગૃહમાં ત્રીસેક બહેનો કામ કરવા આવતી હતી. બધી બહેનોને યોગ્ય મહેનતાણું મળતું હતું. બધી બહેનો પણ ખુશ હતી. વર્ષને અંતે જે પૈસા બચતા તેમાંથી બહેનોને સોનાની લગડી હિનાબહેન લઈ દેતાં. ભલેને તે ફકત એક કે બે ગ્રામની હોય પણ ટીપે ટીપે સરોવર ભરાય એ દૃષ્ટિએ હિનાબહેન બહેનોને સોનું આપતા..!

હિનાબહેનનો વ્યવસાય વધતો જ ગયો, એમનો નાસ્તો અમેરિકા, ઑસ્ટ્રેલિયા, દુબઈ... વગેરે દેશમાં પણ જવા લાગ્યો... હિનાબહેનનો પરિવાર તો સમૃદ્ધ થયો જ સાથે - સાથે કામ કરતી બહેનોના પરિવારની પણ પ્રગતિ થઈ હિનાબહેનની દીર્ઘદૃષ્ટિ અને સમાજ પ્રત્યેની નિષ્ઠાને સલામ કરવી જોઈએ... ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# સૌને લાગે છે કે મને ચર્ચામાં રહેવાનો શોખ છે...



(ભાગ: ૫)
નામ: ડેમી મૂર
સમય: ૨૦૨૫
સ્થળ: હેલી, ઈડાહો
ઉંમર: ૬૨ વર્ષ

લગભગ દરેક માણસના જીવનમાં એવો સમય આવતો હોય છે જ્યારે એ વ્યક્તિ સમજ્યા વગર જીવનના કેટલાક નિર્ણયો કરે. મારી મા સાથેના મારા સંબંધો બહુ ખરાબ હતા. અમારી વચ્ચે જો કોઈ એક વ્યક્તિને કારણે બધું ટકી રહ્યું હોય તો એ મારા પિતા ડેની ગઈનસ હતા... ડેનીએ આપઘાત કર્યા પછી હું તૂટી ગઈ. ઝાઝું વિચાર્યા વગર મેં ૧૮ વર્ષની ઉંમરે ફ્રેડી સાથે લગ્ન કરી લીધા. ફ્રેડી ૩૦ વર્ષના, પરિણીત હતા... એ લગ્ન બે વર્ષથી ઓછું ટકી શક્યા.

હું નાની હતી, વિદ્રોહી અને ધાર્યું કરતાં શીખી ગયેલી એક જિદ્દી અલ્લડ છોકરી હતી. ડેનીએ મને કારકિર્દી ઘડવામાં ચોક્કસ મદદ કરી, પરંતુ સાથે સાથે એમણે મને કંટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. હું વધુ વિદ્રોહી બની ગઈ. જોન ક્રાયર અને રોબ લોવ જેવા અભિનેતાઓ સાથે નાનામોટા લફરા કર્યા પછી હું એક સમજદાર અને સ્થિર સંબંધની શોધમાં હતી.

એ ગાળામાં હું એમિલિયો એસ્ટેવેજને મળી. એ 'ધ બ્રેકફાસ્ટ ક્લબ'ના અભિનેતા હતા. અમે 'સેન્ટ એલ્મોઝ ફાયર'માં સાથે કામ કર્યું. એના પિતા મશહૂર અભિનેતા માર્ટીન શીન હતા. એનો ભાઈ પણ અભિનેતા હતો, ચાર્લી શીન... એ પણ મારી જેમ વિદ્રોહી હતો. ખૂબ સુંદર લખતો અને નિર્દેશક બનવા માગતો હતો. એણે પોતાના પરિવારની અટક 'શીન' વાપરવાને બદલે 'એસ્ટેવેજ' નામ રાખ્યું જેથી એ પોતાની અલગ ઓળખ બનાવી શકે. અમારી દોસ્તી અખબારોની ગોસિપ કોલમ સુધી પહોંચી ગઈ. એમિલિયો સાથેનો મારો સંબંધ ૧૯૮૦ના દાયકાનો સૌથી ચર્ચિત અને અફવાનાં બજારોને ગરમ કરનારો સંબંધ રહ્યો. ફ્રેડીને પણ ખ્યાલ આવી ગયો કે, હું એમિલિયોની નજીક આવી રહી છું. ૧૯૮૫માં મેં ઘર છોડી દીધું. છૂટાછેડા માટે અરજી કરી અને ફ્રેડીએ પણ બીજી કોઈ માથાકૂટ કર્યા વગર છૂટાછેડા આપી દીધા. મારી કારકિર્દીનાં ઉત્તમ વર્ષો અને આજે હું જે કંઈ છું એ માટે હું ફ્રેડીની આભારી છું. ડેમી ગઈનસમાંથી મેં મારું નામ ડેમી મૂર કર્યું... પછી જીવનભર મારું એ જ નામ રહ્યું. ફ્રેડી સાથે છૂટાછેડા લીધા પછી પણ મેં 'મૂર' અટક બદલી નહીં. આ કદાચ ફ્રેડી માટે મારો આદર અને સ્નેહ વ્યક્ત કરવાની રીત છે. ફ્રેડી પછી મેં બીજા બે લગ્ન કર્યાં, પરંતુ મારું નામ ડેમી મૂર જ રહ્યું.




એમિલિયો સાથેનો સંબંધ ૧૯૮૭ સુધી ચાલ્યો. અમે એન્ગેજમેન્ટ કર્યું, પરંતુ અમને સમજાઈ ગયું કે, અમે એકબીજા સાથે લગ્ન કરીને સુખી નહીં રહી શકીએ. અમે સમજદારીથી એન્ગેજમેન્ટ તોડી નાખ્યા. એ પછી મેં નક્કી કર્યું કે હવે થોડા વખત માટે કોઈ પુરુષને મારા જીવનમાં સ્થાન નહીં આપું. મારે મારા કામ પર ધ્યાન આપવાનું હતું અને કોઈપણ રીતે આગળ વધવાનું હતું. ૧૯૮૭માં હું બ્રુસ વિલીસને મળી. જુલાઈ, ૧૯૮૭માં હું મારા ફિયોન્સે એમિલિયો એસ્ટેવેજ સાથે એક પ્રીમિયરમાં ગઈ હતી. બ્રુસ એક જાણીતા અભિનેતા તરીકે મને ત્યાં મળ્યા. એ વખતે એમની 'ડાય હાડ' સિરીઝ ખૂબ લોકપ્રિય હતી. લોકો આજે પણ એમને જોન મેકલેનની ભૂમિકા માટે યાદ કરે છે. બ્રુસને મળતા જ મને લાગ્યું કે જાણે અમારી વચ્ચે સદીઓ જૂની ઓળખ છે. અમે ટૂંકાગાળામાં ડેટિંગ કરવા લાગ્યા. એમિલિયો સાથેનું એન્ગેજમેન્ટ અમે સમજદારીથી પૂરું કર્યું અને ૨૧ ડિસેમ્બર, ૧૯૮૭ના દિવસે લાસવેગાસના વ્હાઈટ ચેપલમાં અમે અચાનક લગ્ન કરી લીધાં. મારા તમામ મિત્રો અને સગાઓ સહિત મારી માને ખૂબ નવાઈ લાગી.

૧૯૮૮માં મારી માને બ્રેઈન ટ્યુમર ડાયગ્નોસ થયું. અમારા સંબંધો એ વખતે પણ કંઈ બહુ સારા નહોતા, પરંતુ મારી કાકીએ મને કહ્યું કે મારે એને મળી લેવું જોઈએ. જે સ્ત્રીએ મને ૫૦૦ ડૉલરમાં કોઈકને વેચી દીધી હતી, જે સ્ત્રીએ કદી મારી કાળજી નથી કરી, જે સ્ત્રીને મારે ડ્રગ ઓવરડોઝથી બચાવવી પડી, જે સ્ત્રીને લીધે મારા પાલક પિતાએ આપઘાત કર્યો એને હું માફ કરી શકતી નહોતી, પરંતુ જ્યારે મને સમજાયું કે હવે એ લાંબું નહીં જીવે ત્યારે મેં બધી કડવાશ ભૂલાવીને એની સાથે થોડો સમય વિતાવવાનું નક્કી કર્યું. એ મૃત્યુ પામી એ પહેલાં અમારી વચ્ચે સમાધાન થઈ ગયું. સાચું પૂછો તો એનાથી મને પણ માનસિક રાહત થઈ. બ્રુસે અમારા સમાધાન માટે મને સમજાવી, એ વાત પણ મારે સ્વીકારવી જોઈએ!

એ પછી મારી કારકિર્દીએ પાછા વળીને જોયું નથી. ૧૦ મિલિયન ડૉલર ચાર્જ કરનારી હું પહેલી અભિનેત્રી બની હતી... ૧૯૯૦ના દશકની શરૂઆતમાં હોલિવૂડના મેગેઝિન્સમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી કે, 'ડેમી મૂર સૌથી વધુ વેતન મેળવનારી અભિનેત્રી છે.' ૧૯૯૦માં 'ઘોસ્ટ' આવી જે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. એને માટે મને ગોલ્ડન ગ્લોબમાં નોમિનેશન મળ્યું. ૧૯૯૨માં આવી 'ફ્યુ ગુડ મેન' એ ફિલ્મને અનેક ઓસ્કાર મળ્યા અને પછી ૧૯૯૩માં રોબર્ટ રેડફર્ડ સાથે 'ઈનડિસન્ટ પ્રપોઝલ' આવી. એ ફિલ્મે ૨૬૬ મિલિયનથી વધુ કમાણી કરી એટલું જ નહીં, ફિલ્મને વૈશ્વિક સ્તર પર રજૂ કરવામાં આવી અને વિશ્વની ૭૦થી વધુ ભાષાઓમાં ડબ કરવામાં આવી. આ ફિલ્મ પછી મને એક જુદી જ ઓળખ મળી. અત્યાર સુધી લોકોને લાગતું હતું કે, હું એક સુંદર દેખાતી સ્ત્રી છું, પરંતુ 'ઈનડિસન્ટ પ્રપોઝલ' પછી મને એક અભિનેત્રી તરીકે બહુ જ મોટો આવકાર મળ્યો. ૧૯૯૪માં આવી 'ડિસ્ક્લોઝર' એ ફિલ્મે પણ ૨૫૦ મિલિયન ડૉલરથી વધુ કમાણી કરી અને વર્લ્ડ સિનેમામાં મારી બંને ફિલ્મો વિશે ખૂબ ચર્ચા થઈ. બંનેના વિષય જબરજસ્ત હતા... 'ઈનડિસન્ટ પ્રપોઝલ'માં જુગારમાં હારી ગયેલો એક પતિ પોતાની પત્નીને એક કરોડપતિ સાથે રાત વિતાવવા મોકલે છે અને 'ડિસ્ક્લોઝર'માં એક પુરાણી પ્રેમિકા પોતાના પૂર્વ પ્રેમી ઉપર શારીરિક શોષણનો આરોપ લગાવે છે... એ પછી ૯૬માં આવી 'સ્ટ્રીપ્ટીઝ'... એ ફિલ્મ માટે મને ૧૨.૫ મિલિયન ડૉલરનું મહેનતાણું મળ્યું. ફિલ્મ લોકોને ખૂબ ગમી નહીં, પરંતુ વિવેચકોએ ફિલ્મને વખાણી. જીઆઈ...જેન અને ઈફ ધ વોલ સ્કૂટ ટોક પણ ખૂબ જ રસપ્રદ ફિલ્મો હતી. જેમાં ફરી એકવાર મને ગોલ્ડન ગ્લોબનું નોમિનેશન મળ્યું...

મારા સાયકિયાટ્રીસ્ટે મને રિગ્રેશન થેરેપી આપી. આ એવી થેરેપી છે જેમાં હિપ્નોટાઈઝ કરીને વ્યક્તિને એના ભૂતકાળમાં લઈ જવામાં આવે અને ત્યાં-એ સમયે બનેલી કોઈ એક ઘટના જેનાથી એના માનસિક સ્વાસ્થ્ય પર અસર પડી હોય એ ઘટનામાં એની મદદ કરીને એની આજની માનસિક સ્થિતિ પર સુધાર લાવી શકાય. મારા સાયકિયાટ્રીસ્ટે મને કહ્યું કે, મારે મારા બાળપણમાં પાછા જવાની જરૂર છે. જે બાળપણ મેં માણ્યું નથી એ મારે માણવું જોઈએ, એવું કહીને એણે મને એક ઢીંગલી ભેટ આપી! અહીંથી મારા જીવનના એક નવા વળાંકની શરૂઆત થઈ. મેં ઢીંગલીઓ ભેગી કરવાની શરૂઆત કરી. આજે મારી પાસે ૨ હજારથી વધુ ડોલ્સનો સંગ્રહ છે. જેને માટે એક બંગલો ખરીદ્યો અને ડોલ્સ મ્યુઝિયમ બનાવ્યું. આ ઢીંગલીઓ ધીરે ધીરે ભેગી થઈ છે, પરંતુ ઢીંગલી ખરીદતી વખતે મને એક અજબ જેવા સુખનો અહેસાસ થતો. હું થોડો વખત એ ઢીંગલી સાથે રમતી, ત્યારે મને લાગતું કે હું ફરી બાળકી બની ગઈ છું... એ ઢીંગલીઓએ મારા માનસિક સ્વાસ્થ્યમાં ખૂબ મદદ કરી.


બ્રુસના લગ્નમાં મેં ત્રણ દીકરીઓને જન્મ આપ્યો. રૂમરનો જન્મ ૮૮માં થયો. એના જન્મ પહેલાં જ્યારે હું પ્રેગ્નેન્ટ હતી ત્યારે 'વેનિટી ફેર' નામના મેગેઝિન માટે મેં પ્રેગ્નેન્સી સાથે ન્યૂડ ફોટોશુટ કર્યું... આ ફોટોશુટને કારણે હું ખૂબ ચર્ચામાં રહી. અમેરિકન લોકો આમ તો ઘણા આધુનિક કહેવાય છે, પણ પ્રેગ્નેન્સીમાં ન્યૂડ ફોટોશુટ વિશે અનેક લોકોએ વિરોધ કર્યો એટલું જ નહીં, મારા ઉપર અશ્લીલતાનો કેસ થયો જોકે, કશું સાબિત થઈ શક્યું નહીં...

સૌને લાગે છે કે મને ચર્ચામાં રહેવાનો શોખ છે... ગોસિપની કોલમ્સમાં મારું નામ છપાતું રહે એ માટે હું કંઈ પણ કરવા તૈયાર છું, પરંતુ એવું નથી! જાણે-અજાણે મારા નિર્ણયો વિવાદાસ્પદ બની જાય છે. મારી બીજી દીકરી સ્કાઉટ લારૂ વિલીસના જન્મ પછી પણ એમ જ થયું...

(ક્રમશઃ)

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# અનુભવ થકી સમજાય છે આ જિંદગી...




**ધીમે-ધીમે** સાંજ ઢળી રહી હતી. રોજ માફક ચાની પ્રસરતી સોડમ, બલ્બનો આછો-પીળો ઉજાસ, રસોડામાં કામ કરતી ગૃહિણી.

ઘરમાં આમ બધું સામાન્ય હતું. એવામાં સોળ વર્ષની મીલી, પોતાના રૂમમાંથી ધડબડાટ કરતી નીચે આવી. હાથમાં ફોન ને ચહેરો જોયો હોય તો તમતમી ગયેલો.

'મારે, નાઈટ આઉટ માટે જવું છે. અવાજમાં શક્ય એટલો સંયમ રાખી મીલીએ મમળાવ્યું. એની મમ્મી - જયંતિ, શાક સમારતી હતી. મીલીનું વાક્ય સાંભળી એણે પીઠ ફેરવી. એની ધારદાર નજર મીલીને વીંધી ગઈ.

'ના, મીલી...' જયંતિનો અવાજ શાંત છતાં દ્રઢ હતોઃ 'એમ નવીસવી બનેલી ફ્રેન્ડને ત્યાં આખી રાત રોકાવું યોગ્ય નથી...'

એક પળ માટે રસોડામાં સન્નાટો છવાઈ ગયો. બીજી ક્ષણે એ સન્નાટાને ચીરતી મીલીની ચીસ નીકળીઃ

'તને મારા પર ક્યારેય ભરોસો નહીં આવે. હેં ને? તું મારા પર ક્યારેય વિશ્વાસ નહીં કરે? 'મીલીનો પ્રશ્ન તીખો, કાનમાં વાગે એવો હતો, જેને જયંતિએ નજરઅંદાઝ કર્યો. મીલીની આંખમાં આંસુઓ છલકાય ગયા. એણે ડૂમો ભરાયેલા સ્વરે આગળ ચલાવ્યું:

'હું કંઈ હવે નાની કીકલી નથી. મમ્મી, મને ખબર પડે છે.

શું કરવું ને શું નહીં. મારા માટે શું યોગ્ય છે ને શું નહીં.'

મીલીને આ રીતે ઘાંટા પાડતી જોઈ જયંતિ થોડી વિચલીત થઈ ઊઠીઃ 'હું જાણું છું કે તું મોટી થઈ રહી છે.', જયંતિએ હળવેકથી કહીને ઉમેર્યુંઃ

'મારી ફરજ છે કે, તને હું સાચી સલાહ આપું. સુરક્ષિત રાખું. કોઈ પણ ભોગે.' કહી એ મીલીને હગ કરવા આગળ વધી.

'તને બસ, રોકતાં આવડે છે. દરેક વખતે મારે જે કરવું હોય એ ના કરવા દેવાની તારી પાસે હજાર ટ્રીક મળી રહે છે. મારે શું કાચા કામના કેદી માફક ઘરમાં ભરાય રહેવું?' એવું બોલતી મીલીએ જયંતિને રીતસર ધક્કો માર્યો. ડાઈનિંગ ટેબલની ખુરશી જો હાથમાં ના આવી હોત તો, જયંતિ નીચે પછડાવાની હતી.

મીલીનો અવાજ ઉગ્ર થતો ચાલ્યો. એમાં એક પ્રકારની લાચારી ઘૂંટાયેલી હતી, જેને જયંતિ અનુભવી તો રહી હતી. પણ મા તરીકે એનો નિર્ણય અફર હતોઃ

'આઈ, એમ સોરી બેટા, પણ આજે હું તને નહીં જવા દઉં'

હવે કંઈ દલીલ માટે બચ્યું નથી એ સમજી ગયેલી મીલી આંસુઓ ખાળી, ફટાક દેતી ત્યાંથી નીકળી ગઈ. સીડી ચડતાં એણે જે પગ પછાડ્યા એ જાણે આવનારા યુદ્ધનું રણશીંગું હતું. અને છેલ્લે રૂમનો દરવાજો જે રીતે બંધ થયો એ જાણે યુદ્ધ શરૂ થયાની નિશાની. ઘરમાં ગજબ અશાંતિ ફેલાય ગઈ. એ પછી આખી રાતની શાંતીમાં ઘરની દીવાલો વચ્ચે વણકહ્યા વાક્યો અથડાતા રહ્યા.

રાતભર મીલી પોતાના રૂમમાં ક્રોધ, દુઃખ અને અપમાનના અજીબ મિશ્રણમાં ગૂંચવાતી ચાલી. એની આંગળીઓ ફોનની સ્ક્રીન પર નફરત ઓકવા માટે આતુરતાથી ફરી વળી. નાઈટ આઉટ પાર્ટીના ગ્રુપમાં એણે મેસેજ નાખ્યો. 'સોરી ગાય્ઝ, હું નહીં આવી શકું. મારી મા ને કોઈ પરવાહ નથી મારી ખુશીઓની. એ બસ મારી લાઈફ કન્ટ્રોલ કરવા માંગે છે.'

ક્ષણભરમાં ઈનબોક્સ છલકાય ગયું. મિત્રોએ જવાબો આપ્યા હતા. પ્રેમભર્યા, દોસ્તી ભર્યા. થોડીક સલાહો પણ આવી. ને થોડા અફસોસ પણ....' 'અરે, યાર તું નહીં આવે. શીટ્..જોરદાર મજા આવવાની આજે તો અહીં હાઉસ પાર્ટીમાં...'.

મીલીએ ખીજાયને ફોન ફેંકી દીધો. ઘડીક થઈ ત્યાં ફોનમાં ફરી મેસેજ ટોન રણકવા લાગ્યા. મીલીએ એને સાયલન્ટ કરવા ફોન હાથમાં લીધો. ત્યાં વરુણનો મેસેજ પોપ અપ થયોઃ

'યાર, મમ્મીને શું ખબર પડે? તું નીકળી જા...'. પણ મીલી જાણતી હતી કે એની મા ને બધી જ ખબર પડી જાય છે. એ જવાબ આપ્યા વગર પોતાને આવા મા-બાપ મળ્યા, એના માટે નસીબને કોસવા લાગી.

સવાર પડતાં હાહાકાર મચી ગયો. જે પાર્ટીમાં જવાની મીલી જીદ્દ કરી રહેલી. ત્યાં પોલીસે છાપો પાડ્યો. અનેક એવી વસ્તુઓ મળી જે ટીનએજર્સ માટે પ્રતિબંધિત હોય. મીલીને ચક્કર આવવા લાગ્યાઃ પોતાના મિત્રોની પસંદ આવી હશે? એ વિચારે છાપામાં બધાનાં નામ, છુપાયેલા ચહેરા સાથેના ફોટોગ્રાફ્સ જોઈ મીલીનું હૃદય થડકી ગયું. એને તુરંત મા યાદ આવી.

જયંતિ સવારનો નાસ્તો બનાવી રહી હતી, એણે મીલીના પગરવ સાંભળ્યા. મીલી જે કહેવા આવી હતી એ સમાચાર પોતે ક્યારના વાંચી લીધેલા. મીલીને જોતાં એણે થોડા અફસોસ સાથે કહ્યુંઃ

'ગુડ મોર્નિંગ બેટા, આઈ એમ સોરી પણ દુનિયામાં ઘણું એવું છે, જે તું અત્યારે નથી સમજી શકતી, પણ હું એ જ મારા અનુભવે શીખી છું. મને કાલે રાત્રે સમજાયું કે, તને એટલી આઝાદી દેવી જરૂરી છે, કે તું તારા અનુભવોનું ભાથું અલગથી બાંધી શકે, પરંતુ આજે આ સમાચાર વાંચી મને હાશકારો થયો. મારા અનુભવોના નીચોડે મારી દીકરીને બચાવી લીધી...' આટલું બોલતા જયંતિ ગળગળી થઈ ગઈ.

મીલી એને વળગી પડીઃ 'હું પણ શીખી રહી છું કે, મા કંઈ પણ કહે તો એને દુશ્મન તરીકે ના લેવાય.... સોરી મમ્મા, રીયલી સોરી... '

મીલીના વાળ પર હાથ ફેરવતી જયંતિને પહેલીવાર દીકરીના શબ્દોમાં સમજદારી વર્તાઈ. એ જોઈ દાદીએ લાપસીના આંધણ મૂકવાની સૂચના આપી. આખરે વર્ષો પછી મા-દીકરી વચ્ચે સ્વસ્થ સંવાદ સધાવાના શ્રીગણેશ થયા હતા. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

## વિશ્વ અન્ડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ જીતનારી પ્રથમઃ

# હિમા દાસ



ઢીંગ એક્સપ્રેસ અને ગોલ્ડન ગર્લ... રમતગમત જગતમાં આ હુલામણા નામ કોનાં છે એ જાણો છો ?

એથ્લેટિક્સના જાણકાર તરત જ આ સવાલનો જવાબ વાળશેઃ હિમા દાસ... ભારતીય દોડવીર. વિશ્વ અન્ડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ જીતનારી પ્રથમ ભારતીય મહિલા. ફિનલેન્ડમાં આયોજિત પ્રતિયોગિતામાં ૫૧.૪૬ સેકન્ડમાં ચારસો મીટરની દોડ પૂર્ણ કરીને, સુવર્ણચંદ્રક મેળવીને દેશની આન, બાન અને શાન વધારનારી પ્રથમ ભારતીય મહિલા અને એક જ મહિનામાં પાંચ પાંચ સુવર્ણચંદ્રક મેળવનારી પ્રથમ ભારતીય ખેલાડી...!

નાની ઉંમરે હિમા દાસ નાનો પણ રાઈનો દાણો હતી. ઢીંગ એક્સપ્રેસ નામ કાંઈ એમનેમ નથી મળ્યું એને. એણે મોટાં પુરસ્કારો જીત્યાં છે : એપ્રિલ ૨૦૧૮માં ગોલ્ડ કોસ્ટમાં ખેલાયેલા કોમનવેલ્થ ખેલોની ચારસો મીટરની સ્પર્ધામાં છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કર્યું, ગુવાહાટીમાં યોજાયેલી આંતરરાજ્ય ચેમ્પિયનશિપમાં કાંસ્યચંદ્રક વિજેતા અને ૨૦૧૮માં જાકાર્તામાં બે દિવસમાં બીજી વાર મહિલા ચારસો મીટર દોડમાં રાષ્ટ્રીય વિક્રમ તોડીને રજતચંદ્રક મેળવ્યો. ૧૨ જુલાઈ ૨૦૧૮ના ફિનલેન્ડમાં ટાંપરેમાં આયોજિત ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન-આઈએએએફ વિશ્વ અન્ડર-૨ની ચારસો મીટર દોડ પ્રતિયોગિતામાં ૫૧.૪૬ સેકન્ડમાં અંતર કાપીને સુવર્ણચંદ્રક મેળવ્યો અને ૩૦ ઓગસ્ટ ૨૦૧૮ના ઇન્ડોનેશિયાના જાકાર્તામાં આયોજિત એશિયન ગેમ્સમાં ચારસો મીટરની દોડમાં સુવર્ણચંદ્રક...

ગોલ્ડન ગર્લ હિમાની આંતરરાષ્ટ્રીય સુવર્ણચંદ્રકોની તો લાંબી યાદી છે. જુલાઈ ૨૦૧૯માં, માત્ર ઓગણીસ વર્ષની ઉંમરે એક જ મહિનામાં ગોલ્ડન ગર્લ હિમા દાસે ૨ જુલાઈથી ૨૨ જુલાઈ ૨૦૧૯ દરમિયાન યુરોપમાં યોજાયેલી દોડ સ્પર્ધાઓમાં પાંચ પાંચ સુવર્ણચંદ્રક જીતેલાં. ૨ જુલાઈ ૨૦૧૯ના પોલેન્ડમાં આયોજિત પોજનાન એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં બસ્સો મીટરની દોડ ૨૩.૬૫ સેકન્ડમાં પૂરી કરીને સ્પર્ધામાં સુવર્ણચંદ્રક, ૮ જુલાઈ ૨૦૧૯ના પોલેન્ડના કુત્નોમાં આયોજિત એથ્લેટિક્સ મીટમાં બસ્સો મીટરની દોડ ૨૩.૯૭ સેકન્ડમાં પૂરી કરીને પ્રતિયોગિતામાં સુવર્ણચંદ્રક, ૧૩ જુલાઈ ૨૦૧૯ના ચેક ગણરાજ્યના ક્લાડનોમાં આયોજિત એથ્લેટિક્સ મીટમાં બસ્સો મીટરની દોડ ૨૩,૪૩ સેકન્ડમાં પૂરી કરીને સુવર્ણચંદ્રક અને ૧૭ જુલાઈ ૨૦૧૯ના ચેક ગણરાજ્યના તબોરમાં યોજાયેલી એથ્લેટિક્સ મીટમાં બસ્સો મીટરની દોડમાં પણ સુવર્ણચંદ્રક, ૨૦ જુલાઈ ૨૦૧૯ના ચેક ગણરાજ્યના નોવે મેસ્ટોમાં આયોજિત ચારસો મીટરની દોડ ૫૨.૦૯ સેકન્ડમાં પૂરી કરીને સુવર્ણચંદ્રક ...

આ હિમા દાસનો જન્મ ૯ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ આસામના નાગાંવ જિલ્લાના ઢીંગ ગામે થયેલો. માતા જોનાલી દાસ અને પિતા રણજીત દાસ. માતા ગૃહિણી છે. ઘર અને બાળકોની દેખભાળમાં પરોવાયેલી રહે. પિતા રણજીત બે વીઘા જમીનમાં ચોખાની ખેતી કરે છે. હિમાના પાંચ ભાઈબહેન છે. બધાંય ભાંડરડાંમાં હિમા સૌથી નાની. બાળપણથી જ હિમાનું સ્વપ્ન ખેલાડી બનવાનું હતું. ખેલકૂદ પ્રત્યે એનો અનહદ ઝુકાવ હતો. શાળામાં ભણતી ત્યારે હિમા કેટલાયે પ્રકારની રમતોમાં ભાગ લેતી. એવું કહેવાય છે કે હિમા શાળાના દિવસોમાં છોકરાઓની સાથે મળીને ફૂટબોલ ખેલતી. ફૂટબોલ રમવાને કારણે હિમાની શક્તિ અને એનું આંતરિક બળ અત્યંત વધી ગયેલાં. પરિણામ એ આવ્યું કે હિમા દોડતી ત્યારે એને ઝડપથી થાક ન લાગતો.

હિમાને ગળે વાત ઊતરી ગઈ. એક સાથે બેત્રણ ઘોડા પર સવારી કરવી શક્ય જ નહોતું અને એક તલવારમાં બેત્રણ મ્યાન રાખવી અસંભવ જ હતું. ખેલકૂદના ક્ષેત્રમાં આગળ વધવું હશે તો એક જ રમતમાં ધ્યાન પરોવવું પડશે એવો ખ્યાલ હિમાને આવી ગયો. પણ કયો ખેલ પસંદ કરવો એ સમજાતું નહોતું. હિમાની માનસિક અવઢવમાં પણ ગુરુ જ વહારે ધાયા. એમણે વિવિધ રમતોમાં ભાગ લેતી હિમાને જોયેલી, એથી એ જાણતા હતા કે હિમાએ દોડના ક્ષેત્રમાં આગળ વધવાની જરૂર છે. ગુરુએ હિમાને દોડવીર બનવાની સલાહ આપી.

એ સમયમાં રનિંગ ટ્રેકની સુવિધા નહોતી. એથી હિમા દાસે કારકિર્દીના આરંભિક દિવસોમાં દોડની પ્રેક્ટિસ પિતાના ખેતરમાં અને ફૂટબોલના મેદાનમાં કરેલી. દરમિયાન, ૨૦૧૭માં હિમાએ ખેલ અને યુવા કલ્યાણ નિર્દેશાલય તરફથી આયોજિત કરાયેલા ઈન્ટર ડિસ્ટ્રિક્ટ કોમ્પિટિશનમાં જવાનું થયું. આ પ્રતિસ્પર્ધામાં હિમાએ સો મીટર અને બસ્સો મીટરની દોડમાં ભાગ લીધેલો. દરિદ્રતાને કારણે હિમા પાસે સારાં જૂતાં ખરીદવાના પૈસા નહોતા. સસ્તા જૂતાં પહેરીને લગાવેલી બન્ને દોડમાં હિમા પ્રથમ ક્રમાંકે આવી. સુવર્ણચંદ્રક મેળવ્યા. હિમાએ જે ગતિથી દોડ લગાવેલી, એ જોઈને ઉપસ્થિત સહુ અચંબિત અને આશ્ચર્યચકિત થઈ ગયેલાં.

અચંબિત થયેલાઓમાં એક નિપુણ દાસ પણ હતા. નિપુણ દાસ એક કોચ હતા. કુશળ ઝવેરી હીરાની પરખ કરી લે છે, એમ નિપુણ દાસે વાયુવેગે દોડતી હિમાનું હીર પારખ્યું. એમણે હિમાના કોચ બનવાની ઈચ્છા વ્યક્ત કરી. આમ હિમાને તો એક પંથ દો કાજ જેવું થયું. સ્પર્ધા પણ જીતી અને કોચ પણ મળ્યા. નિપુણ દાસે હિમા દાસને દોડમાં નિપુણ બનાવવાનું બીડું ઝડપ્યું. ગુરુએ શિષ્યાને શોધી લીધેલી અને શિષ્યાને સવાઈ પુરવાર કરવાનો સંકલ્પ કર્યો. નિપુણ દાસ પાસે તાલીમ લેવા માટે હિમાએ રોજેરોજ ગુવાહાટી જવું પડે તેમ હતું. હિમાનો પરિવાર ઘણો ગરીબ હતો, એથી ગુવાહાટીમાં એને તાલીમ આપવાનો સઘળો ખર્ચ કોચ નિપુણ દાસે ઉપાડી લીધેલો. આરંભમાં નિપુણ દાસે હિમાને બસ્સો મીટરની દોડ માટે તૈયાર કરી. જેમ જેમ હિમાનું આંતરિક બળ વધતું ગયું, તેમ તેમ હિમાએ બસ્સોની જગ્યાએ ચારસો મીટરની દોડ લગાવવાનું શરૂ કર્યું. નિપુણ કોચ નિપુણ દાસના હાથ નીચે હિમા નિપુણ દોડવીર થઈ ગયેલી. હિમા હેમ એટલે કે સોનું તો હતી જ, નિપુણ ઝવેરીએ એને કુશળતાથી ટીપીને ઘાટ ઘડેલો. વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં હિમાએ હવે કસોટીની એરણે ચડવાનું હતું.

સ્પર્ધાઓનો આરંભ થયો. હિમાએ બેંગકોકમાં એશિયાઈ યૂથ ચેમ્પિયનશિપની બસ્સો મીટરની દોડમાં સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું. ઓસ્ટ્રેલિયામાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ચારસો મીટરની દોડમાં છઠ્ઠું સ્થાન મેળવ્યું. એ પછી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં જીતીને સુવર્ણચંદ્રક મેળવ્યો. જુલાઈ ૨૦૧૮માં ફિનલેન્ડની વર્લ્ડ અન્ડર-૨૦ દોડ પ્રતિયોગિતામાં ચારસો મીટરની દોડ ૫૧.૪૬ સેકન્ડમાં જીતીને પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો. આ પ્રતિયોગિતા જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની. આ જીત પછી તો હિમા સો ટચનું સોનું બનીને ઝળહળી. જુલાઈ ૨૦૧૯માં એક જ મહિનામાં પાંચ પાંચ સુવર્ણચંદ્રક જીત્યા એણે.... સુવર્ણથી અલંકૃત હિમા દાસનું હુલામણું નામ ગોલ્ડન ગર્લ અને પવનવેગે દોડતી હોવાથી ઢીંગ એક્સપ્રેસ પડ્યું એમાં શું નવાઈ! ■

# ઓલ ટાઈમ ફેવરિટ ડેનિમ સ્કર્ટ્સ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com





ડેનિમ સ્કર્ટ્સ એટલે જે ડેનિમ ફેબ્રિકમાંથી બને. ડેનિમ એ એક જાડું કોટન ફેબ્રિક છે જે મોટે ભાગે બ્લુ કલરમાં લાઈટ ડાર્ક શેડમાં હોય છે. ડેનિમ ફેબ્રિકમાંથી જીન્સ તો બને જ છે પરંતુ ડેનિમ ફેબ્રિકમાંથી સ્કર્ટ્સ પણ બને છે. ડેનિમ સ્કર્ટ એ એક ક્લાસ વેર છે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતા નથી. ડેનિમ સ્કર્ટ્સ એક રેગ્યુલર પેટર્નમાં આવે છે. ડેનિમ સ્કર્ટ્સમાં લેન્થ વેરિએશન વધારે જોવા મળે છે. તમે તમારી હાઈટ અને બોડી ટાઈપ મુજબ સ્કર્ટની લેન્થનું સિલેક્શન કરી શકો. ચાલો જાણીયે ડેનિમ સ્કર્ટ કોણ પહેરી શકે અને ડેનિમ સ્કર્ટ સાથે કઈ રીતે મિક્સ એન્ડ મેચ કરી શકાય.

શોર્ટ ડેનિમ સ્કર્ટ - શોર્ટ ડેનિમ સ્કર્ટ એટલે જે સ્કર્ટની લેન્થ ગોઠણ સુધી હોય અથવા ગોઠણથી ઉપર હોય તેને શોર્ટ સ્કર્ટ કહેવાય. ડેનિમના સ્કર્ટમાં કમરમાં બટન હોય છે જેથી તમારી કમરના હિસાબે જ સ્કર્ટની પસંદગી કરવી. ડેનિમ સ્કર્ટ હંમેશાં ટાઈટ ફિટિંગમાં હોય છે અથવા એ લાઈન સ્ટાઈલમાં હોય છે. જે સ્કર્ટ એ લાઈન સ્ટાઈલમાં હોય તેમાં તો ચાલવામાં વાંધો નથી આવતો પરંતુ જે સ્કર્ટ ટાઈટ ફિટિંગવાળા હોય છે તેમાં સાઈડ પર, ફ્રન્ટમાં કે પછી બેકમાં સ્લીટ આપવામાં આવે છે તેથી તે ચાલવામાં કમ્ફર્ટેબલ લાગે. જેમનું શરીર સુડોળ હોય તેમને આ શોર્ટ લેન્થવાળા સ્કર્ટ ખૂબ જ સુંદર લાગે છે. ડેનિમ સ્કર્ટ સાથે ક્રોપ ટોપ, હોલ્ટર ટોપ, કે શર્ટ પણ પહેરી શકાય. સૌથી મોટો પ્લસ પોઇન્ટ એ છે કે, ડેનિમના બ્લુ કલર સાથે તમે કોઈ પણ કલર મિક્સ એન્ડ મેચ કરી શકો.

થ્રી ફોર્થ ડેનિમ સ્કર્ટ - થ્રી ફોર્થ ડેનિમ સ્કર્ટ એટલે જે સ્કર્ટની લેન્થ કાફ સુધી હોય. ડેનિમ સ્કર્ટ હંમેશાં એક બેઝિક પેટર્નમાં જ હોય છે. માત્ર તેમાં સ્લીટ, પોકેટ અને બટનના પ્લેસમેન્ટનું વેરિએશન આવે છે. થ્રી ફોર્થ સ્કર્ટમાં ફ્રન્ટમાં, બેકમાં કે પછી સાઈડમાં સ્લીટ હોય છે. જો તમે કેઝ્યુઅલ આઉટિંગ માટે થ્રી ફોર્થ ડેનિમ સ્કર્ટ પહેરવા માંગતા હોવ તો ફ્રન્ટ સ્લીટવાળું સ્કર્ટ પહેરી શકાય અને તેની સાથે વાઈટ શર્ટ એક પરફેક્ટ કોમ્બિનેશન બની શકે. ડેનિમ સ્કર્ટ સિલેક્ટ કરતી વખતે ડેનિમના કલરનું ખાસ ધ્યાન રાખવું એટલેકે, જો તમારું શરીર સુડોળ હોય તો લાઈટકલરનો બ્લુ શેડ પસંદ કરી શકો અને જો તમારું શરીર ભરેલું હોય તો તમારે ખાસ કરીને ડાર્ક બ્લુ કલરનું ડેનિમ સ્કર્ટ પસંદ કરવું જેને લીધે તમારી બોડી લાઈન થોડી ટ્રિમ લાગે. ડાર્ક બ્લુ ડેનિમ સ્કર્ટ સાથે બ્લેક, ઓરેંજ, પેરેટ ગ્રીન, વાઈટ, બેજ વગેરે કલરના ટોપ્સ પહેરી શકાય. ડીપેન્ડિંગ કે તમારે ક્યાં જવાનું છે. થ્રી ફોર્થ ડેનિમ સ્કર્ટ મિડલ એજ મહિલાઓ પર ખૂબ જ શોભે છે. આ સ્કર્ટ તમને એક ઓફિસ લુક પણ આપી શકે સાથે સાથે એક કેઝ્યુઅલ લુક પણ આપી શકે.

ફૂલ લેન્થ ડેનિમ સ્કર્ટ- ફૂલ લેન્થ ડેનિમ સ્કર્ટ એટલે કે જે સ્કર્ટની લેન્થ એન્કલ સુધી હોય. આમ પણ એ લાઈન અને સ્ટ્રેટ ફિટ એમ બન્ને ફિટિંગવાળા સ્કર્ટ આવે છે. તમારી બોડી ટાઈપ મુજબ તમે સ્કર્ટની સ્ટાઇલ પસંદ કરી શકો. સુડોળ શરીરવાળી યુવતીઓને તો આ સ્ટાઇલ સારી લાગશે જ પરંતુ જેમનું શરીર ભરેલું છે તેમને પણ આ સ્ટાઇલનું સ્કર્ટ સારું લાગશે. લોન્ગ સ્કર્ટમાં કે જેમાં પેટર્ન દેખાય તેમાં તમે બટનવાળા સ્કર્ટ સિલેક્ટ કરી શકાય. બટન મોટા ભાગે મેટલના જ હોય છે અને તે પણ સિલ્વર કલરના જેથી કોઈપણ કલરના ડેનિમના શેડ સાથે સારા જ લાગે. થ્રી ફોર્થ અને લોન્ગ સ્કર્ટ સાથે તમે ટોપ્સ ઈન્ટક કરી પહેરી શકો. અને કમર પર કોઈ ફેન્સી બેલ્ટ પહેરી શકો. ડેનિમના જે એ લાઈન સ્કર્ટ હોય તેની સાથે તમે કોઈ ફેન્સી ટોપ્સ પણ પહેરી શકો.

## ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- ડેનિમના સ્કર્ટની હેમલાઇન રફ સિલેક્ટ કરવી જેને લીધે થોડો ફેન્સી લુક આવશે.
- ડેનિમ સ્કર્ટ સાથે સ્પોર્ટ્સ શૂઝ, હાઈ હિલ્સ કે પછી લોફર્સ પહેરી શકાય.
- ડેનિમ સ્કર્ટ કોઈ પણ ઉંમરની મહિલા કે યુવતી પહેરી શકે.
- ડેનિમ સ્કર્ટ એક કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે.
- એક મહિલાના વોર્ડરોબમાં એક ડેનિમ સ્કર્ટ તો હોવું જ જોઈએ.
- ડેનિમ સ્કર્ટમાં તમે સ્ટોન વોશ સ્ટાઇલ પણ પહેરી શકો.
- ડેનિમ સ્કર્ટ પહેર્યા પછી એક સ્માર્ટ લુક તો આવે જ છે પરંતુ કોઈનું જોઈને ફેશનનું આંધળું અનુકરણ કરવું નહિ. ■

# ચપ્પલની પસંદગી મોસમ અનુસાર

ફોકસ પ્લસ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

ગરમીમાં જો કોઈપણ હેરાન થતું હોય તો ચપ્પલમાંથી આવી રહેલી બદબૂથી. આવા સમયે જ્યારે ચપ્પલ ખરીદવા જઈએ ત્યારે ક્યા ચપ્પલ કંઈ ઋતુમાં પહેરી શકાય તેનું ખાસ ધ્યાન રાખવું. ઈનફેક્ટ આનાથી ઉંધું આપણે જ્યારે ચપ્પલ ખરીદવા જઈએ ત્યારે ક્યા ચપ્પલ વધારે ફેશનેબલ લાગે છે તે વિચારીયે છીએ. તમે વિચારતા હશો કે ચપ્પલ પણ ઋતુ પ્રમાણે પહેરવાના હોય? જો ઋતુ પ્રમાણે ન પહેરવામાં આવે તો, પગમાં ઘણા પ્રોબ્લેમ થઈ શકે જેમકે, પગમાં બેક્ટેરિયા થઈ શકે છે જેના કારણે પગમાંથી વાસ આવી શકે છે અને પગની સુંદરતા સાથે નખ પણ ખરાબ કરે છે.

**ઋતુ પ્રમાણે ચપ્પલ ખરીદતા પહેલા આ વાતોનું ખાસ ધ્યાન રાખવું-**

- ઊંચી એડીવાળા ચપ્પલ ન પહેરવા
- ચપ્પલ બહુ ટાઈટ ન ખરીદવા, તેમાં હવા જવાની જગ્યા હોવી જોઈએ.
-ખુલ્લા પંજાવાળા ચપ્પલ પહેરવા કે જેમાં ગાદી હોય કે જે પહેર્યાં પછી આરામદાયક લાગે.
-કોઈ પણ ચપ્પલ માત્ર ફેન્સી જોઈ સિલેકટ ન કરવા પરંતુ દુકાનમાં જ પહેરીને થોડું ચાલી જોવું જેથી કેટલા કમફર્ટેબલ છે તે ખ્યાલ આવે.
-જો કોઈપણ ચપ્પલ કયાંયથી એ ચૂભતા હોય તો ન લેવા.
- જો ફાવતા હોય તો સેંડલ જ ખરીદવા.
-૨ કે ૩ ચપ્પલ હોવા જ જોઈએ જેથી કરી જો એક જ ચપ્પલ હોય તો તે ઘસાઈ ન જાય.

ઘણી વખત સામાન્ય વ્યક્તિ ચપ્પલ ખરીદતા પહેલા ચપ્પલ દેખાવમાં કેવા લાગે છે તે જોશે. ત્યારબાદ ચપ્પલમાં પગ નાખીને જોશે કે ફાવે છે કે નહીં. ચપ્પલ પહેર્યા પછી સૌથી પહેલા વિચારવા જેવી વાત એ છે કે, ચપ્પલ તમારે કેટલા કલાક પહેરવાના છે?

ચપ્પલમાં આંગળીઓ સીધી રહે છે કે નહીં તે જોવું. પગ કોઈ જગ્યાએથી દબાતો નથી તે જોવાનું. પગ એ શરીરનું ખૂબ જ અગત્યનું અંગ છે. ખોટા ચપ્પલ પહેરી પગની અવગણના ન કરવી.

ચપ્પલ ખરીદતી વખતે ચપ્પલનો શેપ આગળથી કેવો છે તે ચકાસી જોવો. જેમકે,

- જો તમારા પગનો પંજો પહોળો હોય તો આગળથી નેરો હોય તેવા ચપ્પલ ન ખરીદવા.
- જો તમને ફલેટ ચપ્પલ ન ફાવતા હોય તો, હિલ્સવાળા ચપ્પલ પહેરવા.
- પાતળી હિલ્સવાળા ચપ્પલ ન પહેરવા. પાતળી હિલ્સમાં બેલેન્સ નહીં રહે તો પગ મચકોડાઈ જશે.
- ખાસ કરીને પ્લેટફોર્મ હિલ્સ પહેરવી.
-જો તમે બંધ શૂઝ પહેરવાના હોવ તો ખાસ કરીને મોજાં પહેરવા. ■



# કવિતા કરવાથી શું થાય?

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

કવિતા કરવાથી શું થાય? આમ જુઓ તો કશું ન થાય અને આમ જુઓ તો ઘણું બધું થાય. જો કે આ બાબતે આપ કવિશ્રી જયંત પાઠકની કવિતા વાંચી શકો છો. આમ છતાં , આ પ્રશ્ન ઘણો ગહન તો ખરો જ. આનો સાચો જવાબ તમને અનુભવ વગર ક્યાંથી મળે? પછી અમને થયું કેઆપણે જાતે જ અનુભવ લઈએ અને અમે આ કસરત આદરી.

શરૂઆત મેં મારા ઘરથી કરી. મેં કવિતા લખી. એના વિષય રાખ્યા, માતા- પિતા, પતિ વગેરે... માતા ઉપર લખેલી કવિતા લઈને બા પાસે પહોંચી અને બાને કહ્યું, ‘બા, જો મેં તારા ઉપર કવિતા લખી છે અને એમાં મેં તારાં ગુણગાન ગાયાં છે, વખાણ કર્યાં છે. તું કહે તો લાવ સંભળાવું’

ત્યાં બા બોલી : ‘એ કવિતા બવિતાનું રહેવા જ દે. એના કરતાં તું લે, આટલાં આદુ -મરચાં વાટી આપ. હમણાં મહેમાન આવવાનાં છે.’

‘ પણ બા, તારા વખાણ કર્યાં છે. એ તો સાંભળ’

‘વખાણને હું ધોઈને પીવાનાં છે? હમણાં મહેમાન આવહે ને તારા બાપા બૂમ પાડહે : જરા વેલકમ ડ્રીંક પીવડાવજો મહેમાનને... ત્યારે તારી કવિતા કંઈ પીવડાવવા કામ નથી આવવાની. વખાણને હું ધોઈને પીવાનાં છે મહેમાન? ચલ, લીંબુ શરબત હો બનાવીને ફ્રીજમાં ઠંડું કરવા મૂકી દે. જોઈ મોટી કવિતા કરવા બેઠી! એના કરતાં રસોડું સંભાળ. કવિતા ની આવડહે તો ચાલહે, પણ રસોઈ કરતાં ની આવડહે, તો કરંડિયો ધોયેલાં મોઢે પાછો આવહે!’



પણ અમે તો કવિતા કરવાથી શું થાય એ અનુભવ લેવા માટે અધીર હતાં. તેથી પૂરા

જોશથી કામે લાગી ગયાં. બાને કહ્યું,‘ તું કેટલી અભાગી છે બા! તું તારી પ્રશંસાનું કાવ્ય સાંભળવાની આનાકાની કરે છે. એક દિવસ જોજે, આ કવિતા એવી તો પ્રખ્યાત થશે કે આખો સમાજ કહેશે કે જે માને આવી દીકરી મળી છે, એ બા કેવાં નસીબદાર છે!’

(બા આદુ મરચાં વટાવવાં બેસાડે, એ પહેલાં અમે અમારા પિતાજી પાસે પહોંચી ગયાં.)

‘પિતાજી, અમે તમારા ઉપર એક કવિતા લખી છે. અનુમતિ આપો તો હું એ સંભળાવું. કવિતા સાંભળીને મને આશીર્વાદરૂપે આપનો અભિપ્રાય જરૂર આપજો.’

‘એ બધું તો ઠીક મારા ભાઈ, તું એક કામ કર. આજે મહેમાન આવવાનાં છે અને કામવાળી પણ હજી આવી નથી. તારી બા રસોડામાં જ પૂરી થઈ જહે તો તું જરા આખું ઘર ઉપરથી લઈ નીચે હુધી બરાબર વાળીઝૂડીને કચરા પોતાં કરીને એકદમ આરસ જેવું ચમકતું કરી નાખ.... જા, જલદી કર. આવનારાં પહેલાં ઘરને જોશે. નહીં કે આવી કવિતા - બવિતા! આવા ઉધામા તો નવરા લોકો કરે. કંઈ કામ હોય નહીં એટલે કવિતા-ફવિતા કરે. આપણે એ ચક્કરમાં પડવાનું નહીં. એવાં ગતકડાં કરવામાં આપણા ગામનો રવલો ગાંડો થઈ ગયેલો. આખા ગામમાં દોડતો રહેતો ને લોકોનાં ઘરનાં બારણાં ખખડાવીને અંદર જઈને સીધો કવિતા લલકારતો. પછી તો એને ગાંડાની હોસ્પિટલમાં ભરતી કરેલો. આપણે એવું ગાંડપણ નથી કરવાનું. હમજી?’

(કવિ અને કવિતાનું મૂલ્ય ગામડિયાઓ ક્યાંથી જાણે? પણ આપણે તો શહેરી છીએ ને. આપણે લાગેલા રહેશું. એક દિવસ સમજાશે... કવિતાનો મહિમા!)

અમે રસોડાનાં કામથી છટક્યાં, પણ હવે ઝાડુ તો પકડ્યે જ છૂટકો...પણ અમે આશાવાદી પૂરાં. પાછાં કવિ થવાના ઓરતા અને કવિતા કરવાથી શું થાય એ જાણવું તો રહ્યું જ! એટલે અમે ઝાડુ કાઢતાં કાઢતાં કવિતા ગાવા લાગ્યાં. ત્યાં જ એક સ્પાર્ક થયો કે મહેમાન ઉપર લખી નાખ અને તે જેવાં આવે, તેવાં એમને ઇમ્પ્રેસ કરી દે. એક દિવસ ઝાડુ નહીં નીકળશે તો ચમક ઓછી નહીં થઈ જાય, પણ કવિતાનું ટાણું ચૂકી જવાય તો ઘણું ગુમાવવાનું આવે. અમે

તો ઝાડુ ખૂણામાં નાખીને કવિતાને આહ્વાન આપ્યું.

‘મહેમાનો મોંઘેરાં પધારો...અમ ભુવન ખુલ્લાં તમારે કાજ, પધારો વહાલાં મહેમાનો...’ અડધા કલાકમાં તો બે પાનાં ભરીને મહેમાનો માટે કવિતા થાળ તૈયાર કરી દીધો. ત્યાં પિતાજી અને માતાજી બંનેની ત્રાડ સંભળાઈ : ‘ક્યાં ગઈ એ કવિતાને રવાડે ચડેલી છોડી?

મોટી નહીં જોઈ એવી! લ્યો, આ ઝાડુ પણ રસ્તામાં નાખીને ક્યાં ગઈ? અરે બાપ રે! ઘરમાં ધૂળના ઢગલા છે. મને તો એમ કે રસોડામાં નથી, તો એ ઘર સાફ કરતી હશે, પણ રાજકુંવરી તો રસોઈ કે સફાઈની જગ્યાએ કવિતા કરવા બેઠી છે!’

ગેલેરીમાં બેસીને લખતાં એવા અમારા હાથમાંથી કાગળો ખેંચીને બા પોતાના હાથમાં લઈને ફાડવાની ચેષ્ટા કરવા ગયાં ત્યાં મહેમાને તેમને અટકાવ્યાં:

‘આ શું કરો છો? બિચારી કવિતા લખતી હતી, એ મેં ચોર પગલે એની પાછળ ઊભા રહીને જોયું. મને તમારી દીકરીની મહેનત ગમી. નિષ્ઠાથી સરસ લખતી હતી. અને તમે આમ...? ’

(મને તો એમ કે હમણાં મારી કવિતા તેઓ વાંચશે અને મારા ઉપર શબ્દોરૂપી પુષ્પવર્ષા કરશે. મને શુભેચ્છાઓ આપશે અને મારા ઘરમાં મારા શેરના ભાવ વધી જશે!)

હું ગદગદ થઈને ‘ થેંક્યુ આન્ટી’ એમ કહેવા જ જતી હતી. ત્યાં આન્ટી બોલ્યાં, ‘ બેટા, પહેલાં મમ્મી- પપ્પા કહે તે કામકાજ પૂરાં કરવાનાં. મહેમાન આવવાના હોય, ત્યારે ઘરમાં સફાઈ - રસોઈનાં કેટલાં કામો હોય! એ કરવું અગત્યનું કે આવા કવિતાના રવાડે ચડવાનું? આજકાલ તો પસ્તીમાં પણ કવિતાઓ વેચાતી નથી... અને ફરી ફરીને એ કવિતાઓ પાછી આપણા ઘરે જ ખોટા સિક્કાની જેમ પાછી ફરે છે.’

‘આન્ટી, તમે એવું કેવી રીતે કહી શકો છો?’ મેં વ્યગ્ર થઈને પ્રશ્ન પૂછી નાખ્યો.

‘બેટા, આ તારી આન્ટી પણ એક જમાનામાં તારી જેમ જ છાનીમાની કવિતા કરતી હતી. અને એ રવાડે ચડીને... જવા દે. ફરી પાછાં એ દુ:ખદ સ્મરણો તાજાં કરવાં નથી.’

‘પણ આન્ટી, કવિતા કરવાથી શું થાય? એ પ્રશ્નનો મને જવાબ જોઈએ છે.’

‘બેટા, કવિતા કરવાથી આમ જુઓ તો કંઈ જ નહીં થાય અને આમ જુઓ તો ઘણું બધું થાય, પણ એ સાપેક્ષ છે બેટા.’

‘પણ આન્ટી, આ સાપેક્ષ એટલે શું?’

‘એટલે..એટલે.... એનો જવાબ ઘણો લાંબો છે ને એ જવાબ આપવા કરતાં કવિતા કરવી સહેલી છે, એ વાત નક્કી છે. જો કે એ પણ સાપેક્ષ છે. બેટા, એક કામ કર. હાલ પૂરતું તું મને વેલકમ ડ્રીંક પીવડાવે તો મને ગમશે. બાકી આ કવિતા કરવાથી શું થાય એ પ્રશ્નનો જવાબ આપવો અઘરો તો ખરો જ!’ ■

# આ દુનિયામાં સૌથી શુદ્ધ પ્રેમ માતાનો

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

**મેવાડના** મહારાણા પ્રતાપની શૂરવીરતા જગમશહૂર છે.

- તેમનો ચેતક ઘોડો અને તેની તલવાર રાજસ્થાનમાં ઘેરઘેર જાણીતાં છે.
- પરંતુ એ મહારાણા પ્રતાપની એક વાત બહુ ઓછા લોકો જાણે છે તે એ છે કે પ્રતાપ સાવ નાનકડા દૂધ પીતા બાળક હતા ત્યારે તેમની માતાની કૂખે ધાવણ આવતું નહોતું.
- એ જમાનામાં રાજા-મહારાજા અને સુખી લોકો આવી કોઈ શક્યતા વિચારીને એવી બીજી સ્ત્રીઓને પોતાને ત્યાં કર્મચારી તરીકે રાખતા હતા જેમને બાળક જન્મ્યા હોય તથા જેમની છાતીએ ધાવણ વછૂટતું હોય.
- ઈતિહાસમાં આવી સ્ત્રીઓ ધાઈમાતા (બાળકને ધવડાવનારી) તરીકે ઓળખાતી.
- બાળકુંવર પ્રતાપને પન્ના નામની ધાઈમાતાએ સ્તનપાન કરાવેલું.
- આ પન્ના સંસ્કારી, પણ ગરીબ હતી.
- એણે પ્રતાપને નીડરતાના અને બહાદુરીના એવા પાઠ ભણાવ્યા કે ઈતિહાસમાં પ્રતાપ અમર થઈ ગયા.
- શહેનશાહ અકબરના સમયમાં ‘આઈના-એ-અકબરી’નામે અકબરની જીવનકથાનો ગ્રંથ લખાયેલો.
- તેના લેખક હાજી અબુલ ફઝલે એક વાત સરસ નોંધી છે.

તેમણે લખ્યું છે કે,

- ધાઈમાતા કોઈ સ્ત્રી જ હોય એ જરૂરી નથી.
- તમને સંસ્કાર સિંચનાર,
- તમને તાલીમ, કેળવણી આપનાર,
- તમારી પરવરિશ કરનાર પણ ધાઈમાતા તરીકે સલામની અધિકારી છે.
- અબુલ ફઝલની આ વાત ખરેખર વિચાર પ્રેરક છે.
- તમને સંસ્કાર સિંચનાર કે તમારી પરવરિશ કરનાર કોઈ પણ હોઈ શકે. એ પણ ધાઈમાતાની જેમ આદરને પાત્ર છે. તેની પણ કુર્નિશ બજાવવી જોઈએ.
- સંત કબીરે પ્રેમના અઢી અક્ષરને સર્વ જ્ઞાન કે પાંડિત્યનો સાર ગણાવ્યો છે.
- ‘ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોઈ.’

પરંતુ

- સૌથી શુદ્ધ,
- સૌથી નિર્મળ,
- સૌથી નિર્દોષ અને
- સૌ કરતાં ચઢિયાતો પ્રેમ કોનો?
- એના જવાબમાં એક ચીની વિદ્વાને કહ્યું,
- આ દુનિયામાં સૌથી શુદ્ધ પ્રેમ માતાનો હોય છે. માતાને
- ભાષા, કોમ, દેશ,
- ઊંચનીચના સીમાડા નડતા નથી.
- પ્રેમ અઢી અક્ષરનો હોય તો પ્રેમ વરસાવનારી માનો ફક્ત દોઢ અક્ષર છે.
- મવત્તા આકાર બરાબર મા.
- અરે દોઢ અક્ષર ધરાવતી મા વિશ્વમાં સૌથી નિ:સ્વાર્થ પ્રેમની ઈર્ષા કરે છે.
- માતાના પ્રેમની તોલે કોઈનો પ્રેમ આવે નહીં.
- એક સ્ત્રી બહેન હોય છે,
- પત્ની કે પ્રિયતમા હોય છે,
- પરંતુ એનામાં રહેલી મા જ્યારે જાગૃત થાય ત્યારે સંબંધોના બીજાં બધાં રૂપ એની પાસે ફિક્કા પડી જાય છે.
- અને એટલે જ પૃથ્વી પરના બીજા બધાં સંબંધોમાં સૌથી વધુ મહત્ત્વ મા-બાળકને આપ્યું છે.
- જગવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોને એક વાર પૂછવામાં આવેલું:

‘સૌથી મુશ્કેલ ચિત્ર કર્યું?’

- કયા દૃશ્યને ચિત્રમાં ઉતારવાનું તમે સૌથી વધુ પડકારરૂપ ગણો છો?
- એક ક્ષણનાય વિલંબ વિના પિકાસોએ કહ્યું.
- ‘બાળકને સ્તનપાન કરાવતી માતા.
- એ મા-બાળક ચાહે માનવ હોય કે પશુ-પક્ષી હોય.
- આ દેશના હોય કે પરદેશના હોય.
- અત્યંત શાંતપણે માતાનું અમૃતપાન કરી રહેલું બાળક અને સંતાનની તૃપ્તિ જોઈને પરમતૃપ્તિ અનુભવતી માતા-આ દૃશ્યને ચિત્રકાર દ્વારા જીવંત કરવાનું સૌથી મુશ્કેલ છે.’ ■



# બીસીસીઆઇને ફટકો, કોચી ટસ્કર્સને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવા મુંબઈ હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: બૉમ્બે હાઈ કોર્ટે આર્બિટ્રિટરનો અહેવાલ માન્ય રાખીને ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ફ્રૅન્ચાઇઝી કોચી ટસ્કર્સ કેરલાને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવાનો બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ને આદેશ આપ્યો છે.

બીસીસીઆઇએ ૧,૫૫૦ કરોડ રૂપિયામાં ખરીદેલા કોચી ટસ્કર્સ ફ્રૅન્ચાઇઝી સાથેનો કરાર ૨૦૧૧માં રદ કર્યો હતો. આ ફ્રૅન્ચાઇઝીને ૫૩૮ કરોડ ચૂકવવાના આર્બિટ્રેટરની ટ્રિબ્યૂનલના ફેંસલાને બીસીસીઆઇએ પડકાર્યો હતો, પરંતુ અદાલતે બીસીસીઆઇની પિટિશનો ફગાવી દીધી છે.

મંગળવારે જસ્ટિસ આર. ચાગલાએ જે આદેશ બહાર પાડ્યો એમાં જણાવ્યું હતું કે ‘ આર્બિટ્રિટર દ્વારા જે ફેંસલો આપવામાં આવ્યો એમાં અમને પૅટન્ટને લગતી કોઈ જ ગેરકાયદેસરતા નથી જોવા મળી અને આમાં અદાલતે હસ્તક્ષેપ કરવો જોઈએ એવી પણ કોઈ જરૂર અમને નથી લાગી.’

આવું જણાવીને ન્યાયાધીશે કોચી ટસ્કર્સના ફ્રૅન્ચાઇઝીને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવાનો બીસીસીઆઇને આદેશ આપ્યો હતો.

બીસીસીઆઇએ ૨૦૧૧માં કોચી ક્રિકેટ પ્રાઇવેટ લિમિટેડ (કેસીપીએલ) તથા રાંદેવૂ સ્પોર્ટ્સ વર્લ્ડ (આરએસડબ્લ્યૂ)ની આગેવાની હેઠળના જૂથને ફ્રૅન્ચાઇઝીનો કૉન્ટ્રૅક્ટ આપ્યો હતો, પરંતુ બીજા જ વર્ષે કૉન્ટ્રૅક્ટ રદ કર્યો હતો. બીસીસીઆઇએ એવું કારણ આપીને કરાર રદ કર્યો હતો કે કેસીપીએલ તથા આરએસડબ્લ્યૂ સમયસર જરૂરી બૅન્ક ગૅરન્ટી પૂરી પાડવામાં કથિત રીતે નિષ્ફળ ગયા છે. જોકે ૨૦૧૨માં કેસીપીએલ તથા આરએસડબ્લ્યૂએ કરાર રદ કરવાના પગલાંને ખોટો ગણાવ્યો હતો. ૨૦૧૫માં આર્બિટ્રલ ટ્રિબ્યૂનલે કોચીના ફ્રૅન્ચાઇઝીની તરફેણમાં ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે બીસીસીઆઇ દ્વારા વ્યાજ તથા કાનૂની ખર્ચ સહિત કેસીપીએલને ૩૮૪.૮ કરોડ રૂપિયા અને આરએસડબ્લ્યૂને ૧૫૩.૩ કરોડ રૂપિયા ચૂકવવામાં આવે. ■

# આવતી કાલથી ભારત-ઇંગ્લૅન્ડની પ્રથમ ટેસ્ટઃ બપોરે ૩.૩૦ વાગ્યે મુકાબલો શરૂ

## ભારતનો ચોથા નંબરનો બૅટ્સમૅન નક્કી થઈ ગયો, ઇંગ્લૅન્ડે પ્લેઇંગ-ઇલેવન જ જાહેર કરી દીધી

લીડ્સઃ અહીંના હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડમાં શુક્રવાર, ૨૦મી જૂને (બપોરે ૩.૩૦ વાગ્યે) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચવાળી ટેસ્ટ-સિરીઝની પ્રથમ મૅચ શરૂ થશે અને આરંભને હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે બન્ને ટીમ તરફથી કંઈકને કંઈક જાહેરાત કરવામાં આવી છે. ભારતના વાઇસ-કૅપ્ટન રિષભ પંતે પુષ્ટિ આપતા જણાવ્યું છે કે વિરાટ કોહલીના ખાલી પડેલા ચોથા નંબર પર કૅપ્ટન શુભમન ગિલ બૅટિંગ કરશે.



કૅપ્ટન શુભમન ગિલ અને બેન સ્ટૉક્સ

રોહિત શર્માની નિવૃત્તિને પગલે સુકાની બનેલા ગિલના વનડાઉનના સ્થાને કોણ રમશે એ હજી નક્કી નથી, પરંતુ સામા પક્ષે બેન સ્ટૉક્સના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની પ્લેઇંગ-ઇલેવનની જાહેરાત થઈ ગઈ છે.

વનડાઉનમાં કરુણ નાયર કે બી. સાઇ સુદર્શન? એ પ્રશ્ન પર ટીમમાં ચર્ચા થઈ રહી છે.

ઇંગ્લૅન્ડની પ્લેઇંગ-ઇલેવનઃ બેન સ્ટૉક્સ (કૅપ્ટન), જૅમી સ્મિથ (વિકેટકીપર), ઝૅક ક્રૉવ્લી, બેન ડકેટ, ઑલી પોપ (વાઇસ-કૅપ્ટન), જો રૂટ, હૅરી બ્રૂક, ક્રિસ વૉક્સ, બ્રાયડન કાર્સ, જૉશ ટન્ગ અને શોએબ બશીર. ■

# ૨૦૨૬માં મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાનનો મુકાબલો ૧૪મી જૂને

▶ આગામી પાંચમી ઑક્ટોબરે મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં બન્ને દેશ વચ્ચે ટક્કર થવાની છે

દુબઈ: ગયા મહિને ભારતે પાકિસ્તાનને રણમેદાનમાં ત્રણ જ દિવસમાં જોરદાર પછડાટ આપી ત્યાર પછી હવે ક્રિકેટના મેદાન પરના બન્ને કટ્ટર દેશ વચ્ચેની મૅચ પર સૌ કોઈની નજર રહેશે અને એ વિશે સૌથી પહેલાં મહિલા ક્રિકેટરોના એક પછી એક બે વર્લ્ડ કપની તારીખો જાહેર કરાઈ છે જેમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની ટક્કર ક્યારે થશે એના પર ભાર મૂકવામાં આવ્યો છે.




બે દિવસ પહેલાં વિમેન્સ વન-ડે વિશ્વ કપની જાહેરાત કરાઈ જેમાં ભારત-પાકિસ્તાનની મૅચ કોલંબોમાં પાંચમી ઑક્ટોબરે રમાશે. હવે મહિલાઓના ટી-૨૦ વિશ્વ કપની જાહેરાત કરવામાં આવી છે જે મુજબ ભારત-પાકિસ્તાનની ટક્કર ૨૦૨૬ની ૧૪મી જૂને થશે અને એ મૅચ એજબૅસ્ટનમાં રમાશે.

આ ટી-૨૦ વર્લ્ડ કપ આવતા વર્ષે જૂનમાં ઇંગ્લૅન્ડમાં યોજાશે અને એમાં ભારત-પાકિસ્તાનની પોતપોતાની પ્રથમ મૅચ ૧૪મી જૂને રમાશે. મુખ્ય ટૂર્નામેન્ટ ૧૨મી જૂને શરૂ થશે.

ક્રિકેટની કોઈ પણ આઇસીસી ટૂર્નામેન્ટ (પુરુષ કે મહિલા વર્ગ)માં ભારત-પાકિસ્તાનની મૅચ પર સૌથી વધુ લોકોની નજર હોય છે અને યજમાન દેશને સ્ટેડિયમમાં તેમ જ બ્રૉડકાસ્ટિંગ કંપનીને ટીવી પ્રસારણ દરમ્યાન આ મૅચ વખતે જ સૌથી વધુ કમાણી થતી હોય છે.

### ભારતના મુકાબલા અને નૉકઆઉટ મૅચો ક્યારે

(૧) ભારત વિરુદ્ધ પાકિસ્તાન, ૧૪ જૂન, એજબૅસ્ટન
(૨) ભારત વિરુદ્ધ ક્વૉલિફાઇંગ ટીમ, ૧૭ જૂન, હેડિંગ્લી
(૩) ભારત વિરુદ્ધ સાઉથ આફ્રિકા, ૨૧ જૂન, ઑલ્ડ ટ્રેફર્ડ
(૪) ભારત વિરુદ્ધ ક્વૉલિફાઇંગ ટીમ, ૨૫ જૂન ઑલ્ડ ટ્રેફર્ડ
(૫) ભારત વિરુદ્ધ ઑસ્ટ્રેલિયા, ૨૮ જૂન, લૉર્ડ્સ
(૬) પ્રથમ સેમિ ફાઇનલ, ૩૦ જૂન, ઓવલ
(૭) બીજી સેમિ ફાઇનલ, ૨ જુલાઈ, ઓવલ
(૮) ફાઇનલ, ૫ જુલાઈ, લૉર્ડ્સ

મહિલાઓના જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં ૧૨ ટીમ ભાગ લેશે. ૨૪ દિવસની એ ટૂર્નામેન્ટનો આરંભ ૧૨મી જૂને યજમાન ઇંગ્લૅન્ડ અને શ્રીલંકા વચ્ચેની એજબૅસ્ટન ખાતેની મૅચથી થશે અને પાંચમી જુલાઈએ લૉર્ડ્સમાં ફાઇનલ રમાશે.

૧૨ ટીમને બે જૂથમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ-૧માં છ વખત ચૅમ્પિયન બનનાર ઑસ્ટ્રેલિયા, રનર-અપ સાઉથ આફ્રિકા તેમ જ ભારત, પાકિસ્તાન તેમ જ બે ક્વૉલિફાઇંગ ટીમનો સમાવેશ છે. ગ્રૂપ-૨માં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ન્યૂ ઝીલૅન્ડ, શ્રીલંકા, વેસ્ટ ઇન્ડિઝ તેમ જ યજમાન ઇંગ્લૅન્ડ અને બે ક્વૉલિફાઇંગ ટીમ સામેલ છે. બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે. ■

# ઇંગ્લૅન્ડની ટેનિસ પ્લેયરની પાછળ પડેલા મજનૂને વિમ્બલ્ડનની ટિકિટ ન અપાઈ

▶ યુએસ ઓપન વિજેતા એમ્મા રૅડુકૅનુને આ યુવાને કૉફી શૉપમાં લવ-લેટર આપ્યો હતો

લંડનઃ ઇંગ્લૅન્ડની એક સમયની વર્લ્ડ નંબર-વન ટેનિસ ખેલાડી એમ્મા રૅડુકૅનુની પાંચ મહિનાથી ‘ પાછળ પડેલા’ મજનૂને વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની ટિકિટો ખરીદતો રોકવામાં આવ્યો છે. રૅડુકૅનુ પ્રત્યેના અસભ્ય વર્તનને લીધે ઑલ ઇંગ્લૅન્ડ ક્લબની સિક્યૉરિટી સિસ્ટમ દ્વારા આ યુવાનને વિમ્બલ્ડનની ટિકિટો નકારવામાં આવી છે.



એપીના અહેવાલ મુજબ આ યુવાને ૩૦મી જૂને લંડનમાં શરૂ થનારી વિમ્બલ્ડન સ્પર્ધા માટેની ટિકિટો માટે પબ્લિક બૅલટ મારફત અરજી કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ અગાઉથી જ સિસ્ટમમાં તેનું નામ બ્લૅકલિસ્ટમાં હોવાને લીધે તેને ટિકિટ નથી અપાઈ. તેની અરજીને બ્લૉક કરી દેવામાં આવી છે.

બાવીસ વર્ષની રૅડુકૅનુ ૨૦૨૧માં ૧૮ વર્ષની ઉંમરે મહિલાઓની યુએસ ઓપન સ્પર્ધાનો સિંગલ્સનો તાજ જીતી હતી. તેની પાસે આ એકમાત્ર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ છે. તે ૨૦૨૧માં અને ૨૦૨૪માં વિમ્બલ્ડનમાં ચોથા રાઉન્ડ સુધી જ પહોંચી શકી હતી, પણ આ વખતે પોતાના જ દેશની આ સર્વોચ્ચ ટેનિસ સ્પર્ધામાં તે ટ્રોફી જીતવા અગાઉ કરતાં વધુ મક્કમ છે.

અહીં જે મજનૂ ટેનિસપ્રેમીની વાત થઈ રહી છે તેણે ફેબ્રુઆરીમાં દુબઈ ચૅમ્પિયનશિપ દરમ્યાન રૅડુકૅનુને પ્રભાવિત કરવાના હેતુથી અસભ્ય વર્તન કર્યું હતું. દુબઈની એ સ્પર્ધાની એક મૅચ દરમ્યાન સ્ટૅન્ડમાં બેઠેલો આ યુવાન કંઈક સંકેત આપી રહ્યો હોય એવો ભાવ રૅડુકૅનુએ તેના ચહેરા પરથી અને બૉડી લૅન્ગવેજ પરથી પારખ્યો હતો અને આયોજકોને વાત કરી હતી.

એ મૅચના અગાઉના દિવસે એ યુવાને કૉફી શૉપમાં રૅડુકૅનુને એક પત્ર (લવ-લેટર) આપ્યો હતો તેમ જ તેનો ફોટો પણ પાડ્યો હતો. રૅડુકૅનુ તેનું એ વર્તન જોઈને એટલી બધી ગભરાઈ ગઈ હતી કે પછીના દિવસે ઝેક રિપબ્લિકની કૅરોલિના મુચૉવા સામેની બીજા રાઉન્ડની મૅચ દરમ્યાન તેને સ્ટૅન્ડમાં બેઠેલો જોયો એટલે રૅડુકૅનુ અમ્પાયરની ખુરસીની પાછળ જઈને સંતાઈ ગઈ હતી અને રડવા લાગી હતી. રૅડુકૅનુએ એ મૅચ પછી કહ્યું હતું કે ‘ મારી આંખોમાં આંસુ હતા એટલે હું મૅચ દરમ્યાન બૉલ બરાબર જોઈ નહોતી શકતી. હું અમ્પાયર પાસે દોડી ગઈ એ પહેલાં તો મારો શ્વાસ પણ અધ્ધર થઈ ગયો હતો.’

એ વખતે રૅડુકૅનુએ કરેલી ફરિયાદને આધારે આ મજનુ યુવાનને ટૂર્નામેન્ટમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. એ સ્પર્ધાની પછીની કોઈ જ મૅચમાં તેને ટિકિટ નહોતી મળી શકી. દુબઈ પોલીસે તેની ધરપકડ કરી હતી અને છોડતાં પહેલાં તેની પાસે લખાવડાવ્યું હતું કે ‘ હવે પછી હું ક્યારેય રૅડુકૅનુને પજવીશ નહીં, તેની નજીક નહીં જાઉં. તેનાથી દૂર જ રહીશ.’

આ મજનૂ સિંગાપોર, અબુ ધાબી અને દોહા ખાતેની સ્પર્ધામાં પણ ખાસ રૅડુકૅનુને રમતી જોવા સ્ટૅન્ડમાં બેઠો હતો. એ વાત રૅડુકૅનુના ધ્યાનમાં જ હતી અને તેણે બધી વાત પોલીસને તથા સ્પર્ધાના આયોજકોને જણાવી હતી. ■

# શાકિબ અને તેના જૂથે શૅરનો ભાવ કૃત્રિમ રીતે ઊંચો લેવડાવીને ₹ ૧૮૨ કરોડ બનાવ્યા?

ઢાકાઃ બાંગ્લાદેશ વતી ૨૦૦૬થી ૨૦૨૪ સુધીના ૧૮ વર્ષ દરમ્યાન ૪૫૦ જેટલી આંતરરાષ્ટ્રીય મૅચ રમવા ઉપરાંત કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદની આઇપીએલની બે ટીમ સહિત લીગ ટૂર્નામેન્ટોની કુલ ૨૧ ટીમ વતી રમી ચૂકેલા ઑલરાઉન્ડર શાકિબ-અલ-હસન તથા તેના કેટલાક સાથીઓએ અમુક ખાસ કંપનીઓના શૅરના ભાવમાં કૃત્રિમ વધારો કરાવ્યો હોવાના કથિત ગુના બદલ દેશના ઍન્ટિ કરપ્શન કમિશન (એસીસી)એ શાકિબ તેમ જ બીજા ૧૪ જણ વિરુદ્ધ અદાલતમાં કેસ નોંધાવ્યો છે. શાકિબ અને ૧૪ જણે શૅરના ભાવમાં કથિત ગોલમાલ કરાવી એ ઉપરાંત મની લૉન્ડરિંગમાં (કાળા નાણાંને સફેદ કરવાની ગેરરીતિમાં) પણ તેમની સંડોવણી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શાકિબ અને તેની સાથે કથિત રીતે સંકળાયેલી વ્યક્તિઓએ ગેરકાયદેસર શૅર ટ્રેડિંગ દ્વારા ૨.૫૭ અબજ બાંગ્લાદેશી ટાકા (અંદાજે ૧૮૨ કરોડ રૂપિયા) બનાવ્યા હોવાનું મનાય છે. ૩૮ વર્ષના શાકિબને ઢાકાની અદાલતે દેશ છોડી જવાની મનાઈ કરી છે. શાકિબ તથા અન્ય ૧૪ જણે શૅરના ગેરકાનૂની વેપારમાં પસંદગીના શૅરના ભાવ કૃત્રિમ રીતે ઊંચકાવ્યા બાદ એ શૅર વેચી નાખ્યા હોવાનું મનાય છે. આ રીતે તેઓ ગેરકાયદેસર રીતે મસમોટો નફો કમાયા હોવાની ચર્ચા છે.

એસીસી દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ શાકિબ અને બીજા ૧૪ જણ દ્વારા જે શૅરના ભાવ કૃત્રિમ રીતે ઊંચા લઈ જવામાં ભૂમિકા ભજવી હતી એમાં પૅરામાઉન્ટ ઇન્શ્યૉરન્સ, ક્રિસ્ટલ ઇન્શ્યૉરન્સ તથા સોનાલી પૅપરનો સમાવેશ છે. આ યાદીમાં એવું પણ જણાવાયું હતું કે શાકિબના પાર્ટનર અબુલ ખાયરના બૅન્ક અકાઉન્ટ્સમાંથી અબજો ટાકા (કરોડો રૂપિયા)ના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कोठून | કૂમળું |
| कोपरा | ક્યાંથી |
| कोरडा | ગુલાંટ |
| कोलांटी | સૂકું |
| कोवळा | ખૂણો |

## ઓળખાણ પડી?

મહિલાઓ માટેની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં લાગલગાટ ત્રીજો ગોલ્ડ મેડલ મેળવનાર શુટરની ઓળખાણ પડી?




અ) મનુ ભાકર બ) સુરુચિ સિંહ ક) આયુષી પોદાર ડ) મહેશ્વરી ચૌહાણ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ગે | ૨ મ | ર | ૩ મ | ૪ ર | | ૫ નિ | ૬ વા | ૭ સી |
| ત | | ગ | | ૮ લા | ગ | ૯ લી | | ૧૦ ય | મ |
| ૧૧ સ | ૧૨ મા | જ | ૧૩ સે | વા | | ૧૪ લું | ૧૫ ટા | રો | |
| ૧૬ મા | લા | મા | લ | | ૧૭ પા | છ | ળ | | ૧૮ તે |
| ગ | | રી | | ૧૯ ક | | ૨૦ મ | મ | ભા | વ |
| ૨૧ મ | ૨૨ ઠ | | ૨૩ મ | મ | તા | | ટે | | ર |
| | ગ | | | લા | | ૨૪ આ | ળ | ૨૫ સ | |
| ૨૬ એ | | ૨૭ બે | બ | સ | | લી | | ૨૮ દ્વા | ૨૯ મ |
| ૩૦ ક | ૩૧ ટા | વ | | ૩૨ ન | ૩૩ ટ | શા | ૩૪ ળા | | હ |
| ૩૫ લું | ટ | ફા | ટ | | ૩૬ ક | ન | ક | ર | જ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| | | ૧૦ | | | | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | | ૧૫ | | | | | |
| ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | | ૧૯ |
| | | ૨૦ | | | ૨૧ | | | ૨૨ | |
| | ૨૩ | | | ૨૪ | | | | ૨૫ | |
| ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | | |
| | | | ૨૯ | | | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | | | | | | | | ૩૩ | |

### આડી ચાવી

૧. ખાસ પ્રસંગે પ્રગટ થતો અંક (૪)
૪. પરિવારને લગતું (૫)
૭. અડપલું, તોફાન, ટીખળ (૨)
૮. --- આપવી એટલે નમતું આપવું (૩)
૧૦. ફજેતીના --- થાય (૩)
૧૧. (ઘોડા) ઉપર બેઠેલો (૪)
૧૩. પરદેશ જવા જોઈએ (૨)
૧૫. --- શહીદોને (૩)
૧૬. દિમાગ, ભેજું (૩)
૧૮. શરમ (૩)
૨૦. જલસા, આનંદ (૨)
૨૧. હંમેશાં (૨)
૨૨. આવું --- થયું? (૨)
૨૩. પ્રસંગે, સમયે (૨)
૨૪. ---પડે ને રાત જાય (૩)
૨૫. સંભાળ રાખનાર (૨)
૨૬. મને વાગી --- પ્રેમની રે (૩)
૨૭. ધમકી (૨)
૩૦. કારોબાર (૪)
૩૨. અભિનેતાએ પાત્ર ભજવવા --- કરવો પડે (૭)
૩૩. સૂર્ય (૨)

### ઊભી ચાવી

૧. વિચારોની આપલે (૬)
૨. શાહૂડી (૨)
૩. કાદવમાં ખીલતું ફૂલ (૩)
૪. પવિત્ર (૨)
૫. એને બધું જ મળે (૩)
૬. ગુનો, દોષ (૩)
૯. તપાસ કરવી તે (૪)
૧૧. અમલ કરનાર (૫)
૧૨. રહેવું તે (૨)
૧૪. ફીણ (૨)
૧૭. એક પ્રકારની વિચારધારા (૪)
૧૯. અમલ કરવો તે (૬)
૨૧. પ્રશ્ન (૩)
૨૨. --- રે મળેલા મનના મેળ, રુદિયાના રાજા (૨)
૨૩. પારસી ઉદ્યોગપતિ (૨)
૨૪. બધા (૨)
૨૬. રૂઆબ, પ્રતાપ, દાબ (૩)
૨૮. ઢગલો (૨)
૨૯. રામ તારી --- (૨)
૩૦. એક જાતનું ઘાસ (૨)
૩૧. અણુવૈજ્ઞાનિક જહાંગીર હોમી --- (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. ભાઈના મામાજીની એકમાત્ર ભાણીની દીકરીના એકમાત્ર સગા કાકા ભાઈને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) ભત્રીજો ક) ભાઈ ડ) ફુવા

## જાણવા જેવું

ખ ગુજરાતી લિપિના મૂળાક્ષરોનો તેરમો અક્ષર છે. ક્ષના અપભ્રંશ તરીકે ગુજરાતીમાં ખ વપરાય છે. જેમકે, ક્ષમા = ખમા, ક્ષેમ = ખેમ, ક્ષાર = ખાર, ક્ષેત્ર = ખેતર, કુક્ષિ = કૂખ, ભક્ષ = ભખ. જૂનાં લખાણોમાં ષની જગ્યાએ ખ લખાતો. જેમકે, અભિલાષ = અભિલાખ, વિષે = વિખે, લખીને = લષીને, ષટ્શાસ્ત્ર = ખટ્શાસ્ત્ર.

## સુડોકુ-૯૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૫ | | | | | ૩ |
| ૨ | | | | | | ૪ | | |
| | | | | | ૭ | ૯ | | |
| ૬ | ૫ | | | ૨ | | | | |
| | | ૧ | ૭ | | ૬ | ૩ | | |
| | | | | ૫ | | | ૭ | ૪ |
| | | ૩ | ૯ | | | | | |
| | | ૬ | | | | | ૧ | |
| ૮ | | | | | ૩ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૬ | ૮ | ૪ | ૯ | ૨ | ૫ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૯ | ૩ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૩ | ૫ | ૪ | ૮ | ૯ |
| ૮ | ૫ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૪ | ૧ | ૮ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૬ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ | ૯ | ૮ |
| ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરીર માટેનો પર્યાયવાચી શબ્દ શોધી કાઢો

સૂર્ય પૂર્વમાં ઊગે એ સનાતન સત્ય છે.

## નોંધી રાખો

મૃત્યુ નિશ્ચિત જ હોવા છતાં બધા જ મનુષ્ય એ જ રીતે જીવે છે કે જાણે તે અમર ન હોય, એ સંસારનું સૌથી મોટું આશ્ચર્ય છે.

## માઈન્ડ ગેમ

વૈજ્ઞાનિક પ્રક્રિયામાં હાજરી હોવા છતાં જેનો સક્રિય સહભાગ ન હોય એવો પદાર્થ કયા નામથી ઓળખાય છે એ જણાવો.

અ) ઉત્પ્રેરક બ) ઉદ્દીપક
ક) ઉત્પ્રેક્ષા ડ) ઉત્તરા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| विहीर | કૂવો |
| विंचू | વીંછી |
| विकोप | ગુસ્સો |
| वीजणा | પંખો |
| वीत | વેંત |

ગુજરાત મોરી મોરી રે
સાળો

ઓળખાણ પડી?
નિમુ બાંભણીયા

માઈન્ડ ગેમ
હિલિયમ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કાશ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) નુતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) પુષ્પા પટેલ (૨૪) અલકા વાણી (૨૫) અરવિંદ કામદાર (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ભાવના કર્વે (૨૮) હેમા હરીશ ભટ્ટ (૨૯) અંબરીષ ઓઝા (૩૦) વિણા સંપટ (૩૧) પુષ્પા ખોના (૩૨) અંજુ ટોલિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્રી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) જગદીશ ઠક્કર (૩૯) ડાયના સંતોકે (૪૦) નયના ગિરીશ મિસ્રી (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) દીપિકા દોશી (૪૯) મહેશ સંઘવી (૫૦) ગીતા ઉદેશી

# કડી અને વિસાવદર પેટાચૂંટણીનું આજે મતદાનઃ વિસાવદરમાં ૧૬, કડીમાં આઠ ઉમેદવારનું ભાવિ ઈવીએમમાં કેદ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની કડી અને વિસાવદર પેટાચૂંટણી માટે આજે મતદાન યોજાશે. સવારે સાત કલાકથી સાંજના છ વાગ્યા સુધી મતદાન યોજાશે. બંને બેઠક પર ત્રિ-પાંખીયો જંગ જામશે. વિસાવદર બેઠક પર ૧૬ ઉમેદવારો અને કડી વિધાનસભા બેઠક પર આઠ ઉમેદવાર મેદાનમાં છે. જોકે વરસાદની આગાહીના કારણે ઓછું મતદાન થવાની શક્યતા છે.

જૂનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક પર ભાજપ દ્વારા કિરીટભાઇ પટેલને ટિકિટ આપવામાં આવી છે. જેની સામે કૉંગ્રેસે નીતિનભાઇ રાણપરિયાને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલિયા છે. આ ત્રણ મુખ્ય ઉમેદવાર ઉપરાંત આ બેઠક પરથી કિશોરભાઇ કાનકડ, તુલશી લાલૈયા, નિરૂપાબેન માધુ, બિનલકુમાર પટેલ, રાજેશકુમાર પટેલ, ભરતભાઇ નારીગરા, યુનુસભાઇ સોલંકી, રજનીકાંત વાઘાણી, રાજ પ્રજાપતિ, સુરેશ માલવીયા, રોહીત સોલંકી, સંજયભાઇ ટાંક અને હિતેશભાઇ વઘાસીયા પણ ચૂંટણી લડી રહ્યા છે.

કડી વિધાનસભા બેઠક પર ભાજપે રાજુભાઇ ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ જગદીશભાઇ ચાવડાને અને કૉંગ્રેસે રમેશભાઇ ચાવડાને ટિકિટ આપી છે. આ ઉપરાંત ડૉ.ગિરીશભાઇ કાપડીયા, જયેન્દ્રભાઇ રાઠોડ, પ્રવિણભાઇ ચૌહાણ, કમલેશભાઇ મકવાણા અને દશરથભાઇ મકવાણા ચૂંટણી લડી રહ્યા છે.

વિસાવદર વિધાનસભા મત વિસ્તારના ૧૫ ગામોમાં ૨૯ જેટલા ગ્રીન બુથ બનાવવામાં આવશે. આવા મતદાન બૂથોને તોરણ અને ફૂલ-ઝાડનાં કુંડાથી સુશોભિત કરાશે. આ મતદાન મથકો આંબા આસોપાલવના તોરણ, ફૂલ-ઝાડના કુંડા વગેરેથી સુશોભિત કરવામાં આવશે. આ સાથે વૃક્ષારોપણ કરવામાં આવશે. ■

# બોટાદના લાઠીદડ ગામમાં નદીના વહેણમાં તણાઈ ગયેલા સાત લોકોના મૃતદેહ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. બોટાદ જિલ્લામાં વરસાદે તારાજી સર્જી હતી. બોટાદના લાઠીદડ ગામમાં ઈકો કાર નદીના વહેણમાં તણાઈ જતાં ૭ વ્યક્તિઓનાં મોત થયાં હતાં. આ ઘટનાના ત્રણ દિવસ બાદ તમામ સાત લોકોના મૃતદેહો મળ્યા હતા. ઈકો કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા જેમાંથી બે લોકોનો બચાવ થયો હતો. એનડીઆરએફની ટીમે મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોટાદના લાઠીદડ ગામમાં ભારે વરસાદને કારણે નદીના પાણીનો પ્રવાહ વધ્યો હતો. આ દરમિયાન પાણીના પ્રવાહમાં એક કાર તણાઈ હતી. જેમાં કુલ નવ મુસાફરો સવાર હતા. આ નવ પૈકી બે લોકોનો બચાવ થયો હતો અને સાત લોકો લાપતા હોવાથી તેમને શોધવા માટે પ્રયાસો હાથ ધરાયા હતા. મંગળવારે મોડી સાંજ સુધીમાં આ સાત લાપતા લોકોમાંથી બે મહિલાઓના મૃતદેહ મળી આવ્યા હતા.

સવારથી જ એનડીઆરએફની ટીમ દ્વારા ફરી શોધખોળ કરવામાં આવી હતી. જેમાં તમામ સાત લોકોના મૃતદેહો નદીમાંથી બહાર કઢાયા હતા. ૧૬મી જૂને સાંજના પાંચેક વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. જેમાં એક પરિવાર કારમાં લાઠીદડ ગામમાં સ્થિત સુરધન દાદાના દર્શન કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે તેમની કાર નદીના પાણીના પ્રવાહમાં તણાઈ હતી. ■

# સૌરાષ્ટ્ર-કચ્છમાં બે દિવસમાં લાખોનું નુકસાનઃ ૮૬ ગામમાં અંધારપટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારે વરસાદના કારણે રાજકોટ, સૌરાષ્ટ્ર-કચ્છમાં ખેતીવાડીના ૧૧૧૩ ફીડરો હજુ બંધ છે. ૮૬ ગામમાં અંધારપટ છે. ૮૦૧ થાંભલા પડી ગયા છે, ૩૦ ટીસી ડેમેજ થયા છે. ભારે વરસાદ, પૂર અને તોફાની પવનના કારણે બે દિવસમાં વીજતંત્રને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

મળતી વિગત પ્રમાણે, સૌરાષ્ટ્રભરમાં બે દિવસની મેઘસવારીથી વીજતંત્રને મોટો ફટકો લાગ્યો હતો અને વ્યાપક નુકસાન થયું હતું. પીજીવીસીએલના સૂત્રોએ કહ્યું કે લગભગ તમામ જિલ્લાઓમાં ખેતીવાડી ફીડરો નોંધપાત્ર પ્રમાણમાં ઠપ્પ થયા હતા.

રાજકોટ ગ્રામ્યમાં ૮૯, મોરબીમાં ૯૪, પોરબંદર-જૂનાગઢમાં ૪૦-૪૦, જામનગરમાં ૭૦, ભુજમાં ૧૨૬, અંજારમાં ૧૧૦, ભાવનગરમાં ૧૧૧, બોટાદમાં ૧૦૩, અમરેલીમાં ૮૧ તથા સુરેન્દ્રનગરમાં ૨૪૯ મળીને ૧૧૩૨ વીજ ફીડર બંધ છે. મોરબીમાં પાંચ ઔદ્યોગીક ફીડર પણ ઠપ્પ થયેલા છે.

સૌરાષ્ટ્રમાં ૮૬ ગામમાં હજુ વીજ પુરવઠો ખોરવાયેલો છે. કુલ ૮૦૧ થાંભલા ડેમેજ થયા છે, જે પૂર્વવત્ કરવાના બાકી છે. તેમાં સૌથી વધુ ૩૨૩ ભાવનગર, ૧૫૩ બોટાદ તથા ૧૭૭ અમરેલીમાં છે તેમ જ ૩૦ ટ્રાન્સફોર્મરને પણ નુકસાન થયું છે. ■

# ૨૦૬ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા, ૧૬૯ મૃતદેહ પરિવારજનોને સોંપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણી નગર વિસ્તારમાં ૧૨ જૂન ગુરુવારે પ્લેન ક્રેશ થયું હતું, અમદાવાદથી લંડન જતું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ બી.જે. મેડિકલ હોસ્ટેલ ખાતે અથડાયું હતું. જેમાં ૨૭૯ લોકોનાં મૃત્યુ નિપજ્યાં હતાં. આ દુર્ઘટનામાં મૃતકોની ઓળખ માટે ડીએનએ મેચ કરવાની કાર્યવાહી ચાલુ છે. મળતી માહિતી મુજબ, અત્યાર સુધીમાં ૨૦૬ મૃતકોના ડીએનએ મેચ થઈ ચુક્યા છે. આ પૈકી, ૧૬૯ મૃતદેહ તેમના પરિવારજનોને સોંપાયા હતા. જોકે, હજુ સુધી ડીએનએ મેચ કરવાની પ્રક્રિયા યથાવત છે.

અમદાવાદ સિવિલમાં બપોરે પોણા ચાર વાગ્યા સુધીમાં કુલ ૨૦૬ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થઈ ચૂક્યા હતા. જે તમામના પરિવારજનોનો સંપર્ક કરી લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૧૬૯ મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય મૃતદેહ સોંપવાની કામગીરી ચાલી રહી હતી.

આ અંગે ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે ડીએનએ સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. પરિવારજનોને તેમના સ્વજનોના પાર્થિવ દેહો ઝડપથી સોંપવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ, સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજ્ય સરકારના આરોગ્ય અને અન્ય વિભાગો તથા વિવિધ એજન્સી ખડેપગે કામગીરી કરી રહી છે. જેમ જેમ પરિણામો આવતાં જશે એમ એમ મેચિંગનો દર વધશે અને પ્રક્રિયા ઝડપી બનશે તથા ઓછો સમય લેશે. ■

# ગુજરાતની કૅબિનેટ બેઠકમાં સ્વ. રૂપાણીને શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ પસાર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય પ્રધાનમંડળના પ્રધાનોની મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાન અંગે ઊંડા ખેદ અને દુઃખની લાગણી વ્યકત કરવામાં આવી હતી. રાજ્ય પ્રધાનમંડળે પૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. વિજય રૂપાણીને ભાવસભર શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ આ બેઠકમાં પસાર કર્યો હતો.

સદ્ગત વિજય રૂપાણીને રાજ્ય પ્રધાનમંડળે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ સાથે પરમાત્માને દિવંગત આત્માની શાંતિની પ્રાર્થના કરી હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૧૨ જૂને લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઇટ તૂટી પડી હતી, જેમાં ૨૪૧ મુસાફરનાં મોત થયાં હતાં. આ ફ્લાઇટમાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ હતા. ■

# અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળ પરથી ₹૧૫ લાખ રોકડા, ૮૦ તોલા દાગીના મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં બી જે મેડિકલ કૉલેજના હોસ્ટેલ પરિસરમાં એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અત્યાર સુધીમાં અડધા બળી ગયેલા પાસપોર્ટ, ૧૫ લાખ કિંમતની ભારતીય તથા વિદેશી કરન્સી, ૮૦ લાખના દાગીના, ઘડિયાળ મળી લાખોનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જોકે આશ્ચર્ય પમાડે તેવી બાબત એ છે કે, જે આગમાં માણસોને બચવાનો સમય ન મળ્યો ત્યાં ઘણા પેસેન્જરના ડોક્યુમેન્ટ, કેટલાકનાં પર્સની સામગ્રી હેમખેમ મળી હતી.

ઉપરાંત હોસ્ટેલના ધાબે વિમાનની ટેઇલમાંથી એર હોસ્ટેસ અને બે બાળકના બળેલા મૃતદેહ મળ્યા હતા, પરંતુ ત્યાં રખાયેલી સામગ્રી બળી ન હતી. સૂત્રોએ જણાવ્યું કે, અંદરથી જે રીતે વસ્તુઓ મળી રહી છે તે આશ્ચર્યથી ઓછી નથી. માનવી આખા ભડથું થઈ ગયા તેવી આગમાં કપડાં, દસ્તાવેજો, એર હોસ્ટેસનાં પર્સ અને તેમના મેકઅપ કિટને કોઈ નુકસાન થયું ન હતું.

વિમાન દુર્ઘટના સ્થળ પરથી અત્યાર સુધીમાં ૫૦થી વધુ બળી ગયેલા પાસપોર્ટ મળ્યા, ૮૦ તોલા આસપાસ સોનું, ભગવદ્ ગીતા, પૂજા માટે વપરાતા ભગવાનનાં નાનાં પગલાં, ૮૦ મોબાઇલ ફોન તેમ જ પાઉન્ડ, ડોલર, યુરો અને ઇન્ડિયન કરન્સી મળી હતી. સૂત્રોના કહેવા મુજબ હજુ પણ સામાન મળી રહ્યો છે. આગામી દિવસોમાં પણ મળશે. જેમ જેમ મુસાફરોનો સામાન મળી રહ્યો છે તેમ તેમ મેઘાણીનગર પોલીસ સ્ટેશન જમા કરવામાં આવી રહ્યો છે. ■

# ગુજરાતમાં ચોમાસાના આગમનના પાંચ જ દિવસમાં વીજ માગ ૭,૦૦૦ મેગાવોટ ઘટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે, રાજ્યના ઘણા જિલ્લાઓમાં મેઘમહેર થતાં જ કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી છે. તેની સાથે રાજ્યની વીજ માગમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે વીજ કંપનીઓ પરનું ભારણ પણ ઘટ્યું છે.

વીજ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચોમાસાના આગમન બાદ તા.૧૭ જૂનના રોજ રાજ્યની વીજ માગ ૧૭,૦૦૦ મેગાવોટ જેટલી નોંધાઈ હતી. તેના પહેલા તા.૧૨ જૂનના રોજ વીજ માગ ૨૬૦૦૦ મેગાવોટ જેટલી હતી. એ પછી વરસાદી માહોલના પગલે વીજ માગમાં ઘટાડો થવા માડ્યો હતો. આમ પાંચ જ દિવસમાં વીજ માગમાં ૯,૦૦૦ મેગાવોટ જેટલો ઘટાડો થયો છે.

ખાસ કરીને કૃષિ ક્ષેત્રની વીજ માગ ઘટી ગઈ છે. વરસાદ પહેલા આ સેકટરની વીજ માગ ૮,૦૦૦ મેગાવોટની આસપાસ રહેતી હતી. તેની જગ્યાએ હવે ખેતીવાડી માટે વીજ માગ ઘટીને ૧,૫૦૦ થી ૨,૦૦૦ મેગાવોટ જ રહી હોવાનો અંદાજ છે. ઉપરાંત એસી, પંખા અને કૂલર પણ હવે ઓછા કલાકો માટે ચાલી રહ્યા હોવાથી રહેણાંક વિસ્તારોની વીજ માગમાં પણ ઘટાડો નોંધાયો છે.

ઉલ્લેખનીય છે કે, ઉનાળાની સિઝનમાં તા. ૨૮ એપ્રિલના રોજ રાજ્યની વીજ માગ ઈતિહાસમાં પહેલી વખત ૨૬૭૫૦ મેગાવોટ પર પહોંચી હતી. વીજ કંપનીઓના સત્તાધીશો વીજ માગ આ વર્ષે ૨૭,૦૦૦ મેગાવોટ ક્રોસ કરી જશે તેવો અંદાજ બાંધીને બેઠા હતા. જોકે ચોમાસાના વહેલા આગમનના કારણે અત્યારના તબક્કે ઉલટાની વીજ માગ ઘટી છે. ■

# જળ સંપત્તિ પ્રધાન ગાંધીનગરસ્થિત ફ્લડ કંટ્રોલ સેલની મુલાકાતે, વરસાદની સ્થિતિની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્ટેટ વોટર ડેટા સેન્ટર, સેક્ટર -૦૮, ગાંધીનગર સ્થિત ફ્લડ કંટ્રોલ સેલની જળ સંપત્તિ પ્રધાન કુંવરજી બાવળીયાએ રૂબરૂ મુલાકાત લીધી હતી. ત્યાર બાદ ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સાઈચેતીના ભાગરૂપે જરૂરી સૂચનો કર્યા હતાં.

કુંવરજીભાઇએ સમીક્ષા બેઠક દરમિયાન કહ્યું હતું કે, ઉપરવાસમાં અથવા સ્થાનિક સ્તરે જ્યારે વધુ વરસાદ થાય ત્યારે સ્થાનિક જળાશયોમાં પાણીની આવક થતી હોય છે. આ સમયે સાઈચેતીના ભાગરૂપે હાઈ એલર્ટ, એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવે છે તેનો સંબંધિત અધિકારીઓને મોકલવાની સાથેસાથે જિલ્લા કલેક્ટર, વહીવટી તંત્રને પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ, જેથી તેઓ આગોતરી જાણ સ્થાનિક સ્તરે કરી શકે અને જાન-માલહાનિ ટાળી શકાય.

તેમણે કહ્યું હતું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૨૫ મુજબ જળસંપત્તિ વિભાગ વિવિધ વિભાગો સાથે સંકલન કરીને તેનું યોગ્ય રીતે અમલીકરણ કરી રહી છે. જેના ભાગરૂપે ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સ્ટેટ વોટર ડેટા સેન્ટર ખાતે દર વર્ષે તા. ૦૧ જૂનથી થી ૦૧ ઓક્ટોબર દરમિયાન ફ્લડ સેલ કાર્યરત કરવામાં આવે છે. જેમાં આકસ્મિક સંજોગોમાં જિલ્લામાંથી ત્વરિત માહિતી -વિગતો માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨ હોટલાઇન તેમજ ૧૪ સેટેલાઈટ ફોન દિવસ-રાત કાર્યરત કરાવવામાં આવ્યા છે. રિઝર્વર ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત ડેમ્સ વોર્નિંગ સ્ટેટસ એન્ડ રેઇનફોલના માધ્યમથી રાજ્યમાં વરસાદ અને જળાશયોની સ્થિતિ અંગેની પૃથ્થકરણ સાથેની આંકડા આધારિત અદ્યતન માહિતી આ ડેટા સેન્ટર ખાતે ઉપલબ્ધ કરવામાં આવે છે. કુંવરજીભાઇએ આ મુલાકાત દરમિયાન બોટાદ, ભાવનગર અને રાજકોટમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવીને જરૂર સૂચનાઓ આપી હતી. તેમની સમક્ષ સ્ટેટ વોટર ડેટા સેન્ટરની કામગીરી દર્શાવતું વિવિધ વિગતો સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ■

# વિવાદાસ્પદ ટિકટોક સ્ટાર કીર્તિ પટેલની ધરપકડઃ બિલ્ડર પાસેથી બે કરોડની ખંડણી માગવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટિકટોકથી જાણીતી થયેલી અને સતત વિવાદોમાં રહેતી કીર્તિ પટેલ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. સુરત પોલીસ દ્વારા કીર્તિ પટેલની અમદાવાદથી ધરપકડ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, એક બિલ્ડર પાસે ખંડણી માગી તેમને ખોટા હનીટ્રેપમાં ફસાવી દેવાની ધમકીના આરોપમાં પોલીસે કીર્તિ પટેલની ધરપકડ કરી હતી.

કીર્તિ પટેલની સુરત પોલીસે અમદાવાદ ખાતેથી ધરપકડ કરી હતી. કીર્તિ પટેલ સામે લગભગ એક વર્ષ પહેલાં જાણીતા બિલ્ડર વજુભાઈ કત્રોડિયા દ્વારા સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, કીર્તિ પટેલે મારી પાસે ૨ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. જો હું આ ૨ કરોડ રૂપિયા ન આપું તો મને ખોટા હનીટ્રેપના કેસમાં ફસાવવાની પણ ધમકી આપી છે.

પોલીસે બિલ્ડર વજુભાઈ કત્રોડિયાની ફરિયાદના આધારે એક વર્ષ પહેલાં કીર્તિ પટેલ સામે ગુનો દાખલ કર્યો હતો. જોકે, ફરિયાદ દાખલ થયાથી કીર્તિ પટેલ ફરાર હતી, જે મંગળવારે અમદાવાદ ખાતે હોવાની બાતમી મળતા સુરત પોલીસે અમદાવાદથી કીર્તિ પટેલની ધરપકડ કરી હતી. ■

# ગોગામેડી હત્યા કેસમાં સામેલ લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો સાગરીત અમદાવાદમાંથી ઝડપાયો

## પોલીસની સક્રિયતાને કારણે આ ધરપકડ શક્ય બની હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢી બીજ રથયાત્રા પૂર્વે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. ક્રાઈમ બ્રાન્ચે લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક સાગરીત મનોજ સાલવીની ધરપકડ કરી હતી. રથયાત્રાની તૈયારીઓ અંતર્ગત ચાલી રહેલી ખાસ ઝુંબેશ દરમિયાન પોલીસની સક્રિયતાને કારણે આ ધરપકડ શક્ય બની હતી. મનોજ સાલવી અગાઉ સુખદેવસિંહ ગોગામેડી હત્યા અને કાવતરાના કેસમાં પણ પકડાયો હતો. તેન લાંબો ગુનાહિત ઇતિહાસ રહ્યો છે અને તેની સામે કુલ ૧૨ ગુના નોંધાયેલા છે.

૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રાજસ્થાનના જયપુરમાં શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ધોળા દિવસે હુમલાખોરોએ ગોગામેડી પર ફાયરિંગ કરીને તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા અને ત્યારબાદ ફરાર થઈ ગયા હતા. ગોગામેડીને તાત્કાલિક મેટ્રો માસ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનામાં ગોગામેડીના ગાર્ડ દ્વારા કરવામાં આવેલ ગોળીબારમાં એક હુમલાખોરનું પણ મોત થયું હતું.

આ હત્યાની જવાબદારી ગેંગસ્ટર રોહિત ગોદારાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને લીધી હતી. તેણે લખ્યું હતું કે, રામ-રામ ભાઈઓ, આજે જે સુખદેવ ગોગામેડીની હત્યા થઈ છે તે અમે કરાવી છે. હું તમને જણાવવા માગું છું કે, તે અમારા દુશ્મનો સાથે મળીને તેને સપોર્ટ કરતો હતો. તેને પૂર્ણ રીતે મજબૂત કરવાનું કામ કરતો હતો અને રહી વાત અમારા દુશ્મનોની તો તે પોતાના ઘરના દરવાજા પર પોતાની નનામી તૈયાર રાખે. ટૂંક સમયમાં જ તેમની સાથે મુલાકાત થશે. ■

# વડોદરામાં અકોટા રોડ પર ત્રીજો ભૂવો પડ્યોઃ સ્થાનિકોએ હવન કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ હતી. વરસાદની સાથે વડોદરમાં ભૂવા પડવાની શરૂઆત થઈ છે. બુધવારે અકોટા-મુજમહુડા રોડ પર ત્રીજો ભૂવો પડ્યો હતો. ગત વર્ષે આ રોડ પર ૧૭ ભૂવા પડ્યા હતા. આવનારા દિવસોમાં સમગ્ર શહેરમાં ભૂવા ન પડે તે માટે સ્થાનિકોએ હવન કર્યો હતો. લોકોએ હવે ભૂવા ન પડે તે માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

આ ભૂવાના કારણે વાહનવ્યવહાર પર અસર પડી હતી. સ્થાનિક લોકોએ આ ભૂવામાં કોઇ અકસ્માત ન સર્જાય તે માટે બેરીકેટ મૂકી દીધા હતા. પસાર થતા રાહદારીઓને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભૂવાની સામે બેસી લોકોએ પૂજા-પાઠ કરી હવન કર્યો હતો. આ ભૂવા હવનમાં મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા અને સાથે પૂજા-અર્ચના કરી હતી.

મંગળવારે શહેરના અકોટા મુજ મહુડા રોડ ઉપર મોટો ભૂવો પડ્યો હતો. આ રોડ ઉપર ભૂવા ન પડે તે માટે અત્યાધુનિક ટૅકનોલૉજી દ્વારા ડ્રેનેજ લાઇન અને રોડની કામગીરી કરવામાં આવી હતી. આમ છતાં ભૂવો પડતા પાલિકાનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો હતો. આ ભૂવો કોઇ અકસ્માતને આમંત્રણ આપે તે પહેલાં સ્થાનિક લોકો દ્વારા ભૂવાની આસપાસ આડસ મૂકી દેવામાં આવી હતી. સ્થાનિક લોકોએ મુખ્ય માર્ગ ઉપર પડેલા ભૂવા સામે પાલિકાના ભ્રષ્ટ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત શહેરના પોલો મેદાન પાસે આવેલ રાજસ્થંભ સોસાયટીમાં સ્થાનિક કાઉન્સિલરોની ઉગ્ર રજૂઆત બાદ વરસાદી પાણીના નિકાલ માટેના કાંસ ઉપર સ્લેબ બનાવવામાં આવ્યો હતો, પરંતુ સામાન્ય વરસાદમાં જ આ સ્લેબ તૂટવાની શરૂઆત થતા સ્થાનિક લોકોએ આજે એકઠા થઈને પાલિકા તંત્ર સામે પ્રદર્શન કરીને રોષ ઠાલવ્યો હતો. તેમજ અલકાપુરીમાં કુંજ સોસાયટી તરફથી પસાર થઇ રહેલો એક ટેમ્પો પણ ખૂપી ગયો હતો. ■

# સુરતમાં જાહેર રસ્તા પર પીપીઈ કીટ, દવા-માસ્કનો જથ્થો મળતાં ફફડાટઃ પાલિકાની તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે લોકોની બેદરકારી પણ બહાર આવી રહી છે. સુરતમાં અઠવાલાઇન્સ પોલીસ ક્વાટર્સ વિસ્તારમાં જાહેર રસ્તા પર પીપીઈ કીટ, માસ્ક સહિત કેટલીક દવાનો જથ્થો જોવા મળતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પાલિકા દ્વારા બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે ખાસ વ્યવસ્થા કરી હોવા છતાં પણ જાહેરમાં પીપીઈ કીટ સહિતની સામગ્રી ફેંકાતા તંત્ર ચોંકી ઊઠ્યું હતું. સમગ્ર મામલે પાલિકાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે પીપીઈ કીટ સહિતનો જથ્થો કોણ ફેંકી ગયું છે અને શું છે સમગ્ર મામલો તેને લઈને પોલીસ-પાલિકાએ તપાસ આદરી છે.

જાહેર રસ્તા પર આ પ્રકારની વસ્તુઓ ફેંકી દેવામાં આવી છે, ત્યારે પાલિકા સહિત સ્થાનિકોમાં સવાલો થઈ રહ્યા છે કે, મેડિકલ સામગ્રીઓ અહીં કઈ રીતે આવી. આ મામલે સુરત પાલિકાને આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# સુરત એરપોર્ટ નજીક જોખમી બાંધકામ મુદ્દે આજે હાઈ કોર્ટમાં સુનાવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ સુરત એરપોર્ટ આસપાસ જોખમી ઈમારતો મામલે ગુજરાત હાઈ કોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીનો મામલો ફરી ચર્ચામાં આવ્યો હતો. આ મામલે આજે ગુજરાત હાઈ કોર્ટમાં સુનાવણી થશે.

સુનાવણી હાથ ધરાશે. નોંધનીય છે કે, અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ સુરત કલેકટર, કોર્પોરેશન સહિતના તંત્રએ પણ સંયુક્ત રીતે જોખમી બિલ્ડિંગનો સર્વે હાથ ધર્યો છે.

વર્ષ ૨૦૧૯માં ગુજરાત હાઇ કોર્ટમાં સામાજિક કાર્યકર્તા વિશ્વાસ બાંભુરકર દ્વારા એક જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં જણાવ્યા મુજબ સુરત એરપોર્ટની આસપાસ સુરક્ષાને ભયમાં મૂકતા બાંધકામ થયા હતા, જેને લઈને પેસેન્જર, ક્રૂ મેમ્બર્સ અને આસપાસ રહેતા લોકોના સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો હતો. આ બાંધકામ નિયમો વિરુદ્ધ થયા હતા.

આવા ઊંચા બાંધકામ સાથે પ્લેનનો અકસ્માત થવાની અને મોટાપાયે જાનમાલની હાનિ થવાની પૂરી શક્યતા છે. એરપોર્ટની આસપાસ આવી ઊંચી બિલ્ડિંગોના બાંધકામની મંજૂરી હોઈ શકે નહીં, જેથી કરીને આવા ભયજનક અનધિકૃત બાંધકામને ઓળખીને તેને ખાલી કરાવીને એરક્રાફ્ટ ઍક્ટ ૧૯૮૪ મુજબ તેને દૂર કરવામાં આવે. બાંધકામ કરનારાઓએ ભલે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ લીધું હોય તો પણ તેને તોડી પાડવું જરૂરી છે. લોકોના જીવનને ભયમાં મૂકનાર આવા બિલ્ડરો સામે દીવાની તેમ જ ફોજદારી કેસ દાખલ કરવામાં આવે.

હાઇ કોર્ટે બિલ્ડિંગનો અનધિકૃત ભાગ તોડવા કલેકટરની મદદ કરવા પણ સુરત મહાનગરપાલિકાને સૂચન કર્યું હતું. સુરતનો જે પ્રમાણે વિકાસ થઈ રહ્યો છે તે પ્રમાણે એર મુસાફરી વધવાની જ છે. અમદાવાદ પ્લેનની દુર્ઘટના બાદ અરજદારે આ મુદ્દે તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી. ■

# ૧૫મી ઑગસ્ટથી ખાનગી વાહનો માટે ફાસ્ટટેગ આધારિત વાર્ષિક પાસઃ ગડકરી

નવી દિલ્હીઃ હાઈવે પર કોઈપણ પ્રકારના અવરોધ વિના સરળતાપૂર્વક પ્રવાસ કરી શકાય તે માટે સરકાર ૧૫મી ઑગસ્ટથી ખાનગી વાહનો માટે રૂ. ૩,૦૦૦ની કિંમત ધરાવતો ફાસ્ટટેગ આધારિત વાર્ષિક પાસ લૉન્ચ કરશે, એમ કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરીએ બુધવારે કહ્યું હતું.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં ગડકરીએ લખ્યું હતું કે ઍક્ટિવ કર્યા બાદ આ પાસ એક વર્ષ અથવા ૨૦૦ ટ્રીપ (બેમાંથી જે વહેલું હશે) સુધી માન્ય રહેશે. રાઉન્ડ ટ્રીપને બે ટ્રીપ ગણવામાં આવશે. આ પાસ ખાસ કરીને કાર, જીપ અને વૅન જેવા નૉન કમર્શિયલ ખાનગી વાહનો માટે જ તૈયાર કરવામાં આવ્યો છે.

રોડ, પરિવહન અને હાઈવે ખાતાના પ્રધાન ગડકરીએ કહ્યું હતું કે આ પાસને કારણે વાહનચાલકો માટે દેશભરમાં નેશનલ હાઈવે પર પ્રવાસ કરવાનું સસ્તું અને સરળ બનશે. આ પાસને કારણે ૧૫ ઑગસ્ટ ૨૦૨૫થી ટોલ પ્લાઝા પરથી પસાર થવા સરેરાશ રૂ. ૧૫ ચુકવવા પડશે.

પાસ ઍક્ટિવ અને રિન્યૂ કરવા જલદી જ રાજમાર્ગ યાત્રા ઍપ અને એનએચએઆઈ તેમ જ એમઓઆરટીએચની સત્તાવાર વૅબસાઈટ પર એક લિન્ક ઉપલબ્ધ કરવામાં આવશે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે જે લોકો અગાઉથી જ ફાસ્ટટેગ ધરાવે છે તેમણે નવો ફાસ્ટટેગ લેવાની જરૂર નહીં પડે. વર્તમાન ફાસ્ટટેગ પર જ નવો વાર્ષિક ફાસ્ટટેગ ઍક્ટિવેટ કરાવી શકાશે. વાર્ષિક પાસ માત્ર નેશનલ હાઈવે (એનએચ) અને નેશનલ એક્સપ્રેસ વે (એનઈ) ફી પ્લાઝા પર જ માન્ય ગણાશે

નવી નીતિ ૬૦ કિ.મી.ની રૅન્જમાં આવેલા ટોલ પ્લાઝા સંબંધિત લાંબા સમયની ચિંતા દૂર કરશે અને સિંગલ, પરવડી શકે તેવા ટ્રાન્ઝેક્શન મારફતે ટોલની ચુકવણી કરવાનું વધુ સરળ બનાવશે, એમ તેમણે કહ્યું હતું.

આ નવા પાસનો મુખ્ય આશય વૅઈટિંગ પિરિયડ, ગીરદી અને ટોલ પ્લાઝા પર થતા વિવાદને ઘટાડવાનો તેમ જ પ્રવાસ વધુ ઝડપી, સરળ બનાવવાનો છે. (એજન્સી) ■

# કેદારનાથ ટ્રેક રૂટ પર ભૂસ્ખલનમાં બેનાં મોતઃ ત્રણ ઘાયલ

રુદ્રપ્રયાગઃ કેદારનાથ મંદિર જવાના ટ્રેક રૂટ પર થયેલાં ભૂસ્ખલનમાં બે જણનાં મોત થયાં હતાં અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. રુદ્રપ્રયાગના પોલીસ અધિક્ષક અક્ષય પ્રહલાદ કોંડેએ જણાવ્યું હતું કે, માર્ગ પર જંગલચટ્ટી ઘાટ પાસે સવારે ૧૧.૨૦ વાગ્યે ભૂસ્ખલન થયું હતું અને પહાડીઓ પરથી પથ્થરો નીચે ધસી પડતાં યાત્રાળુઓ અને પાલખી અને કુલી સંચાલકો પ્રભાવિત થયા હતા. ભૂસ્ખલનના કાટમાળ નીચે દબાઈ ગયા બાદ તેઓ એક ખીણમાં પડી ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે, પોલીસ અને એસડીઆરએફના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને શોધ અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

પોલીસ અને એસડીઆરએફના કર્મચારીઓ તેમજ સ્થાનિક લોકોને દોરડાની મદદથી મૃતકો તેમજ ઘાયલોને ખીણમાંથી બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. બે જણનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે એક મહિલા સહિત ત્રણ અન્ય ઘાયલ થયા હતા. એસપીએ જણાવ્યું હતું કે મહિલાને સામાન્ય ઇજાઓ થઈ હતી જ્યારે ગંભીર રીતે ઘાયલ પુરુષોને ગૌરીકુંડના આરોગ્ય કેન્દ્રમાં રિફર કરવામાં આવ્યા હતા. પીડિતોની ઓળખની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સુરક્ષા હેઠળ માર્ગ પર યાત્રાળુઓની અવરજવર ચાલુ છે, એમ કોન્ડેએ જણાવ્યું હતું. ■



**ભેખડો ધસી પડીઃ** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ રૂટ પર જંગલચટ્ટી પર્વતીય વિસ્તાર નજીક બુધવારે ભેખડો ધસી પડવાનું બંધ થયા બાદ લોકોએ ફરી પ્રવાસ આરંભ્યો હતો. અધિકારીઓના જણાવ્યાનુસાર ભેખડો ધસી પડવાની આ ઘટનામાં ઓછામાં ઓછા બે જણનાં મોત થયાં હતાં. (એજન્સી)

# જી-૭ સમિટમાં વડા પ્રધાન મોદીની હાજરી ભારતના વૈશ્વિક નેતૃત્વનું પ્રતિબિંબઃ કાર્ની

કાનનાસકિસઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ કહ્યું છે કે જી-૭ સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરી ભારતીય અર્થતંત્રના કદ અને ગતિશીલતા અને ભારતની નેતૃત્વની સ્થિતિનું પ્રતિબિંબ છે. મંગળવારે કેનેડામાં જી-૭ સમિટ દરમિયાન કાર્નીએ મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી.

જી-૭ નેતાઓના સમિટના સમાપન પર આયોજિત એક પત્રકાર પરિષદમાં કાર્નીએ કહ્યું હતું કે, ''જ્યાં સુધી જી-૭માં વડા પ્રધાન મોદીની હાજરીનો સંબંધ છે, ત્યાં સુધી વડા પ્રધાન મોદીએ ૨૦૧૮થી દરેક જી-૭માં ભાગ લીધો છે, જે ભારતીય અર્થતંત્રના કદ, ભારતીય અર્થતંત્રની ગતિશીલતા, ભારતીય ટેકનોલોજી, જી-૨૦ અને તેનાથી આગળનાં ઘણાં સ્થળોએ ભારતની નેતૃત્વ સ્થિતિનું પ્રતિબિંબ છે.''

કાર્નીએ કહ્યું હતું કે ''તેથી જી-૭ના અધ્યક્ષ તરીકે મારે તે સંદર્ભમાં વડા પ્રધાનની યજમાની કરવી સંપૂર્ણપણે સ્વાભાવિક, સંપૂર્ણપણે સુસંગત છે. મને સંપૂર્ણ અપેક્ષા છે કે ભારતના વડા પ્રધાન આવતા વર્ષે જી-૭માં હાજર રહેશે.'' કાર્નીએ મોદી સાથેની તેમની દ્વિપક્ષીય મુલાકાતને 'મહત્ત્વપૂર્ણ' ગણાવી હતી. તેમણે કહ્યું કે બંને નેતાઓ ફરીથી હાઈ કમિશનરોની નિમણૂક તરફ આગળ વધશે.

કેનેડા દ્વારા ખાલિસ્તાન સમર્થક અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે ભારતને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. તણાવ વચ્ચે ભારતે ગયા વર્ષે તેના હાઈ કમિશનર અને પાંચ અન્ય રાજદ્વારીઓને પાછા બોલાવ્યા હતા. ભારતે એટલી જ સંખ્યામાં કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા.

ભારતે જસ્ટિન ટ્રુડોના નેતૃત્વ હેઠળની ગત સરકાર પર ખાલિસ્તાની સમર્થક તત્ત્વોને કેનેડામાં પ્રવૃત્તિઓ કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો. ટ્રુડો પછી કાર્ની કેનેડાના વડા પ્રધાન બન્યા હતા.

ટ્રુડોના ગયા પછી ભારતે કહ્યું હતું કે તેને કેનેડા સાથે ફરીથી સંબંધો સુધારવાની આશા છે. ■

# જી-૭ ચાવીરૂપ મુદ્દે સહમતી સાધવામાં નિષ્ફળ

કાનનાસિકસઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ શિખર મંત્રણા અધવચ્ચે છોડી ગયા બાદ જી-૭ના બાકીના છ દેશોએ રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન યુદ્ધને મુદ્દે સઘન ચર્ચાવિચારણા કરી હતી, પરંતુ ચાવીરૂપ મુદ્દે સહમતી સાધવામાં અને સંયુક્ત નિવેદન બહાર પાડવામાં નિષ્ફળ રહ્યા હતા.

ઈઝરાયલ-ઈરાન યુદ્ધ વધુ વકરતાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ જી-૭ શિખર મંત્રણા અધવચ્ચે છોડી ગયા બાદ બાકીના છ દેશોએ સંયુક્ત રીતે વૈશ્વિક નીતિને આકાર આપવાનો પ્રયાસ કર્યો હતો. જી-૭ શિખર મંત્રણાના છેલ્લા દિવસના અંતિમ સત્રમાં કેનેડા, યુકે, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને જાપાનના વડા પ્રધાન સાથે યુક્રેનના પ્રમુખ વૉલૉદિમૅર ઝૅલૅન્સ્કિ અને 'નાટો'ના વડા માર્ક રટ્ટે પણ જોડાયા હતા.

જી-૭ દેશના નેતાઓ વ્યક્તિગત રીતે ઝૅલૅન્સ્કિને મળ્યા હતા અને તેમને ટેકો આપવાની ખાતરી આપી હતી.

સાથીદેશોના ટેકા માટે જ હું અહીં આવ્યો છું એમ જણાવતાં ઝૅલૅન્સ્કિએ કહ્યું હતું કે અમે શાંતિપૂર્ણ વાટાઘાટ અને બિનશરતી શસ્ત્રવિરામ માટે તૈયાર છીએ. મને લાગે છે કે આ મહત્ત્વનું છે, પરંતુ આ માટે અમને સાથી દેશોના ટેકાની જરૂર છે. મહત્ત્વના ખનિજો સરળતાથી મળી રહે અને સપ્લાય ચેઈન પર અસર ન થાય તેવી નૉન માર્કેટ પૉલિસીને નિયંત્રણમાં રાખવાનો સંયુક્ત પ્રયાસ કરવા માટે બાકીના નેતા સહમત થયા હતા. આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની નોકરી-રોજગાર અને પર્યાવરણ પર મર્યાદિત અસર રહે એ રીતે ટૅક્નોલૉજિકલ ક્રાન્તિ લાવવા તેમણે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. અન્ય અનેક મુદ્દે તેમની વચ્ચે સહમતી સધાઈ હતી, પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધના મુદ્દે સંયુક્ત નિવેદન બહાર પાડવાથી તેઓ દૂર રહ્યા હતા. (એજન્સી)■

# ભારત અને કૅનેડા વચ્ચે રાજદૂતોને પુનઃસ્થાપિત કરવા સહમતી

**ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની વચ્ચે હકારાત્મક અને રચનાત્મક બેઠક થઈ હતી**

કાનનાસકિસઃ ભારત અને કેનેડાએ વહેલામાં વહેલી તકે એકમેકના દેશની રાજધાનીમાં રાજદૂતોને પુનઃસ્થાપિત કરવા સહમતી દર્શાવી છે. બંને દેશ વચ્ચેના સંબંધોમાં સ્થિરતા લાવવાની દિશામાં આ મહત્ત્વનું પગલું હોવાનું ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું.

જી-૭ શિખર મંત્રણા દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની વચ્ચે હકારાત્મક અને રચનાત્મક બેઠક થઈ હતી. બંને દેશ વચ્ચેના સંબંધોને ગતિશીલ બનાવવા બેઠકમાં લોકશાહી, કાયદાનું શાસન, વેપાર, કનેક્ટિવિટી, એકમેકના દેશવાસીઓ વચ્ચે સીધો સંપર્ક અને બંને દેશ વચ્ચેના મૂલ્ય આધારિત સંબંધો અંગે ચર્ચા થઈ હતી.

મંગળવારની બેઠકમાં બંને દેશ વચ્ચે સ્વચ્છ ઊર્જા, સ્વચ્છ ટૅક્નૉલૉજી, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એઆઈ, અન્ન સુરક્ષા, મહત્ત્વના ખનિજો અને સપ્લાય ચેઈન સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશ વચ્ચેના સંબંધોમાં સ્થિરતા લાવવાની દિશામાં મહત્ત્વનાં પગલાં લેવા સહમતી દર્શાવી હતી અને તેનાં ભાગરૂપ વહેલામાં વહેલી તકે એકમેકના દેશની રાજધાનીમાં રાજદૂતોને પુનઃસ્થાપિત કરવામાં આવશે. ત્યાર બાદ અન્ય જરૂરી પગલાંઓ પણ લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

ખાલિસ્તાનતરફી નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યા સાથે ભારતને સાંકળી લેવાના કેનેડાએ કરેલા પ્રયાસ બાદ ભારતે ગયા વરસે કેનેડાસ્થિત ભારતીય રાજદૂત અને પાંચ રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા હતા તેમ જ કેનેડાના એટલા જ રાજદૂત અને રાજદ્વારીઓની હકાલપટ્ટી કરી હતી.

એકમેક સાથે સતત સંપર્કમાં રહેવાની અને વહેલામાં વહેલી તકે ફરી મળવાની બંને દેશના નેતાએ સહમતી દર્શાવી હતી. (એજન્સી) ■

# કૅનેડા બાદ ક્રોએશિયા પહોંચ્યા વડા પ્રધાન મોદી

## દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા પર થશે ચર્ચા

જગરેબઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ક્રોએશિયા પહોંચ્યા હતા. જે કોઈ ભારતીય વડાપ્રધાન દ્વારા ક્રોએશિયાની પ્રથમ મુલાકાત છે. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે દેશના નેતાઓ સાથે વાતચીત કરશે.

વડાપ્રધાન તેમની ત્રણ દેશોની મુલાકાતના છેલ્લા તબક્કામાં કેનેડાથી અહીં પહોંચ્યા હતા. કેનેડામાં વડાપ્રધાન મોદીએ જી-૭ સમિટમાં હાજરી આપી હતી અને અનેક વિશ્વ નેતાઓ સાથે વાતચીત કરી હતી. અગાઉ, તેમણે તેમની મુલાકાતના ભાગ રૂપે સાયપ્રસની મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન મોદીએ રવિવારે દિલ્હીથી રવાના થતા અગાઉ એક નિવેદનમાં કહ્યું હતું કે ''હું ક્રોએશિયાની મારી મુલાકાત અને રાષ્ટ્રપતિ ઝોરાન મિલનોવિક અને વડાપ્રધાન આન્દ્રેજ પ્લેન્કોવિચ સાથેની મુલાકાતની રાહ જોઈ રહ્યો છું. આપણા બંને દેશો સદીઓ જૂના ગાઢ સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. ભારતીય વડાપ્રધાન દ્વારા ક્રોએશિયાની પ્રથમ મુલાકાત તરીકે તે પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ માટે નવા માર્ગો ખોલશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે ક્રોએશિયાની મુલાકાત યુરોપિયન યુનિયનમાં ભાગીદારો સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂકશે.■



**શિકારા રેલીઃ** પહલગામ આતંકવાદી હુમલા બાદ ઠપ થઈ ગયેલા પર્યટન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા શ્રીનગરના દલ લેક ખાતે બુધવારે યોજાયેલી શિકારા રેલીમાં શિકારાવાળાઓએ સ્થાનિક લોકો અને અપની પાર્ટીના કાર્યકર્તાઓ સાથે ભાગ લીધો હતો. (એજન્સી)

# પાકિસ્તાનમાં બૉમ્બ વિસ્ફોટઃ જાફર એક્સપ્રેસના છ ડબ્બા પાટા પરથી ઊતર્યા

પેશાવર/ઇસ્લામાબાદઃ પાકિસ્તાનમાં બુધવારે રેલવે ટ્રેક પાસે રાખેલા બોમ્બથી જાફર એક્સપ્રેસ ટ્રેનના છ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. આ દુર્ઘટના સિંધ પ્રાંતના જેકો બાદ જિલ્લામાં બની હતી, જે બલૂચિસ્તાનના અશાંત પ્રાંતની સરહદે છે. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

જેકોબાબાદમાં પશુ બજાર નજીક રેલવે ટ્રેક પાસે વિસ્ફોટ થયો હતો, જેના કારણે જાફર એક્સપ્રેસના છ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા.

વિસ્ફોટ બાદ, પોલીસની ભારે ટુકડીએ વિસ્તારને ઘેરી લીધો હતો. અધિકારીઓ હાલમાં વિસ્ફોટની પ્રકૃતિની તપાસ કરી રહ્યા છે. ઘટનાનું કારણ અને પ્રકૃતિ નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે.

વિસ્ફોટ બાદ, રૂટ પર ટ્રેન કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જૂથે જવાબદારી સ્વીકારી નથી.

તાજેતરના મહિનાઓમાં આ બીજી વખત છે જ્યારે ક્વેટાથી પેશાવર જતી વખતે બલૂચિસ્તાનના બોલાન વિસ્તારમાં હુમલો થયા બાદ જાફર એક્સપ્રેસને નિશાન બનાવવામાં આવી હતી.

ત્યારે બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ) એ જવાબદારી સ્વીકારી હતી, જેણે ટ્રેનને પણ હાઇજેક કરી હતી, જેના કારણે સેના દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ભારતના શુભાંશુ શુકલાનું મિશન ફરી મોકૂફ રહ્યું

નવી દિલ્હી : ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ભારતના અવકાશવીર શુંભાશુ શુક્લાને લઈ જવાનું એક્સિઓમ-૪ મિશન ફરી મોકૂફ રાખવામાં આવ્યું છે. અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસા ઑર્બિટલ લેબના રશિયન સેક્સનમાં થયેલા સમારકામની સમીક્ષા કરી શકે એ માટે આ મિશન મોકૂફ રાખવામાં આવ્યું છે, એવી જાહેરાત એક્સિઓમ સ્પેસે બુધવારે કરી છે. એક્સિઓમ મિશન-૪ એક ખાનગી અંતરિક્ષ મિશન છે જે એક્સિઓમ સ્પેસ, નાસા અને સ્પેસએક્સના સહયોગમાં સંચાલિત થઈ રહ્યો છે. આ મિશન સ્પેસએક્સના ફાલ્કન નવ રોકેટ અને ક્રૂ ડ્રેગન વાટે ચાર અવકાશવીરને આઈએસએસ લઈ જવાનું છે. અગાઉ આ મિશન ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરમાં ૧૯ જૂને પાર પડવાનું હતું.

એક્સિઓમ સ્પેસે કહ્યું હતું કે નાસા, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ હવે ૨૨ જૂન પહેલાં આ મિશન હાથ નહીં ધરે. આમાં ભારત, હંગેરી અને પોલૅન્ડના ચાર અવકાશવીરો આંતરરાષ્ટ્રીય અવકાશમથકે જશે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે અવકાશયાનના સ્પેસ સ્ટેશનના ઝવેઝડા સર્વિસ મોડ્યુલના પાછળના ભાગમાં સમારકામ કરવામાં આવ્યું હતું અને નાસાને આ કામની સમીક્ષા કરવી છે. મિશન મોકૂફ રાખવાથી નાસાને ઓપરેશન્સનું મૂલ્યાંકન કરવાનો સમય મળશે.

આ વાણિજ્ય મિશનમાં કમાન્ડર પેગી વ્હીટસન, મિશન પાઈલટ શુક્લ અને પોલૅન્ડના સ્લાવોસ્ઝ ઉઝાનનસ્કી-વિસ્નીએવસ્કી મિશનના નિષ્ણાતો તરીકે જશે. મિશન પહેલાં ૨૯મેએ, ત્યાર બાદ આઠ જૂને અને ત્યાર બાદ ૧૦ અને ૧૧ જૂને થવાનું હતું. (એજન્સી)■

# ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી વિસ્ફોટઃ ૧૧ કિમી ઊંચાં રાખનાં વાદળો છવાયાં

લેમ્બાતા (ઇન્ડોનેશિયા): ઇન્ડોનેશિયાનો માઉન્ટ લેવાટોબી લાકી લાકી જ્વાળામુખી બુધવારે ફરી ફાટ્યો અને તેમાંથી રાખ અને ધુમાડાના વાદળ નીકળ્યા હતા, જેના કારણે આસપાસનાં ગામડાઓ ખાલી કરાવવાં પડ્યાં અને પ્રવાસી ટાપુ બાલી જતી અને આવતી ફ્લાઇટ્સ સહિત અન્ય ફ્લાઇટ સેવાઓ રદ કરવામાં આવી હતી. જ્વાળામુખીમાં અનેક વિસ્ફોટોને કારણે રાખ આકાશમાં ૫,૦૦૦ મીટર સુધી ફેલાઈ ગઈ હતી. મંગળવારે બપોરે જ્વાળામુખી ફાટ્યા પછી જ્વાળામુખીની ૧૧ કિલોમીટર ઉપર રાખનાં વાદળો જોવા મળ્યા હતા. રાખનાં વાદળો એટલા વિશાળ હતા કે તે ૧૫૦ કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા.

અધિકારીઓએ જ્વાળામુખીના લાવાથી બચવા માટે જ્વાળામુખીથી સાત કિલોમીટર દૂર માઉન્ટ લેવાટોબી લાકી લાકી મોનિટરિંગ પોસ્ટને પણ ખાલી કરાવી હતી. હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જ્વાળામુખી ફાટ્યા પછી કેટલાક ગામના રહેવાસીઓને સલામત સ્થળે ખસેડાયા હતા.

એજન્સીના પ્રવક્તા અબ્દુલ મુહારીએ કહ્યું હતું કે કેટલાક રહેવાસીઓએ જ્વાળામુખીથી ૧૨ કિલોમીટર દૂર આવેલા નિલેકાનોહેંગ ગામને પણ ખાલી કરાવ્યું હતું.

જ્વાળામુખી ફાટવાના કારણે ભારત, સિંગાપોર અને ચીનના પુડોંગની ફ્લાઇટ્સ પણ રદ કરવામાં આવી છે. નવેમ્બરમાં માઉન્ટ લેવોટોબી લાકી લાકી ફાટવાથી નવ લોકોનાં મોત થયાં હતાં અને ડઝનેક ઘાયલ થયા હતા. આ વર્ષે માર્ચમાં પણ તે ફાટ્યો હતો. ■

# ચીનમાં શહેરોમાં પૂરનાં પાણી ભરાયાં

બેઇજિંગ : દક્ષિણ ચીનના ગુઆંગડોંગ પ્રાંતનાં શહેરોમાં પૂરના પાણી ભરાઈ ગયા બાદ બુધવારે બચાવ કાર્યકરોએ લોકોને બહાર કાઢવા અને ખોરાક અને પાણી પહોંચાડવા માટે રબરની હોડીઓનો ઉપયોગ કર્યો હતો. રાજ્ય પ્રસારણકર્તા સીસીટીવીએ જણાવ્યું હતું કે ભારે વરસાદ પછી હુઆજી કાઉન્ટીમાં લગભગ ૩૦,૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. કાઉન્ટીના અડધાથી વધુ રસ્તાઓ ડૂબી ગયા હતા અને વીજળી અને ઇન્ટરનેટ ખોરવાઈ ગયું હતું.

સુઇજિયાંગ નદી શહેરી વિસ્તારમાં છલકાઈ ગઈ હતી, જેના કારણે શેરીઓનો વિશાળ ભાગ નહેરોમાં ફેરવાઈ ગયો હતો. હવાઈ ફૂટેજમાં કેટલાક ભાગોમાં, પાણી પહેલા માળ સુધી પહોંચી ગયું હતું અને ફક્ત કારની ટોચ જ દેખાતી હતી.

હુઆજી કાઉન્ટી ગુઆંગશી પ્રદેશની સરહદની નજીક છે અને ગુઆંગઝીથી લગભગ ૧૪૦ કિમી ઉત્તરપશ્ચિમમાં છે, જે એક મુખ્ય ઔદ્યોગિક અને બંદર શહેર છે. ઉષ્ણકટિબંધીય તોફાન વુટિપે આ પ્રદેશમાં ભારે વરસાદ લાવ્યો હતો અને ત્યારબાદ આ અઠવાડિયાની શરૂઆતમાં ચોમાસાનો વરસાદ પડ્યો હતો. ગયા સપ્તાહના અંતે ઉષ્ણકટિબંધીય વાવાઝોડાને કારણે થયેલા બે ભૂસ્ખલનમાં ગુઆંગશીમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં.

સધર્ન મેટ્રોપોલિસ ડેઇલી અખબાર દ્વારા લાઇવસ્ટ્રીમ પર ઇન્ટરવ્યુ લેવામાં આવેલા એક બચાવ કાર્યકર્તાએ જણાવ્યું હતું કે તેમની ટીમને હોસ્પિટલમાંથી ગંભીર રીતે બીમાર દર્દીઓને બહાર કાઢવાની જરૂર છે. ટીમે નવજાત બાળક સાથે એક મહિલાને દૂધ પાવડર અને પાણી પહોંચાડ્યું હતું અને શાળામાં રહેલાં ડઝનબંધ બાળકો અને વૃદ્ધોને પુરવઠો મોકલ્યો હતો. ■

# ઉત્તર પ્રદેશના મથુરામાં વીજળી પડવાથી ભાજપના નેતાનું મોત

## વરસાદ બાદ છતની કરી રહ્યા હતા સફાઇ

મથુરા (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મથુરાના કૃષ્ણા નગર વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન છત પરથી પાણી સાફ કરતી વખતે વીજળી પડવાથી ૪૦ વર્ષીય ભાજપ નેતાનું મોત નીપજ્યું હતું. મૃતક બલરામ સિંહ ત્રણ ભાઈઓમાંના એક હતા. તેમને ત્રણ નાના બાળકો છે. તેમના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ છવાઇ ગયો હતો. સમાચાર એજન્સી અનુસાર, નાયબ પોલીસ અધિક્ષક ભૂષણ વર્માએ જણાવ્યું હતું કે મૃતક કૃષ્ણા નગર ભાજપ મંડળના સેક્ટર ઇન્ચાર્જ બલરામ સિંહ મંગળવારે સાંજે વાવાઝોડા દરમિયાન છત પર જમા થયેલ પાણીને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમના પર વીજળી પડી હતી. ભૂષણ વર્માએ કહ્યું હતું કે, ''તેમની ચીસો સાંભળીને પરિવારના સભ્યો છત પર પહોંચ્યા અને તેમને બેભાન અવસ્થામાં જોયા હતા. સંબંધીઓ અને પડોશીઓના વારંવાર પ્રયાસો છતાં તેમને બચાવી શક્યા નહીં. બાદમાં એક ખાનગી હોસ્પિટલના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.''

એક પાડોશીએ બલરામ સિંહને સીપીઆર આપવાનો પ્રયાસ કર્યો હતો જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. નોંધનીય છે કે સિંહના પરિવારે અગાઉ તેમની છત પર એક ટીવી એન્ટેના લગાવ્યું હતું, જેનો તેઓ વીજળી રોકવા તરીકે ઉપયોગ કરતા હતા પરંતુ એવું લાગે છે કે સુરક્ષા માટે તે પૂરતું નહોતું. ■

# મધ્યપૂર્વના યુદ્ધમાં અમેરિકાએ ઝંપલાવી ઈક્વિટી માર્કેટને આપ્યો મોટો ઝટકો: બંને બેન્ચમાર્ક વધુ નીચી સપાટીએ સરક્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને યુએસ ફેડરલના વ્યાજદરના નિર્ણયની જાહેરાત પહેલાની સાવચેતીના માનસ વચ્ચે રોકાણકારોએ લેણ અટકાવી રાખ્યા હોવાથી બુધવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી સતત બીજા દિવસે નેગેટીવ ઝોનમાં સરક્યા હતા. પ્રારંભિક સુધારો ગુમાવીને સેન્સેક્સ ૧૩૮.૬૪ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા ઘટીને ૮૧,૪૪૪.૬૬ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

નબળી શરૂઆત પછી, સવારના ટ્રેડમાં ઇન્ડેક્સ ૮૧,૮૫૮.૯૭ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો પરંતુ બાદમાં તેજી જાળવી રાખવામાં નિષ્ફળ ગયો. બેરોમીટર સત્ર દરમિયાન ૩૪૬.૨૯ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૮૧,૨૩૭.૦૧ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ઇન્ડેક્સ ૪૧.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા ઘટીને ૨૪,૮૧૨.૦૫ પર સ્થિર થયો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં ક્રૂડ ઓઇલના ભાવમાં સતત થતી ઊથલપાથલે એકંદર સેન્ટિમેન્ટને ખોરવી નાખ્યું હોવાથી સ્થાનિક બજાર શરૂઆતના સુધારા જાળવી રાખવામાં નિષ્ફળ ગયું. જોકે, માગમાં સુધારો થવાની અપેક્ષાઓમાં ઓટો અને કન્ઝ્યુમર ડિસક્રેશનરી સ્ટોક્સમાં લેવાલી જોવા મળી હતી.

સેન્સેક્સની કંપનીઓમાં, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર, નેસ્લે, બજાજ ફિનસર્વ અને એનટીપીસી ટોપ લુઝર્સની યાદીમાં હતા. જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, ટાઇટન, મહિન્દ્રા અને મહિન્દ્રા અને મારુતિ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા.

નિફ્ટીમાં ટોચના ઘટાડો નોંધાવનારા શેરોમાં ટીસીએસ, અદાણી પોર્ટ્સ, જેએસડબલ્યુ સ્ટીલ, એચયુએલ, અદાણી એન્ટરપ્રાઇઝનો સમાવેશ થાય છે, જ્યારે સૌથી વધુ વધનારા ઇન્ડસઇન્ડ બેંક, ટ્રેન્ટ, ટાઇટન કંપની, મારુતિ સુઝુકી અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. ક્ષેત્રીય મોરચે, ઓટો, ખાનગી બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાય, અન્ય તમામ સૂચકાંકો રેડ ઝોનમાં બંધ રહ્યા હતા, જેમાં આઇટી, મીડિયા, મેટલ, તેલ અને ગેસ, રિયલ્ટી ૦.૫-૧ ટકા ઘટ્યા હતા. ગુરુવારે એક્સપાયરી ડે માટે સેબીની મંજૂરી બાદ બીએસઇના શેર ઘટ્યા હતા, નોમુરાના ટાર્ગેટ અપગ્રેડ પર ઇન્ડસઇન્ડ બેંકના શેર ચાર ટકા વધ્યા હતા, વેદાંતે રૂ. ૩,૩૨૩ કરોડનો ૧.૭૧ ટકા હિસ્સો વેચ્યો હોવાથી હિન્દુસ્તાન ઝિંકના શેર સાત ટકા ઘટ્યા હતો. આઇપીઓ પહેલાના શેરધારકો માટે ફરજિયાત છ મહિનાનો લોક-ઇન સમયગાળો આજે સમાપ્ત થયા પછી વન મોબીક્વિક સિસ્ટમ્સના શેર આઠ ટકા ઘટ્યા હતા.

બીએસઇ પર ૭૦થી વધુ શેર તેમના બાવન અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં ઓથમ ઇન્વેસ્ટમેન્ટ, ફેડરલ-મોગલ, અઝ સ્મોલ ફાઇનાન્સ, એક્સિસકેડ્સ ટેક્નોલોજીસ, લુમેક્સ ઇન્ડસ્ટ્રીઝ, પીએસપી પ્રોજેક્ટ્સ, આદિત્ય બિરલા કેપિટલ, રેડિંગ્ટન, નવીન ફ્લોરિન, રેડિંગ્ટન, વગેરેનો સમાવેશ હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ સૌથી વધુ ૧.૭૯ ટકા ઘટ્યો હતો. અદાણી પોર્ટ્સ ૧.૫૫ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૧.૩૫ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૬ ટકા અને નેસ્લે ૦.૯૫ ટકા ઘટયો હતો. આઇસીઆઇસીઆઇ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, ઇન્ફોસિસ, એનટીપીસી અને એચપીસીએલ ટેકમાં થયેલા નુકસાનને કારણે પણ ઇન્ડેક્સમાં ઘટાડો થયો હતો.

બીજી તરફ, આગામી ૧૨ મહિનામાં તેના પ્રદર્શન અંગે આશાવાદ વ્યક્ત કરવામાં આવેલા એક અહેવાલ પછી ઇન્ડસઇન્ડ બેંક ૫.૧૨ ટકા વધ્યો હતો. ટાઇટન ૧.૯૯ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૨૪ ટકા અને મારુતિ ૧.૧૨ ટકા વધ્યો હતો. સુરક્સા ડાયોગ્નોસ્ટિક્સે પૂર્વ ભારતમાં વીસ સેન્ટર ખોલવા માટે રૂ. ૨૦૦ કરોડની યોજના જાહેર કરી છે. ચાઇનીઝ કંપની ટ્રીપ ડોય કોમનો હિસ્સો ઘટાડવા માટે મેકમાય ટ્રીપ ડોટ કોમ શેર અને બોન્ડ વેચીને ૨.૫ અબજ ડોલર એકત્ર કરશે.

ઇઝરાયલી યુદ્ધ વિમાનોએ રાત્રે અને બુધવારે ઈરાનની રાજધાની બોમ્બ વર્ષા સાથે હુમલો કર્યો હતો. અગાઉ ઈરાને ઈઝરાયલ પર મિસાઈલોનો એક નાનો હુમલો કર્યો, જેમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. નિફ્ટી શરૂઆતમાં ઊંચી સપાટીએ હતો પરંતુ મુખ્યત્વે હેવીવેઇટ શેરોના દબાણને કારણે ગતિ જાળવી રાખવામાં નિષ્ફળ ગયો.

ગુરુવારે શરૂઆતના કારોબાર દરમિયાન બજારો યુએસ ફેડ પોલિસી મીટિંગના પરિણામ પર પ્રતિક્રિયા આપશે. જ્યારે મોટાભાગના લોકો વ્યાજ દરોમાં કોઈ ફેરફારની અપેક્ષા રાખે છે, ત્યારે ફેડરલ રિઝર્વની, ખાસ કરીને ભૂરાજકીય તણાવ અને વેપાર ટેરિફ ચિંતાઓને કારણે પ્રવર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને થનારી ટિપ્પણી વધુ મહત્વપૂર્ણ રહેશે.

બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો દરેક ૦.૩૪ ટકા ઘટ્યા હતા. બીએસઇ સેકટરલ ઇન્ડેક્સમાં આઇટી ૦.૭૬ ટકા, ફોકસ્ડ આઇટી ૦.૭૫ ટકા, યુટિલિટીઝ (૦.૭૫ ટકા), પાવર (૦.૬૭ ટકા), કોમોડિટીઝ (૦.૬૬ ટકા) અને મેટલ (૦.૬૫ ટકા) ઘટ્યા હતા. જોકે, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ ૦.૭૫ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૦.૩૮ ટકા), ઓટો (૦.૩૭ ટકા) અને બેંકેક્સ (૦.૦૩ ટકા) વધ્યા હતા.

બીએસઇ પર ૨,૪૪૭ જેટલા શેર ઘટ્યા જ્યારે ૧,૫૩૧ વધ્યા અને ૧૩૭ યથાવત રહ્યા. એક્સચેન્જ ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૪૮૨.૭૭ કરોડ રૂપિયાની ઇક્વિટી ખરીદી હતી અને એ જ સાથે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ અગાઉના વેપારમાં ૮,૨૦૭.૧૯ કરોડ રૂપિયાની ઇક્વિટી ખરીદી હતી. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેકસ નીચો રહ્યો. યુરોપિયન બજારો પોઝિટિવ ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૩૫ ટકા ઘટીને ૭૫.૪૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, સેન્સેક્સ ૨૧૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટીને ૮૧,૫૮૩.૩૦ પર બંધ થયો હતો. નિફ્ટી ૯૩.૧૦ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૨૪,૮૫૩.૪૦ પર બંધ થયો હતો.

સતત વધી રહેલા ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડ ઓઇલના ઊંચા ભાવને કારણે ફુગાવો વધવા અંગેની ચિંતાને કારણે વેચવાલીનું દબાણ વધ્યું હતું. આ ઉપરાંત ઇરાને ક્રૂડની વૈશ્વિક સપ્લાઇમાં નોંધપાત્ર ભૂમિકા ભજવનાર હોર્મસની સામુદ્રધુનીનો માર્ગ બંધ કરવાની ધમકી આપ્યા બાદ વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવના સંભવિત વધારાની આશંકા વચ્ચે રોકાણકારોએ મોટા લેણ ટાળવાનું પસંદ કર્યું છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે ક્રૂડ ઓઇલના વધતા ભાવ ભારતમાં ફુગાવાની ચિંતામાં વધારો કરી રહ્યા છે. નોંધવું રહ્યું કે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ક્રૂડ ઓઇલ આયાતકાર છે, જેના કારણે બજારમાં નકારાત્મક મૂડ પણ વધ્યો છે. મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વિશ્વના ક્રૂડ ઓઇલના સૌથી મોટા નિકાસકાર ઇરાનની સપ્લાઇમાં ઘટાડો થવાની ભીતિને કારણે તાર્કિક રીતે આ જણસના ભાવમાં ભડકો થવાની ભીતિ ચર્ચાઇ રહી છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ દરમિયાનના પરિવહનમાં વિક્ષેપ ઊભો થશે તો ક્રૂડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે.

ઇઝરાયલ-ઈરાન સંઘર્ષ વ્યાપક પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાય છે કે કેમ તે મુખ્ય જોખમ રહેલું છે. જો સંઘર્ષ મર્યાદિત રહેશે, તો બજાર આગળ વધશે અને મૂળભૂત આર્થિક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાછલા કેટલાક વર્ષોમાં આપણે આ પેટર્ન જોઈ છે. જો અન્ય દેશ પણ યુદ્ધમાં જોડાશે તો મોટા યુદ્ધના ભય વચ્ચે બજારનું મોરલ ખખડી જશે અને ઇક્વિટી એસેટમાં વ્યાપક ધોવાણ જોવા મળશે.

## નિકલ સિવાયની ચોક્કસ ધાતુઓમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે વધી રહેલા ભૂરાજકીય તણાવ વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહેતું હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એક માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગે ભાવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છનો ધીમો સુધારો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સતત ત્રીજા સત્રમાં નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે મર્યાદિત માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૧૭ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લા ત્રણ સત્રમાં નિકલના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૮નો ઘટાડો નોંધાયો છે. આ સિવાય આજે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૦, રૂ. ૫૫૫ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હતા.

જોકે, આજે કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટો ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૯૨૧ અને રૂ. ત્રણ વધીને રૂ. ૨૮૨૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૫, રૂ. ૮૪૩, રૂ. ૭૬૭ અને રૂ. ૨૫૦ના મથાળે અને કોપર આર્મિચર, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૭, રૂ. ૨૦૩ અને રૂ. ૨૫૬ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

## ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા નબળો પડ્યો

મુંબઈ: વૈશ્વિક સ્તરે મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે ક્રૂડતેલના ભાવમાં વધારો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે નવ પૈસા નબળો પડીને ૮૬.૪૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૪૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૫૭ અને ઉપરમાં ૮૬.૨૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસા ઘટીને ૮૬.૪૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૦ પૈસાનું ધોવાણ થયું હતું.

તાજેતરમાં મધ્ય પૂર્વનાં દેશોમાં વધેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો વૈશ્વિક જોખમી પરિબળોમાં ઘટાડો થાય તો રૂપિયામાં સુધારો આવી શકે છે. જોકે, ટ્રેડરોની નજર આજે સમાપન થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ તેમ જ ભવિષ્યની નીતિ અંગેના ફેડરલના અધ્યક્ષના સંકેતો પર હતી. અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૬.૧૫થી ૮૬.૯૦ આસપાસની રહી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૮૬ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૫.૭૯ ડૉલર અને ડૉલર ઈન્ડેક્સ ૦.૧૭ ટકા ઘટીને ૯૮.૬૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩૮.૬૪ પૉઈન્ટનો અને ૪૧.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

### ફેડરલ રિઝર્વની બેઠકની ફળશ્રુતિ પૂર્વે વૈશ્વિક સોનામાં નરમાઈ

## સ્થાનિકમાં રૂપિયો નબળો પડતાં ₹ ૩૦૭નો અને ચાંદીમાં ₹ ૩૧૨નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા સોનાના હાજર અને વાયદાના ભાવમાં ૦.૩ ટકાનો તેમ જ ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ૦.૨ ટકાનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા નબળો પડતાં સોનાની આયાત પડતરો વધતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૬થી ૩૦૭નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૧૨ વધી આવ્યા હતા. તાજેતરમાં વિશ્વ બજારમાં ચાંદીમાં ઝડપી તેજી આવી હોવાથી આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૨ની તેજી સાથે રૂ. ૧,૦૯,૪૧૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની માગ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં રૂપિયો નબળો પડ્યો હોવાથી ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૬ વધીને રૂ. ૯૯,૦૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦૭ વધીને રૂ. ૯૯,૪૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીમાં અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે અમેરિકી ફેડરલ રિઝર્વની મોડી સાંજે સમાપન થતી બે દિવસીય નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવતા લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ અનુક્રમે ૩૩૭૯.૧૦ ડૉલર અને ૩૩૯૬.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ યથાવત્ રહેવાની સાથે ક્રૂડતેલના ભાવમાં પણ મજબૂત વલણ રહ્યું હોવાથી સોનામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. મધ્ય પૂર્વના દેશોમાં વધી રહેલા તણાવના સંકેતો, અમેરિકાનાં રિટેલ વેચાણ, ગૃહનિર્માણ અને ઔદ્યોગિક ઉત્પાદનના ડેટાઓ નબળા આવ્યા હોવાથી આ વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હોવાનું એએનઝેડના વિશ્લેષકે એક નોટ્સમાં જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખના ઈરાનને બિનશરતી શરણાગતી આહ્વાન છતાં ઈઝરાયલ અને ઈરાને એકબીજા પર નવેસરથી મિસાઈલ હુમલાઓ કર્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા અમેરિકા મધ્ય પૂર્વમાં ફાઈટર એરક્રાફ્ટ તથા શસ્ત્ર સરંજામ ગોઠવે તેવી શક્યતા યુએસના ત્રણ અધિકારીઓએ રોઈટર્સ સમક્ષ વ્યક્ત કરી હતી. આમ મધ્ય પૂર્વમાં ભૂરાજકીય કટોકટી વધુ વણસે તેવી શક્યતા પ્રબળ બની છે.

દરમિયાન આજે ફેડરલ રિઝર્વ બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા હોવા છતાં બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ ભવિષ્યની નીતિ અંગે કોઈ અણસાર આપે છે કે કેમ તેના પર રોકાણકારોની મીટ મંડાયેલી છે. જોકે, તાજેતરમાં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં જળવાઈ રહેલી લેવાલી અને સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં વધી રહેલા આંતરપ્રવાહને ધ્યાનમાં લેતા ગોલ્ડમેન સાશે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૭૦૦ ડૉલર અને વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધીમાં ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવો અંદાજ મૂક્યો છે.

## માર્કેટ કેપિટલ ₹ ૨.૬૬ લાખ કરોડ ઘટીને ₹ ૪૪૭.૮૨ લાખ કરોડના સ્તરે

મુંબઈ: સેકટરલ ઈન્ડેક્સમાં આઈટી યુટિલિટીઝ, ફોકસ્ડ આઈટી સૌથી અધિક ઘટ્યા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને ઓટો ઈન્ડેક્સ વધ્યા, માર્કેટ કેપ રૂ. ૧.૫૪ લાખ કરોડ ઘટ્યું હતુ. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૧,૫૮૩.૩૦ના બંધથી ૧૩૮.૬૪ પોઈન્ટ્સ (૦.૧૭ ટકા) ઘટયો હતો. સેન્સેક્સ ૮૧,૩૧૪.૬૨ ખૂલીને ઊંચામાં ૮૧,૮૫૮.૯૭ સુધી અને નીચામાં ૮૧,૨૩૭.૦૧ સુધી જઈને અંતે ૮૧,૪૪૪.૬૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૭.૮૨ લાખ કરોડથી રૂ.૧.૫૪ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૬.૨૮ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૫ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૮ ટકા, ઓટો ૦.૩૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે આઈટી ૦.૭૬ ટકા યુટિલિટીઝ ૦.૭૫ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૭૫ ટકા, પાવર ૦.૬૭ ટકા, કોમોડિટીઝ ૦.૬૬ ટકા, મેટલ ૦.૬૫ ટકા, સર્વિસીસ ૦.૫૯ ટકા ટેક ૦.૫૩ ટકા, હેલ્થકેર ૦.૫૨ ટકા અને કેપિટલ ગુડ્સ ૦.૪૮ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૪ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૪ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૭ ટકા વધ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૧૧૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૩૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૪૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૭૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૫.૧૨ ટકા, ટાઈટન ૧.૯૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૨૪ ટકા, મારુતિ ૧.૧૨ ટકા, એશિયન પેઈન્ટસ ૦.૭૪ ટકા, ભારતી એરટેલ ૦.૫૪ ટકા, ઈટર્નલ ૦.૪૭ ટકા એક્સિસ બેન્ક ૦.૩૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૨૯ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૨૨ ટકા વધ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ટકેલા રહ્યા હતા. સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.


## પશ્ચિમ રેલવે સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાઓની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૨૨૦૦ | બાંદ્રા ટર્મિનસ - વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી | ૦૫.૦૭.૨૫થી ૨૭.૦૯.૨૫ | ૦૫:૧૦ ક. (શનિવાર) | ૦૫:૦૦ ક. (બીજા દિવસે) |
| ૦૨૧૯૯ | વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી - બાંદ્રા ટર્મિનસ | ૦૩.૦૭.૨૫થી ૨૫.૦૯.૨૫ | ૧૬:૫૦ ક. (ગુરુવાર) | ૧૬:૧૦ ક. (બીજા દિવસે) |
| થોભશે: બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, બિયાવરા રાજગઢ, ચાચૌરા બીનાગંજ, રૂથિયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, દાબરા અને દતિયા સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના: AC ૨-ટાયર, AC ૩-ટાયર, AC ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ. | | | | |
| ૦૪૧૨૬ | બાંદ્રા ટર્મિનસ - સુબેદારગંજ | ૦૮.૦૭.૨૫થી ૩૦.૦૯.૨૫ | ૧૧:૧૫ ક. (મંગળવાર) | ૧૭:૦૦ ક. (બીજા દિવસે) |
| ૦૪૧૨૫ | સુબેદારગંજ - બાંદ્રા ટર્મિનસ | ૦૭.૦૭.૨૫થી ૨૯.૦૯.૨૫ | ૦૫:૨૦ ક. (સોમવાર) | ૦૯:૩૦ ક. (બીજા દિવસે) |
| થોભશે: બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સીટી, બાયના, રૂપબાસ, ફતેહપુર સીકરી, ઈદગાહ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી અને ફતેહપુરી સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના: AC ૩-ટાયર, AC ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ. જોકે, ૦૮મી જુલાઈ ૨૦૨૫ના ટ્રેન નં. ૦૪૧૨૬ અને ૦૭મી જુલાઈ ૨૦૨૫ના ટ્રેન નં. ૦૪૧૨૫ માટે સંરચના ફક્ત AC ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસનો સમાવેશ થશે. | | | | |

સમય, થોભવાના અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૨૨૦૦ & ૦૪૧૨૬નું બુકિંગ ૧૯.૦૬.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


## અત્યાર સુધીમાં ડાંગરના વાવેતર વિસ્તારમાં ૧૩ ટકાનો વધારો

નવી દિલ્હી: વર્તમાન ખરીફ મોસમમાં અત્યાર સુધીમાં અર્થાત્ ગત ૧૩મી જૂન સુધીમાં દેશમાં ડાંગરનુ વાવેતર ગત સાલના સમાનગાળાના ચાર લાખ હેક્ટર સામે ૧૩ ટકા વધીને ૪.૫૩ લાખ હેક્ટરમાં થયું છે, જ્યારે કુલ ખરીફ વાવેતર ગત સાલના સમાનગાળાના ૮૭.૮૧ લાખ હેક્ટર સામે વધીને ૮૯.૨૯ લાખ હેક્ટરની સપાટીએ રહ્યું હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. ડિપાર્ટમેન્ટ ઑફ એગ્રિકલ્ચરે વર્તમાન ખરીફ મોસમમાં ગત ૧૩મી જૂન સુધી થયેલા વાવેતરની પ્રગતિની આંકાડકીય માહિતી જાહેર કરતાં એક યાદીમાં જણાવ્યું હતું કે સમીક્ષા હેઠળના સમયગાળામાં કઠોળનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૨.૬ લાખ હેક્ટર સામે વધીને ૩.૦૭ લાખ હેક્ટરમાં, શ્રી અન્ન અથવા તો કડ ધાન્ય અથવા તો જાડા ધાન્યનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૫.૯ લાખ હેક્ટરની આસપાસ જ ૫.૮૯ લાખ હેક્ટરની સપાટીએ રહ્યું છે. વધુમાં અખાદ્યાન્ન અથવા તો નોન ફૂડ કેટેગરીમાં તેલીબિયાંનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧.૫૦ લાખ હેક્ટર સામે વધીને ૨.૦૫ લાખ હેક્ટરમાં, શેરડીનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૫૪.૮૮ લાખ હેક્ટર સામે સાધારણ વધીને ૫૫.૦૭ લાખ હેક્ટરમાં અને કપાસનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૩.૨૮ લાખ હેક્ટર સામે ઘટીને ૧૩.૧૯ લાખ હેક્ટરમાં થયું હોવાનું યાદીમાં ઉમેર્યું છે.

## પાંખાં કામકાજો વચ્ચે સોયા રિફાઈન્ડમાં નરમાઈ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૭ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક બજારના મિશ્ર અહેવાલ તેમ જ સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આજે આયાતી તેલમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો અને દેશી તેલમાં મથકો પાછળ સરસવના ભાવમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૭૦ અને રૂ. ૧૧૮૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૭૫, રૂ. ૧૨૦૦ અને રૂ. ૧૩૮૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૧ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૭૫ અને રૂ. ૧૨૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૨૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૯૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - રતલામ

DADNમાં OBHSની જોગવાઈ માટે કોન્ટ્રાક્ટ

Sr. CDO/ICD/IND, પશ્ચિમ રેલવે, રતલામ, ડિવિઝન GeM ટેન્ડર નં. GEM/૨૦૨૫/B/૬૩૫૧૦૦૯, GeM પર અપલોડ કરવાની તારીખ: નીચેના કામ માટે ૧૬-૦૬-૨૦૨૫ (ઓપન ટેન્ડર, બે પેકેટ સિસ્ટમ) મંગાવે છે. જો ખોલવાની તારીખ બંધ અથવા રજા હોય, તો ટેન્ડર નીચેના કાર્યકારી દિવસે તે જ સમયે ખોલવામાં આવશે. કામનું નામ સાથે તેનું સ્થળ: ૦૨ વર્ષની મુદત માટે ટ્રેન્સ અધારે DADNમાં OBHSની જોગવાઈ માટે કોન્ટ્રાક્ટ ધોરણે મેનપાવર. કામની અંદા. કિંમત: ₹ ૩૭૭૮૩૯૬૯.૭૯/- તમામ કર અને GST સહિત. ટેન્ડર ફોર્મની કિંમત: તમામ બિડરો માટે ઈ-ટેન્ડર ફોર્મ મફત. બાના રકમ: ₹ ૩૩૮૯૨૦/-. કામનો પૂર્ણ થવાનો સમયગાળો: LOAના ઈશ્યૂ થયાથી ૨ વર્ષ (૨૪ મહિના). ટેન્ડર ખોલવામાં આવશે તે ઓફિસનું સરનામું: Sr. CDO (ICD)-IND-કોચિંગ ડેપો ઈન્દોર, પત્થર ગોદામ રોડ, ઈન્દોર-૪૫૨૦૦૩. ટેન્ડરની સુપ્રતિ અને ખોલવા માટેની તારીખ & સમય: બંધ થવાની તારીખ: ૧૦.૦૭.૨૦૨૫ના ૧૫.૦૦ ક. ખોલવાની તારીખ: ૧૦.૦૭.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વેબસાઈટ વિગતો & નોટીસ બોર્ડ સ્થળ: ટેન્ડર દસ્તાવેજો GeM - http://gem.gov.in/anyની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરર દ્વારા જરૂરી અન્ય કોઈપણ માહિતી Sr. CDO (ICD)-IND-કોચિંગ ડેપો ઓફિસર, ઈન્દોર/રતલામ ડિવિઝન (પ.રે.)ની ઓફિસમાંથી મેળવી શકાય છે.

SNP-094

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# મહારાષ્ટ્રમાં પાછલે બારણે ત્રીજી ભાષા તરીકે હિન્દીની એન્ટ્રી સામે વિરોધનો વંટોળ

**ધોરણ એકથી પાંચના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા તરીકે હિન્દીને 'સામાન્યપણે' લાગુ કરવાનો જીઆર બહાર પડાયોઃ રાજ ઠાકરેએ રાજ્ય સરકારના નિર્ણય સામે બાંયો ચડાવ્યા બાદ ફડણવીસે કહ્યું એક વધુ ભાષા શીખવામાં વાંધો શું છે?**



પુણેના ચીખલીના સંતપીઠમાં સભાગૃહ અને આર્ટ ગેલેરીના ઉદ્ઘાટન વખતે દેવેન્દ્ર ફડણવીસ.

**અંગ્રેજીની પ્રશંસા કરવી અને ભારતીય ભાષાઓને ધિક્કારવી એ યોગ્ય નથી- દેવેન્દ્ર ફડણવીસ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવાનો મુદ્દો ફરી ગરમાયો છે. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે આપણે બધા અંગ્રેજીની પ્રશંસા કરીએ છીએ અને ભારતીય ભાષાઓને ધિક્કારીએ છીએ, આ યોગ્ય નથી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે પ્રાદેશિક ભાષાની સાથે વધુ એક ભાષા શીખવામાં શું ખોટું છે?

મંગળવારે હિન્દીને ત્રીજી ભાષા તરીકે લાગુ કરતા મહારાષ્ટ્ર સરકારનો જીઆર બહાર પાડવામાં આવ્યા બાદ રાજ્યમાં વિરોધનો વંટોળ ફાટી નીકળ્યા બાદ ફડણવીસને ખુલાસો કરવો પડ્યો છે કે હિન્દી ત્રીજી ભાષા તરીકે ફરજિયાત નથી. વિદ્યાર્થી હિન્દી સિવાયનો વિકલ્પ પસંદ કરી શકે પણ એ ભાષાના વર્ગદીઠ ૨૦ વિદ્યાર્થી હોવા જોઈએ. ફડણવીસે બુધવારે પુણેમાં કહ્યું હતું કે, 'મેં રાજ ઠાકરે સાથે વાત કરી છે. તેમણે કહ્યું હતું કે ફક્ત બે ભાષાઓ હોવી જોઈએ અને ત્રીજી ભાષા લાદવી નહીં.

મેં તેમને કહ્યું કે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં યોગ્ય (જુઓ પાનું ૪) ▶▶



## બીએમસી ચૂંટણીમાં આદિત્ય ઠાકરે v/s શ્રીકાંત શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી આગામી થોડા સમયમાં યોજાવાની શક્યતા છે ત્યારે રાજકીય વર્તુળોમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. મહાવિકાસ આઘાડી અને મહાયુતિના ઘટક પક્ષોએ હવે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ચૂંટણીમાં, બધાનું ધ્યાન મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ પર છે. બીએમસીમાં કોનો ઝંડો ફરકશે? મહાયુતિ કે મહાવિકાસ આઘાડી? તે જોવું મહત્ત્વપૂર્ણ રહેશે. આ બધા વચ્ચે એવું જાણવા મળ્યું છે કે મુંબઈ મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં આદિત્ય ઠાકરે વિરુદ્ધ શ્રીકાંત શિંદેનો જંગ જોવા મળશે.

જે માહિતી બહાર આવી છે તે મુજબ શિવસેનાના નેતા અને સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વ અને આયોજન હેઠળ શિવસેના શિંદે જૂથ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડશે. નાયબ (જુઓ પાનું ૪) ▶▶



## મનસે સાથે યુતિ કરવી જોઈએ? ઉદ્ધવ ઠાકરેનો નગરસેવકોને સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટે રાજકીય ધમાલ ચાલી રહી છે. આ દરમિયાન મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના યુબીટીના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે પણ સતત બેઠકો કરી રહ્યા છે. તેમણે બુધવારે પાર્ટીના ભૂતપૂર્વ કોર્પોરેટરો સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન, તેમણે નેતાઓને પૂછ્યું કે મનસે સાથે ગઠબંધન (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ-પુણે એક્સપ્રેસવેની ટનલમાં પોલીસનાં વાહનોની વિચિત્ર અથડામણ

**૧૬૦ બાંગ્લાદેશીને પ્રત્યર્પણ માટે મુંબઈ પોલીસનો કાફલો લઈ જતો હતોઃ ૧૯ પોલીસ, ૧૨ બાંગ્લાદેશી જખમી**

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ બાંગ્લાદેશી નાગરિકોના પ્રત્યર્પણની પ્રક્રિયા માટે પુણે જઈ રહેલા પોલીસ કાફલાના વાહનોને રાયગડ જિલ્લાના ભાતાન ટનલમાં વિચિત્ર અકસ્માત નડ્યો હતો. એક વાહનના ડ્રાઈવરે અચાનક મારેલી બ્રેકને કારણે પોલીસનાં વાહનો એકબીજા સાથે અથડાયાં હતાં, જેમાં ૧૯ પોલીસ કર્મચારી અને ૧૨ બાંગ્લાદેશી જખમી થયા હતા. ૧૬૦ બાંગ્લાદેશીઓને લઈ જતા કાફલામાં મુંબઈ અને નવી મુંબઈ પોલીસનાં વાહનો હોવાનું જાણવા મળ્યું હતું.

રાયગડનાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ આંચલ દલાલે જણાવ્યું હતું કે ઘટના મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર રસાયણી નજીકના ભાતાન ટનલમાં બુધવારની સવારે ૭.૪૫ વાગ્યાની આસપાસ બની હતી. અકસ્માતમાં ઘવાયેલાઓને સારવાર માટે નવી મુંબઈની એમજીએમ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જેમાંથી મુંબઈ પોલીસના પ્રૉટેક્શન બ્રાન્ચમાં ફરજ બજાવતા વિજય માનેની હાલત ગંભીર (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL** rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**